# ॥ અધ્યાય ૫૧ ॥

## ભકત ત્રય વૃત્ત કથનમ્

*(ત્રણ ભકતોની કથા કહેવી)*

**શ્રી ગણેશજીને વંદન, શ્રી સરસ્વતીને વંદન, શ્રી ગુરુ મહારાજને વંદન, શ્રી કુળદેવતાને વંદન, શ્રી સીતામાતા અને શ્રી રામચંદ્રજીને વંદન અને શ્રી સદ્ગુરુ સાઇનાથ મહારાજને વંદન.**

ભકતોના આધાર એવા અને ગીતાનો અર્થ સ્પષ્ટ કરીને કહેનારા તથા દરેક પ્રકારની મનોકામનાઓ પૂર્ણ કરનારા સર્વ સિદ્ધિઓના દાતા ગુરુ શ્રેષ્ઠ શ્રી સાઇનાથ ! મારી ઉપર તારી અસીમ કૃપા ઉતરવા દે. ગરમીથી બચવા માટે મલયપર્વત ઉપર ચંદનનાં વૃક્ષ ઊગે છે, તથા વિશ્વના સહુ લોકોના સુખાર્થે વાદળો પૃથ્વી ઉપર વરસાદ વરસાવે છે, તો વળી દેવોની પૂજા માટે વસંત ઋતુમાં ફૂલોની બહાર ખીલવે છે. તેથી તું સુગંધીત વાતાવરણ કરે છે. તેમ શ્રોતાઓના સમાધાન માટે દષ્ટાંતરૂપી આખ્યાનોનો ઉદય કરે છે. આમ ભકતોના કલ્યાણ માટે પ્રગટેલા શ્રી સાઇચરિત્રને સાંભળવાથી શ્રોતા અને વકતા બંને પવિત્ર અને શુદ્ધ થઇ જાય છે. સાંભળનારના કાન અને ગાનારનું મુખ પવિત્ર થઇ જશે. (ઓ. ૧-૪)

પાછલા અધ્યાયમાં ગીતાના ૪થા અધ્યાયના **'તદ્વિદ્ધિ પ્રણિપાતેન'** આ ૩૪મા શ્લોકનું વર્ણન કરતી વખતે અજ્ઞાન દૂર થતાં જ્ઞાન કેવું આપોઆપ પ્રગટે છે તે કહેવામાં આવ્યું છે. ભગવદ્ગીતાના સમાપ્તિના ૧૮મા અધ્યાયના ૭૨મા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને 'અહીંયા સુધીનું પૂરેપૂરું વર્ણન થયું માટે મોહ દૂર થયો કે ?' આ પ્રશ્ન પૂછ્યો છે, 'જ્ઞાન થયું કે નહીં ?' એવું પૂછયું ન હતું. **કચ્ચિદેતચ્છ્રુતં પાર્થ ત્વયૈકાગ્રેણ ચેતસા । કચ્ચિદજ્ઞાનસંમોહઃ પ્રનષ્ટસ્તે ધનંજયઃ ॥૭૨॥** હે ધનંજય ! તેં આ એક ચિત્તે સાંભળ્યું ને ? તારો અજ્ઞાનરૂપી મોહ પૂર્ણપણે નષ્ટ થયો કે નહીં ? તેવી જ રીતે અર્જુને પણ 'મારો મોહ હવે બિલકુલ દૂર થઇ ગયો છે' એવી કબુલાત કરી છે. 'જ્ઞાનની પ્રાપ્તિ થઇ' એવો જવાબ આપ્યો નથી, પણ 'મોહનો નાશ થયો' એમ કહ્યું છે. **નષ્ટો મોહઃ સ્મૃર્તિલબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત । સ્થિતોઽસ્મિ ગતસંદેહઃ કરિષ્યે વચનં તવ ॥૭૩॥** અર્જુન બોલ્યો, 'હે અચ્યુત તારી કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે, મારા કર્તવ્યનું મને ભાન થયું છે અને મારો સંશય દૂર થતા હું સાવધાન થઇ ગયો છું. હવે તમારા કહ્યા પ્રમાણે હું વર્તીશ અને યુદ્ધ કરીશ.' મોહનું બીજું નામ જ અજ્ઞાન. દેખીતી રીતે જોઇએ તો એ બે શબ્દો છે, પણ અર્થની દૃષ્ટિએ તેમાં જરાય ફરક નથી. ૧૧મા અધ્યાયની શરૂઆતમાં પણ અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને **'યત્ત્વયોક્તં વચસ્તેન મોહોઽયં વિગતો મમ'** તમે જે કાંઇ મને કહ્યું તેનાથી મારો મોહ દૂર થયો છે એવું જ કહ્યું છે. (ઓ. ૫-૯)

હવે આ નવા અધ્યાયપદની શરૂઆતમાં સ્વ. કાકાસાહેબ દીક્ષિતને બાબાએ શિરડી બોલાવીને તેમને કાયમના કેવી રીતે વસાવી લીધા તે આશ્ચર્યકારક ઘટનાની ચર્ચા કરીએ. તેમનો શિરડી સાથેનો ઋણાનુબંધ અને બાબા સાથેનો ગાઢ સંબંધ એ ઘટનાનું નિમિત્ત કેવી રીતે બન્યા તે હવે સાંભળો. કાકાસાહેબ સંબંધિત મોટા ભાગની વાતો લગભગ બધાને ખબર છે. પરંતુ તેઓ પ્રથમ શિરડી કેવી રીતે આવ્યા તે બાબતની જાણ બધાને નથી. પૂર્વ જન્મના કર્મ બળથી પરમેશ્વરની કૃપાદષ્ટિ થાય છે અને તે પછી તેના કારણે જ સદ્ગુરુ સાથે મેળાપ થાય છે. તેથી શિષ્યને આત્માનો અનુભવ થવાથી એક જુદા જ પ્રકારના આનંદથી લાગણી થાય છે. કાકાસાહેબની આ કથાની સાથે આ અધ્યાયમાં

ત્રણ વાતોનું વર્ણન કરીશ અને તેમાંના ત્રણ ભક્તોના પુણ્યકારક યોગો સાંભળીને શ્રોતાઓના મનમાં જરૂર સંતોષ થશે. પરમાર્થ પ્રાપ્ત કરવા માટે બીજા અનેક ઉપાય કરો છતાં સદ્‌ગુરુની કૃપાદષ્ટિ થયા વીના પરમાર્થ સધાતો નથી. આ વિષયને લગતી મધુર વાર્તા સાંભળવાથી શ્રોતાઓના મનના કોડ પૂરા થશે, તેમજ તેમનાં મનમાં પોતાનું કલ્યાણ સાધવા માટેનો મોહ અને નિજીસ્વાર્થ ઉત્પન્ન થતાં તેમાં વધારો થશે. આ અતિશય પવિત્ર અધ્યાય મહારાજના ભક્તોનું સમાધાન કરનારો છે. ભક્તોએ પણ પોતાના હિત ખાતર તેનું એક ચિત્તે શ્રવણ કરવું. સ્વ. હરી સીતારામ દીક્ષિત જે કાકાસાહેબના હુલામણા નામથી પ્રસિદ્ધ હતા તેમને મહારાજના ભક્તો આજે પણ પ્રેમપૂર્વક અને આદરથી યાદ કરી રહ્યા છે. તેમનું પહેલાંના ચરિત્રનું વૃત્તાંત કથા રસિકો અને ભક્તોને આનંદ આપનારું છે. જેને હું ઉત્સુક ભક્તોને સાંભળવા માટે અને તેમના આનંદ માટે રજૂ કરી રહ્યો છું. (ઓ. ૧૦-૨૦)

ઇ.સ. ૧૯૦૯ સુધી જેને 'સાઇ' નામની માહિતી ન હતી તે જ આગળ ઉપર શ્રીસાઇનાથના પરમ અને લાડકા ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા. વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ પૂર્ણ થયા બાદ કેટલાંય વર્ષ પછી એક વખત નાનાસાહેબ ચાંદોરકર લોનાવાલા આવ્યા હતા. દીક્ષિત તેમના જૂના સ્નેહી હતા. ઘણા વર્ષો બાદ એકબીજાની સાથે મુલાકાત થતાં તેઓ, સુખ દુઃખની પરસ્પર વાતો કરવા લાગ્યા. લંડન શહેરમાં ગાડીમાં ચઢતી વખતે પગ લપસી પડવાથી દીક્ષિતના પગને કાયમનો દુઃખાવો થયા કરતો હતો. જેના સેંકડો ઉપાયો કર્યા છતાં તેમાં ફરક પડ્યો ન હતો. વાત વાતમાં સહજ રીતે પેલા દુઃખની વાત નીકળી અને નાનાસાહેબને સાઇનાથ મહારાજની શ્રેષ્ઠતાની યાદ આવી. તેઓએ દીક્ષિતને કહ્યું, 'આ પગની ખોડ સંપૂર્ણપણે સારી થઇ જાય એવું કાંઇ તમે વિચાર્યું છે ? જો વિચાર્યુ હોય તો મારા ગુરુના દર્શને ચાલો.' પછી નાનાએ બાબા વિષે ખાસ નવાઇની અને અગત્યની માહિતી આપી અને તે સર્વોત્તમ સંત શિરોમણીનો મહિમા ખૂબ જ આનંદપૂર્વક દીક્ષિતને કહી સંભળાવ્યો. 'મારો પોતાનો માણસ ગમે તેટલો દૂર સમુદ્રની પેલેપાર હોય તેને હું એક ચકલીની જેમ પગે દોરી બાંધીને મારી પાસે ખેંચી લાવું છું.' આવા સાઇમાલિકનાં કાયમનાં વચનો હતાં. આ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે નાના બોલ્યા, 'આપણે જો બાબાના ના હોઇએ તો તેમને પોતાની તરફ આપણે ખેંચી લેવાનું આકર્ષણ થવાનું જ નથી અને તમને તેમનાં દર્શન થવાં પણ શક્ય નથી. સમર્થનું આ મોટામાં મોટું લક્ષણ છે. તમારું પોતાનું ત્યાં જવું એ જરાપણ શક્ય નથી.' આવું આ સાઇમહારાજાનું વર્ણન સાંભળીને દીક્ષિતના મનને સમાધાન થયું અને ખરા અંતઃકરણથી તેઓએ નાનાને કહ્યું, 'હું બાબાશ્રીનાં દર્શન કરીશ. મારા પગના દુઃખાવાની શી વાત ? આ આખો દેહ નાશવંત છે. આ પગનો દુઃખાવો જેટલો સમય રહેવો હોય એટલો રહેવા દો મને તે બાબતની જરાપણ ફિકર નથી. આપના ગુરુના દર્શને હું અવશ્ય આવીશ પણ ફક્ત શ્રેષ્ઠ મોક્ષના સુખ મેળવવા ખાતર જ. આવા નાનાં મોટાં સુખોની મને કોઇ ઇચ્છા નથી અને તેની હું યાચના પણ કરવાનો નથી. બ્રહ્મ સિવાય ખરું સુખ જ બીજું કોઇ નથી. તે એક જ કિંમતી અને અમુલ્ય સુખ છે. હું જો તમારા ગુરુનો સેવક બનીશ તો તે ફક્ત આ અમુલ્ય સુખ ખાતર જ. છોડ, મારા આ પગ માટેની લંગડાપણાની ફિકર. એની તો મને જરાયે પરવા નથી. પરંતુ મારા આ કમજોર મનને ઉપર ઉઠાવવા માટેની જ મારી પ્રાર્થના રહેશે. અનેક સાધનાઓ કરીને હવે હું થાક્યો છું. પરંતુ મારું આ મન સ્થિર થતું નથી. જો મનને તાબામાં રાખવાનું નક્કી કરું તો તે છટકી જાય છે. મનને વાળીને ગમે તેટલી સાવધાનીથી વર્તું છતાં તે ચંચળતાથી દોડી જાય છે. અને મને તેનું ખૂબ જ આશ્ચર્ય થાય છે. છતાં નાના ! આપના ગુરુનું હું ખરા મનથી દર્શન કરીશ અને મારા આ ચંચળ મનને ખોડ ખાંપણમાંથી ઉગારવા તેમને પ્રાર્થના કરીશ.' (ઓ. ૨૧-૩૮)

આ નાશવંત શરીરના સુખ વિષેની જેને ખાસ પરવા નથી, અને સદાને માટે ટકનાર શ્રેષ્ઠ સુખની જ જેને અભિલાષા છે અને હોંશ છે. તેવા ભક્તોને પરમાર્થના રસ્તે લઇ જવાથી સાઇનાથ મહારાજને ખૂબ જ આનંદ થતો. ધારાસભાની

ચૂંટણીનો આ એક જ વિષય બધાની ચર્ચામાં હતો અને જ્યાં ત્યાં દરેક ઠેકાણે મોટા ભાગના લોકો એ જ કાર્યમાં પરોવાયેલા હતા. કાકાસાહેબ દીક્ષિત પણ પોતાને માટે, પોતાની તરફનો લોકમત મેળવવા માટે મિત્રોની મુલાકાત લેતા હતા. તે કામ માટે એકાએક તેમનું અહમદનગર જવાનું નક્કી થયું. કાકાસાહેબ મિરીકર નામના ત્યાંના એક સરદાર જેમની સાથે દીક્ષિતને ખૂબ જ ઘર જેવો સંબંધ હતો, તેમને ત્યાં દીક્ષિત આનંદપૂર્વક ઉતર્યા. તે સમયે અહમદનગર મુકામે થનારા ઘોડાઓના પ્રદર્શનના કામે ત્યાં અનેક પ્રકારના લોકો દૂરદૂરથી ભેગા થયા હતા. કોપરગાંવના મામલતદાર બાળાસાહેબ મિરીકર પણ તે પ્રદર્શન ખાતર અહમદનગર શહેરમાં હાજર હતા. જે કામ માટે દીક્ષિત આવ્યા હતા તે બધુ પતી ગયું અને તેમના મનમાં ઘૂમવા લાગ્યા. ત્યાંનો કાર્યભાર સમેટાઇ જવાથી તેમની આંખો સામે શિરડીની વાટ દેખાવા લાગી. સાઇનાથ સમર્થના દર્શનનો યોગ આવવો જોઇએ તે એક જ ધૂન તેમના મન પર સવાર થઇ ગઇ. મારી સાથે કોણ આવશે ? બાબાની પાસે મને કોણ લઇ જશે ? કોણ ઓળખાણ આપશે ? અને તેમનાં ચરણોમાં બેસવાનો મને કોણ લાભ અપાવશે વગેરે ચિંતામાં તેઓ પડ્યા. ચૂંટણી પ્રચારનું કામ પૂરું થઇ જતાં શિરડી કેવી રીતે પહોંચવું તેની ફિકર દીક્ષિતને થવા લાગી અને તે માટે તેઓ મિરીકરને ઉત્સાહપૂર્વક વિનંતી કરવા લાગ્યા. કાકાસાહેબ મિરીકર અને તેમના સુપુત્ર બાળાસાહેબ તે બંને દીક્ષિતની સાથે કોણે જવું તે બાબતની પરસ્પર ચર્ચા કરવા લાગ્યા. બંનેમાંથી કોઇ એક પણ તેમની સાથે જાય તો પછી બીજા કોઇની સંગત કે સોબતની જરૂર રહેતી ન હતી, છતાં બેમાંથી કોણે તેમની સાથે જવું તે વિષે અગત્યનો વિચાર ચાલ્યો. (ઓ. ૩૯-૫૦)

માણસ ધારે છે કંઇ અને ઇશ્વર કરે છે કંઇ. દીક્ષિતની શિરડી જવા માટેની કંઇક અલગ જ અને ન ધારેલી એક ઘટના ઉદ્દભવી. અહીંયા દીક્ષિતને તાલાવેલીલાગી હતી અને બીજી બાજુએ પોતાના ભકતની આવી પ્રબળ ઇચ્છા સમજીને સાઇસમર્થ કેવા ચિંતિત થયા તથા તેમણે કેવો યોગ પેદા કર્યો તે જુઓ. દીક્ષિત આમ ચિંતા કરતા હતા. એવામાં માધવરાવ દેશપાંડે જ અહમદનગર આવ્યા. અને બધાને ઘણી જ નવાઇ લાગી. માધવરાવને તેમના સસરાએ અહમદનગરથી તાર કર્યો હતો કે તમારી સાસુની તબિયત જરાયે સારી નથી અને આખરી ઘડી છે. તો સહકુટુંબ તરત જ મળવા માટે આવો. તાર મળતાં જ બાબાશ્રીની આજ્ઞા લઇને પતિ-પત્ની છોકરાંને લઇને ચિંથળી સ્ટેશન પર ગયા. ત્રણ વાગ્યાની ગાડી પકડી અને માધવરાવનું કુટુંબ અહમદનગર પહોંચ્યું. ઘોડાગાડી ઘરઆંગણે જઇને ઊભી રહી અને બધા નીચે ઉતરવા લાગ્યા. એટલામાં દૈવયોગે નાનાસાહેબ પાનસે અને અપ્પાસાહેબ ગદ્રે પ્રદર્શન નિમિત્તે તે જ રસ્તેથી પસાર થતા હતા. અચાનક તેમણે માધવરાવ દેશપાંડેને ઘોડાગાડીમાંથી નીચે ઉતરતા જોયા, અને તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. મનમાં આનંદ સમાય નહીં. તેઓ મનમાં બોલ્યા, 'જુઓ સદ્દભાગ્યે અહીંયા માધવરાવ એટલે શિરડીના પૂજારી આવ્યા છે. હવે તેમના કરતાં તો વધારે સારું કોણ હોઇ શકે, જે દીક્ષિતને શિરડી લઇ જાય ?' પછી તે બંનેએ માધવરાવને બૂમ મારીને કહ્યું, 'મિરીકરને ત્યાં કાકાસાહેબ દીક્ષિત ઉતર્યા છે. ત્યાં જઇને બાબાનો ચમત્કાર જુઓ. દીક્ષિત અમારા એક જૂના અસામાન્ય એવા સ્નેહી છે. તેમની તમારી સાથે ઓળખાણ થશે. કેટલાયે સમયથી તેઓ શિરડી જવા માટે ઉત્સુક છે. તમારા જેવાને મળીને તો તેમને ઘણો જ આનંદ થશે.' આમ માધવરાવને આવો સંદેશો આપીને પાનસે અને ગદ્રેએ આ વાત દીક્ષિતને પણ પહોંચતી કરી, જે સાંભળીને દીક્ષિતે નિરાંતનો શ્વાસ લીધો અને મનની ચિંતા દૂર થવાથી સંતોષ પામ્યા. માધવરાવ સાસરીમાં ગયા અને જોયું તો તેમનાં સાસુની પ્રકૃતિ હવે સુધારા ઉપર હતી. પછી તેઓ ત્યાં થોડા આરામ માટે થોભ્યા હશે, એટલામાં જ મિરીકરને ત્યાંથી શામાને બોલાવવામાં આવ્યા. નમતો પહોર હતો એટલે બોલાવવા આવનારને માન આપીને માધવરાવ દીક્ષિત સાહેબને મળવા માટે ગયા. આ એમની બંનેની સર્વ પ્રથમ જ મુલાકાત હતી. બાળાસાહેબ મિરીકરે તેમની ઓળખાણ કરાવી. પછી બંનેએ રાત્રે દશ વાગ્યાની ગાડીમાં શિરડી પાછા

ફરવાનો કાર્યક્રમ નક્કી કરી દીધો. આ કાર્યક્રમ નક્કી થયા બાદ એક આશ્ચર્યકારક ઘટના બની તે તો જુઓ ! મિરીકરે સાઇસમર્થની છબી ઉપરનો પડદો ખસેડી નાખ્યો. મહારાજના આ છાયાચિત્રની પૂજા તેમનો અસીમ ભક્ત મેઘો કે જે તેમને સાક્ષાત્ ત્રિનેત્ર ભગવાન શંકર જ માનતો હતો, તે ખૂબ પ્રેમથી કરતો હતો. તે છબીનો કાચ ફૂટયો તેથી તેને દુરસ્ત કારણ માટે તેને શિરડીથી બાળાસાહેબ મિરીકર પોતાને સાથે અહમદનગર લાવ્યા હતા. તે જ આ તસ્વીર દુરસ્ત થઇને જાણે કે કેટલાય દિવસોથી દીક્ષિતની રાહ જોતી, મિરીકરના દીવાનખાનામાં કપડાથી ઢાંકેલી પડી રહી હતી. ઘોડાઓનું પ્રદર્શન પૂરું થવા માટે, તેમજ બાળાસાહેબના પાછા જવાના સમયમાં થોડો અવકાશ હતો, માટે આ છબી શિરડી મુકામે પાછી લઇ જવાની જવાબદારીની કામગીરી તેમણે માધવરાવને સુપ્રત કરી. ઉપર ઢાંકેલું કપડું દૂર કરીને છબી ખુલ્લી મૂકીને માધવરાવના હવાલે કરતાં તેઓ બોલ્યા, 'બાબાના સહવાસમાં ઠેઠ શિરડી સુધી ખૂબ સુખેથી જાવ.' તે વખતે આ મનોહર સ્વરૂપ ધરાવતી તસ્વીર પ્રથમ દષ્ટિએ પડતાં, અતિ આનંદિત થયેલા કાકાસાહેબ દીક્ષિત તેને નમસ્કાર કરીને કુતૂહલ અને આનંદથી જોવા લાગ્યા. આ વિચિત્ર ઘટના જોઇને જેની કલ્પના પણ ન હતી, તેવું રમ્ય અને પવિત્ર શ્રીનું છાયાચિત્ર જોઇને કાકા દીક્ષિત છક થઇ ગયા. જેમના દર્શન માટે આવી તીવ્ર ઇચ્છા હતી, તેમની આ મૂર્તિમંત પ્રતિમા રસ્તામાં જ નજરે પડતાં દીક્ષિત આનંદમાં તરબોળ થઇ ગયા. તે છબીનું દુરસ્ત થવા માટે શિરડીમાં આવવું અને કાકાને મિરીકરને ઘેર જવું તથા તે જ સમયે દીક્ષિતનું પણ ત્યાં હોવું. શું આ યોગ વિચિત્ર નથી લાગતો ? દીક્ષિતના મનમાં જેવો ભાવ હતો તેને પૂરો કરવા માટે છબીના રૂપે સાઇસમર્થ જાણે કે મિરીકરીના ઘરે આવ્યા હતા. લોનાવાલામાં નાની સાથે જ મુલાકાત થઇ અને એમને ત્યાંજ એમની સાથે બાબા વિષે જે વાર્તાલાપ થયો, તે સમયથી જ સાઇ સદ્‌ગુરુના આકર્ષણના અને એમની સાથેના મેળાપનાં બીજ રોપાઇ ગયાં હતાં. નહીં તો પછી શિરડીથી એ છબી આ જ સમયે અહીંયા કેવી રીતે આવી ? અને આટલો સમય આ ઠેકાણે એ ઢાંકાયેલી દશામાં શા માટે રહી ? (ઓ. ૫૧-૭૮)

આવું નક્કી થતાં તે છબી જોડે લઇને માધવરાવ દીક્ષિત આનંદભેર શિરડી જવા માટે નીકળ્યા. જમ્યા બાદ તેઓ બંને રાત્રે સ્ટેશન પર ગયા, અને બીજા વર્ગનું ભાડું ખર્ચીને ટિકિટો લીધી. બરાબર દશના ડંકા કાન ઉપર પડતાં જ આગગાડીનો અવાજ સંભળાવવા લાગ્યો. આગગાડી સ્ટેશન પર આવીને ઊભી રહેતાં, બીજા વર્ગનો ડબ્બો ચિક્કાર ગિરદીથી ઠસોઠસ ભરેલો નજરે પડયો. આવું જોઇને બંનેને ચિંતા થઇ કે હવે સમય ઓછો છે. તો શી સગવડ કરવી ? આ ગિરદી જોઇને પાછા ફરવું અને શિરડી જવા માટે બીજા દિવસે નીકળીએ એવો પણ એમણે વિચાર કર્યો. એટલામાં એ ગાડીનો ગાર્ડ દીક્ષિતનો ઓળખીતો નીકળ્યો અને તેમણે આ લોકોની પહેલા વર્ગમાં આરામથી બેસીને જવાની વ્યવસ્થા કરી આપી. પછી ગાડીમાં બરાબર જગ્યા મળતાં તેઓ ગોઠવાઇ ગયા અને મનભરીને બાબાશ્રી વિષે વાતો શરૂ થઇ. માધવરાવ કથારૂપી અમૃત કહેવા લાગ્યા અને દીક્ષિતનું મન પણ આનંદથી ભરાઇ આવ્યું. આમ આવા સારા સહવાસના કારણે પ્રવાસમાં સમય જલ્દી પસાર થઇ ગયો અને ગાડી કોપરગાંવ સ્ટેશને આવી પહોંચી. બંને ખૂબ આનંદથી નીચે ઉતર્યા. એટલામાં નાનાસાહેબ ચાંદોરકરને પણ સ્ટેશન ઉપર ત્યાં અચાનક જોઇને દીક્ષિત વધુ ઉત્સાહિત થયા અને એકબીજાને ભેટી પડયા. નાનાસાહેબ પણ સાઇબાબાનાં દર્શન માટે શિરડી જવા જ આવ્યા હતા. આમ અચાનક અકલ્પિત યોગ જોઇને ત્રણે જણને ઘણું જ આશ્ચર્ય થયું. ત્યારબાદ તેઓ ત્રણે જણ ટાંગો કરીને વાતો કરતાં કરતાં ગોદાવરી નદી પાસે આવી પહોંચ્યા, ત્યાં સ્નાન કરીને શિરડી આવી પહોંચ્યા. શિરડીમાં મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થતાં જ દીક્ષિતનું મન પીગળી ગયું અને આંખો ભરાઇ આવી તથા આત્માની જાણકારી થયાનું આનંદરૂપી પાણી આંખોમાંથી છલકાવા લાગ્યું. ત્યારે સમર્થે તેમને ચોખ્ખું કહી દીધું. 'મેં પણ તારી જ રાહ જોઇને શામાને માધવરાવને તારી સાથે મુલાકાત ગોઠવી અપાવવા માટે ઠેઠ અહમદનગર સુધી મોકલ્યો હતો.' સંતો પોતાના ખાસ ભક્તોની આતુરતાથી રાહ

જોતા હોય છે. નાનાસાહેબ ચાંદોરકર અહમદનગરના કલેક્ટરના ચિટનીસ હતા, તે સમયે શિરડીના અપ્પા કુલકર્ણી સાથે સાઇબાબાએ એક વખત નહીં પણ ત્રણ ત્રણ વાર મળી જવા માટે સંદેશો મોકલ્યો હતો. શ્રીરામકૃષ્ણ પરમહંસને જ્યારે નરેન્દ્રનાથ પ્રથમ વખત મળવા ગયા હતા ત્યારે શ્રી પરમહંસની આંખોમાંથી પણ અશ્રુ વહ્યા હતા. અને તેઓ બોલ્યા હતા, 'તારી તો હું ખૂબ દિવસોથી રાહ જોઇ રહ્યો છું. બાબાની વાત સાંભળીને તો દીક્ષિતનાં રોમેરોમ ખીલી ઉઠયાં. મનોવિકારના અતિરેકથી ગળું ભરાઇ આવ્યું મન સુખથી પરિપૂર્ણ થઇ ગયું અને શરીરે પરસેવો વળવા માંડયો. શરીર કાંપવા માંડ્યું તથા ચિત્ત અને વૃત્તિ આનંદમાં મગ્ન થઇ ગયાં તથા આંખો આનંદમાં આવી જઇને અર્ધ ખુલ્લી રહી ગઇ. આજે મારો જન્મ સફળ થયો, દર્શન સફળ થયાં એમ કહીને દીક્ષિતને સાઇનાથ મહારાજનાં ચરણો પકડી લીધાં. મનમાં ખૂબ જ મોટી ધન્યતાનો અનુભવ થયો અને તે સમયે તેમનો આનંદ સમગ્ર ગગનમાં પણ ન સમાય તેટલો વધી ગયો હતો. પછી આગળ વર્ષોનાં વર્ષો વીત્યાં શ્રીનાં ચરણોમાં નિષ્ઠા દૃઢ થઇ ગઇ. મહારાજની સંપૂર્ણ કૃપા પ્રાપ્ત કરી. અને દીક્ષિતે પોતાનો આ દેહ તેમની સેવામાં સમર્પણ કર્યો. દરેક પ્રકારે સારી સેવા આપવા માટે તેમણે વાડો પણ બંધાવ્યો. શિરડીમાં વારંવાર આવીને મુકામ પણ કર્યો અને મહારાજનો મહિમા પુષ્કળ વધાર્યો. સારાંશ એટલો કે મહારાજ પોતાના ભક્તો માટે એક વિસામાનું સ્થાન હતા. એમને તેઓ અત્યંત સુખી કરતા હતા. એ તો આજે પણ બાબાની સમાધિના ૮૩ વર્ષ પછી પણ ભક્તોને અનુભવવા મળે છે. શિરડી જવા માટે અને બાબાની સમાધિનાં દર્શન કરવા માટે ખૂબ અડચણ ઊભી થાય છે, પણ તે તેમની જ કૃપાથી ન વિચારતાં આપોઆપ દૂર થઇ જાય છે. આવા ભક્તોના અનેક અનુભવો 'શ્રી સાઇલીલા' માસિકમાં વારંવાર વાંચવા મળે છે.' (ઓ. ૭૯-૯૭)

ચંદ્રને માટે જેમ ચકોર પક્ષીઓ ઘણા હોય છે, પરંતુ ચકોર પક્ષીઓને ચંદ્ર જે તારાઓનો સ્વામી છે તે એક જ છે. તે જ પ્રમાણે એક માતાને બાળકો તો ઘણાં જ હોય છે. છતાં તે બધાં બાળકોની માતા તો એક જ હોય છે. સૂર્યને પામવા ઇચ્છતી જેમ કૌમુદિની તો અસંખ્ય છે, પરંતુ કૌમુદિ માટે દિવાકર-સૂર્ય એક જ છે. તે જ આ પ્રમાણે બાબા તારા ભક્તો અસંખ્ય છે, પણ એમને માટે, ગુરુ શ્રેષ્ઠ પિતા સમાન તું એકલો જ છે. મેઘની આતુરતાથી રાહ જોનાર ચાતક પક્ષી તો ઘણાંય હોય છે, પણ તેમને માટે મેઘ તો એક જ છે. તેવી જ રીતે સાઇસમર્થના ભક્તો તો અનેક છે, પણ એમને માટે મહારાજ, જનક અને જનની રૂપે તો એકલા જ છે. તેમને જે કોઇ સદ્‌ભાવનાથી સહજ રીતે શરણે જાય છે, તેમની લાજ રાખીને ખૂબ જ પ્રેમથી તેમનાં કાર્યોને તેઓ સિદ્ધિ અપાવે છે. તે વાતનો પુરાવો તેમના નિર્વાણ બાદ આજદીન સુધી અનુભવાયો છે. આ જગતમાં જે પણ કંઇ જીવંત છે, એનો છેલ્લે અંત અથવા તો મૃત્યુ નક્કી જ હોય છે. પરંતુ સાઇમહારાજે દીક્ષિતને, 'હું તો તને વિમાનમાં લઇ જઇશ' તેવો દિલાસો આપ્યો હતો. જેવું સાઇમાલિકે તેમને વચન આપ્યું હતું, બરાબર તે જ પ્રમાણે મુખેથી સાઇના ગુણગાન ગાતાંગાતાં કાકાસાહેબ દીક્ષિતને મૃત્યુ આવ્યું હતું. જેનો હું આંખે દેખ્યો સાક્ષી છું. આગગાડીમાં એક બાંકડા ઉપર અમે બેઠા હતા અને એકબીજાની સાથે સાઇસમર્થની વાતોમાં અને તેમના વિષયોમાં મગ્ન હતા, તે સમયે એક જ ઝટકામાં જાણે કે, તેઓ વિમાનમાં ચઢયા. દીક્ષિતે એકાએક સમય સાચવી લીધો. તેમણે મારા જ ખભા ઉપર ગર્દન ઢાળી દઇને કલ્પનામાં પણ ન આવે તે રીતે પુષ્પક વિમાન સર કરી લીધું અને અમર્યાદ અને સાશ્વત સુખ માટે તેઓ નીકળી ગયા. નહિ કોઇ આંકડી, કે નહિ કોઇ પીડા, નહિ કોઇ છાતીમાં દુ:ખાવો કે નહિ કોઇ આકળ વિકળ થયું. હસતા, બોલતા-ચાલતા બધાની સામે સૌનાં દેખતાં જ તેમના શરીરનું હલન ચલન એકાએક બંધ પડી ગયું હતું. આ પ્રકારે મનુષ્યત્વની ભૂમિકા તેમણે એક જ ક્ષણમાં છોડી દીધી. પોતાના જ આત્મામાં પોતાની પ્રાણજ્યોત ભેળવી દીધી. વિમાન માર્ગે એટલે કે એક પળમાં એક ઝટકામાં સ્વસ્વરૂપી તે સ્થિતિ પ્રાપ્ત કરી અને પોતાની આત્મજ્યોત બ્રહ્મજ્યોતિમાં વિલીન કરી નાખી. મૃત્યુના સમયે દીક્ષિતનું સાઇ ચરણોમાં સંપૂર્ણ

ધ્યાન લાગેલું હોવાને કારણે તેમનું દેહાભિમાન પૂર્ણપણે ગળી ગયું હતું. વૃત્તિ સમાધાન પામી હતી. તેને માટે એમ પણ કહી શકાય કે તેમનો દેહ પૂર્ણપણે કૃષ્ણાર્પણ થયો. શકે ૧૮૪૮ જેઠ વદ એકાદશીના દિવસે, તા. ૫-૩-૧૯૨૬ના રોજ પોતાની કર્મભૂમિનો ત્યાગ કરીને દીક્ષિત બ્રહ્મપદને પામ્યા. પરમાત્માના સ્વરૂપમાં લીન થઇ ગયા. આમ એકદાશી જેવા પુણ્યશાળી દિવસે મૃત્યુ આવવું મોટું ભાગ્ય ગણાય છે. તેમજ એ જીવને સદ્‌ગતિ પ્રાપ્ત થતી હોય છે એવું કહેવામાં આવે છે. બાબાના પરમ ભક્ત મ્હાળસાપતિનું પણ દેહાવસાન શકે ૧૮૪૪ એટલે કે ઇ.સ. ૧૯૨૨માં એકદાશીને દિવસે જ થયું હતું. કાકાસાહેબના મૃત્યુટાણે વિમાન આવ્યું એવું જ ગણાય, પરંતુ તેઓ સાઇચરણોમાં વિલીન થઇ ગયા, તે વાત કોઇ પણ માનશે. (ઓ. ૯૮-૧૧૦)

દીક્ષિતનું એકાદશીને દિવસે આગગાડીમાં બાબાની જ વાતોમાં રંગાયેલી દશામાં એકાએક થયેલું મરણ એટલે જાણે કે તેમને માટે સાઇનાથે વિમાન મોકલી આપ્યું હતું. તે બાબતનું વિસ્તારપૂર્વક સુંદર વર્ણન પરમ પૂજ્ય સ્વ. નરસિંહ સ્વામીજીએ પોતાના 'LIFE OF SAI BABA' નામના અંગ્રેજી ગ્રંથના બીજા ભાગમાં 'KAKA'S DEATH AND SADGATI' આ શીર્ષક નીચે કર્યું છે. એનું ગુજરાતીમાં રૂપાંતર વાંચકોને જરૂરથી ગમશે અને ઉદ્‌બોધક લાગશે. માટે નીચે આપી રહ્યો છું.

'ભક્તોના જીવનને યોગ્ય ગતિ આપતી વખતે ભક્તોની તે વિષેની ભાવનાઓના વિશેષ કરીને, જો તે શાસ્ત્રની અને સામાજિક પ્રથાને ધરીને બેઠા હોય તો તેનો વિચાર ભક્તોના સમાધાન ખાતર શ્રીસાઇબાબા સહજપણે કરતા હતા. એકદાશીને દિવસે મૃત્યુ થતાં મનુષ્ય સ્વર્ગમાં જાય છે એવી એક સાધારણ સમજ છે. કાકાસાહેબની પણ એવી જ શ્રદ્ધા હતી. શ્રીસાઇ સત ચરિત્ર માટે લખેલા ઉપોદ્ધતામાં તેમણે એવો ઉલ્લેખ પણ કર્યો છે. તેમાંથી કાશીરામ શિંપી અને ભગત મ્હાળસાપતિને એકાદશીને દિવસે મરણ પામતાં તેમણે જોયા હતા. ત્યારે પોતાને પણ સદ્‌ગુરુએ એવું જ એકાદશીને દિવસે મરણ આપવું એવી કાકાની ઇચ્છા હોવી જોઇએ.'

મરણના આગલે દિવસે તા. ૪-૭-૧૯૨૬ના રોજ રાત્રે નિત્ય નિયમો પ્રમાણે એકનાથ મહારાજના ભાવાર્થ રામાયણના વાંચનમાં સુંદરકાંડ ૨૧મા અધ્યાયની **'ગજેન્દ્રમોક્ષ'**ની કથા વાંચવામાં આવી હતી. પછી ઊંઘમાં સ્વપ્નું આવ્યું હતું. જેમાં તેમણે અણ્ણાસાહેબ દાભોલકરને સાઇબાબાની મજબૂત બાથ ભીંડિલી સ્થિતિમાં જોયા હતા. આ સ્વપ્ન વિષે તેમણે બીજા દિવસે અણ્ણાસાહેબને, માધવરાવ-શામાને અને અન્ય ભક્તોને પણ કહ્યું હતું.

બીજું એટલે કે મરણના દિવસે સવારના એકનાથી ભાગવતનું પારાયણ કરતી વખતે પણ તેમણે ૧૫મા અધ્યાયના અષ્ટસિદ્ધિમાંનો **'પરકાયા પ્રવેશ'**નો શ્લોક અને તે ઉપરનું એકનાથ મહારાજનું સુંદર વિવેચન ખૂબ જ પ્રેમથી વાંચ્યું હતું.

જાણે કે થોડા જ સમયમાં આ દેહ છોડીને બીજા વધારે ઉત્તમ દેહમાં પ્રવેશ કેવી રીતે કરવો, તેની બાબાશ્રીએ કાકાને પહેલેથી જ શિખામણ આપી દીધી હતી.

૫ જુલાઇ ૧૯૨૬ના રોજ એકાદશીના દિવસે કાકાસાહેબ વિર્લેપાર્લેથી મુંબઇ ડૉ. દેશમુખના દવાખાનામાં પોતાના માંદા પુત્ર રામકૃષ્ણને જોવા માટે નીકળ્યા હતા. સાથે અણ્ણાસાહેબ દાભોળકર પણ પોતાને ઘેર વાંદરા ખાતે જવા માટે નીકળ્યા. તે પહેલાં કાકાસાહેબની સાથે એમના બંગલા પર અણ્ણાસાહેબે ભજન કરવામાં અને પોથી સાંભળવામાં સારો એવો સમય આનંદમાં પસાર કર્યો હતો. આ બંને અને રઘુનાથ તેંડુલકર આમ ત્રણે સ્ટેશન ઉપર આવ્યા ત્યારે ગાડી આવવાનો રોજનો સમય તો પસાર થઇ ગયો હતો. પણ પ્લેટફોર્મ પર પહોંચ્યા. પછી તેમને ખબર પડી હતી કે, ગાડી હજુ સુધી આવી જ ન હતી, તેથી તેમને ગાડી પકડતાં ફાવ્યું. તેઓ સૌ ગાડીમાં બેઠા અને કાકાસાહેબના મુખમાંથી શબ્દો સરી પડ્યા, 'અણ્ણાસાહેબ જુઓ બાબા કેટલા દયાળુ છે ? તેમણે આપણે આ ગાડી એક ક્ષણમાં મેળવી આપી. આપણે

સૌને તેની જરીવાર પણ રાહ જોવી પડી નહીં.' પછી ખિસ્સામાંથી રેલ્વેનું સમયપત્રક કાઢીને તે જોતાં બોલ્યા, 'બાબાએ ગાડીને મોડી પાડી માટે આપણે તેને મેળવી શકયા. નહીં તો હતાશ થઇને આપણે પાર્લામાં જ રાહ જોતાં બેસી રહેવું પડત. ખરેખર સાઇબાબાની જ આ કૃપા છે !' આ પ્રકારે અણ્ણાસાહેબ સામે બેઠા હતા ત્યારે કાકાસાહેબને સાઇમહારાજની પ્રેમાળ કૃપાઓની યાદ આવી, અને તરત જ જાણે આંખ મિંચાઇ જતી હોય તેવા દેખાયા. દાભોલકરને હેમાડપંતને લાગ્યું કે, તેમને ઝોંકુ આવી ગયું માટે તેઓ ઉઠીને તેમની પાસે ગયા અને તેમનું માથું પકડીને તેમને પૂછવા લાગ્યા, 'અરે, તમને ઉંઘ આવી ગઇ કે શું ?' પણ કંઇ જવાબ મળ્યો નહીં. દાભોલકરને બીક લાગી કે કદાચ કાકાસાહેબ દીક્ષિત બેભાન થઇ ગયા હશે માટે તેમણે કાકાસાહેબને નીચે સુવડાવ્યા અને ત્યારે કાકાસાહેબની ગંભીર અવસ્થાનો તેમના મનમાં ખ્યાલ આવ્યો. ગાડી એકદમ ઝડપથી સ્ટેશનો છોડતી જતી હતી. અણ્ણાસાહેબે તેંડુલકરને આ ખબર ગાર્ડને આપવા માટે કહ્યું જેથી તે કાકાસાહેબના દેહને ડબ્બામાંથી નીચે ઉતારવાની વ્યવસ્થા કરાવી શકે. પરંતુ ગિરદી એટલી બધી હતી અને વરસાદ પણ મુશળધાર વરસી રહ્યો હતો કે વાંદરા સ્ટેશન પર તેમને આમ કરવાનું ફાવ્યું નહીં. છેવટે માહીમ સ્ટેશન ઉપર તેઓ ઉતર્યા અને ગાર્ડને સંદેશો આપ્યો. ગાર્ડે ફોન કરીને પરેલ સ્ટેશને ડૉક્ટર તથા સ્ટ્રેચરની સગવડ કરાવી અને ત્યાં કાકાસાહેબનો પાર્થિવ દેહ ગાડીના ડબ્બામાંથી નીચે ઉતારવામાં આવ્યો. ડૉક્ટરે તપાસીને મૃત્યુ પામ્યાની જાણ કરી. એકાએક આમ જાહેરમાં મૃત્યુ થવાની પંચનામું કરવા જેવા પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે પરંતુ સદ્‌ભાગ્યે ડૉક્ટર પાસેથી મૃત્યુ નોંધનો દાખલો તરત જ ત્યાંને ત્યાં જ મળી જતાં મૃત શરીર અણ્ણાસાહેબને સુપ્રત કરી દેવામાં આવ્યું.

આવા ઉપકારોથી મુકત થવું એવી જેની ભાવના હોય તેને અભકત સમજવો કારણ કે જગતમાં દેખાનારી વસ્તુ આપવાથી ઉપકારનો બદલો સ્વપ્નમાં પણ વાળી શકાતો નથી એ ધ્યાનમાં રાખો. ચિંતામણિ પણ આપીને જોશો તો દરરોજની ચિંતા વધારી લેશો. આમ સમજીને અચિંત્ય વસ્તુ આપનારાના ઉપકારોનો બદલો વાળતાં ફાવશે એવી સમજને બાળકબુદ્ધિ ગણી શકાય. હવે ગુરુ કલ્પતરુ અર્પણ કરી જશો તો ગુરુ જાતે જ નિર્વિકલ્પ વસ્તુ આપવામાં કુશળ છે. તો પછી તેને કારણે ઋણમુકત થઇ શકાશે ખરું ? હવે તેને બદલે જો ગુરુને જ પારસમણિ આપવા જશો, તો પારસ લોખંડનું સરસ ચોખ્ખું સોનું કરશે. જ્યારે ગુરુ તો બ્રહ્મરસ પીવડાવશે અર્થાત્ બ્રહ્માનંદનો સ્વાદ ચખાડશે. ગુરુને જો કામધેનું અર્પણ કરવામાં આવે તો ગુરુએ કરેલા ઉપકારોમાંથી મુકત થયેલા માણસો તેનો બદલો ચૂકવવા કરતાં તો અત્યંત કષ્ટ વધારી દેશે. કોઇ પણ જાતની અપેક્ષા ન રાખનારા નિષ્કામ ગુરુ જાતે કોઇ પણ પ્રકારના કષ્ટ અને ત્રાસ વીનાની વસ્તુઓ જ આપે છે. ગુરુ દાની હોય છે. અખિલ બ્રહ્માંડની સંપત્તિ અર્પણ કરીને જેઓ ગુરુના ઉપકાર વાળવાની ઇચ્છા કરે છે તે માયાથી રચેલી ખોટી વસ્તુ માયાએ ન રચેલી સાચી વસ્તુ છે તે સમજીને આપવા ખાતર જ આપે છે, તેથી શું તેઓ ઉપકારોથી મુકત થઇ ગયા ? પોતાના દેહને ગુરુ ઉપર ઓળઘોળ કરી નાખવો જોઇએ કારણ તે નશ્વર છે. સદ્‌ગુરુ તો સત્ય વસ્તુનો દાતા છે. તેને ખોટી વસ્તુ અર્પણ કરીને તે આપનારો ઉપકારનો બદલો વાળી શકે છે તે વાત કયારેય શકય નથી. માટે સંપૂર્ણ શ્રદ્ધાથી દંડવત્ પ્રણામ કરીને અને સાથે સાથે સદ્‌ગુરુના ઉપકારો યાદ કરીને તેમનાં ચરણોમાં મસ્તક મૂકીને સંપૂર્ણ સમર્પણમાં જ ફાયદો છે. ગુરુના ઉપકારની યાદ મનમાં સતત રાખવી તે જ શિષ્યોનું ભૂષણ છે. એમાંથી જે શિષ્યો મુકત અને સ્વચ્છંદી થવા માંગતા હોય છે, તેઓ આખરે આત્મસુખ ગુમાવી બેસે છે. તેમનું આત્મસુખ છીનવાઇ જાય છે. (ઓ. ૧૧૧-૧૨૦)

આટલી કથા સાંભળ્યા પછી શ્રોતાઓની તૃષ્ણા વધી અને તેમની આવી ઉત્સુકતા જોઇને હું એક નાની સરખી બીજી વાર્તા કહી રહ્યો છું. સંસારી માણસોની માફક સંત પણ પોતાનો બંધુ પ્રેમ વ્યકત કરે છે અથવા તો લોકોને ભેગા કરવા માટે સક્ષમ છે તેનું રહસ્ય પણ જણાવે છે. સાઇ પોતે ભકતોનું કલ્યાણ કરવા માટે જાતજાતની ભૂમિકાઓનું જાતે જ રૂપ ધારણ

કરીને નાટકીયરૂપે પરમાર્થનું શિક્ષણ આપતા હતા. આ સંબંધની એક સંક્ષિપ્ત વાર્તા શ્રોતાઓએ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળાવી જેથી સંતોને કાંઇ ન કહેતાં કે સવરતા બીજા સંતોની યોજનાઓ કે લક્ષણો કેવી રીતે સમજાતાં તે સમજાવશે. એક સમયે આંધ્ર પ્રદેશમાં ગોદાવરી નદીને કાંઠે પ્રસિદ્ધ રાજ મહેન્દ્ર શહેરમાં 'સરસ્વતી' પદ ધારણ કરનારા 'શ્રી વાસુદેવાનંદ સ્વામીની' સવારી આવી પહોંચી. તે શ્રેષ્ઠ અને પ્રખર દત્ત ભક્ત શ્રી ટેંબે સ્વામીનાં નામથી પણ ઓળખાતા હતા. તેમનો જન્મ ૧૮૫૫ની સાલમાં માણગાંવ સાવંતમાવડીમાં થયેલો. સમાધિ ઇ.સ. ૧૯૧૪ની સાલમાં ગુજરાતમાં નર્મદા કાંઠે ગરુડેશ્વર મુકામે લીધેલી. ત્યાં તેમનું સમાધિ સ્થાન આવેલું છે. એ મહાન અંતર્જ્ઞાની હતા. કર્મ માર્ગના તેઓ કટ્ટરપંથી અને અભિમાની હતી. એમની કીર્તિરૂપી ગંગા પૃથ્વીરૂપી પીઠ પર યશસ્વી થઇને ગાજી રહી હતી. કાનોકાન વાતો સાંભળીને નાંદેડ શહેરના પુંડલીકરાવ વગેરે ભાવીકજનોએ તેમનાં દર્શન કરવા માટેનો કાર્યક્રમ નક્કી કર્યો. તે સર્વે રાજ મહેન્દ્ર શહેર આવી પહોંચ્યા અને વહેલી સવારે ગોદાવરીના કાંઠે સ્વામીજીના દર્શને જવા માટે તૈયાર થયા. તે મળસ્કાનો સમય હતો. સમસ્ત નાંદેડનાં ભક્તજનો મુખેથી સ્તોત્ર પાઠ કરતા કરતા ગોદાવરી નદી તરફ જવા લાગ્યા. તે સમયે સ્વામીજીને ત્યાંજ ઊભેલા જોઇને બધા જ સદસ્યોએ તેમને સદ્ભાવથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. બસ આમ જ સાધારણ કુશળ મંગલની વાતો ચાલતી હતી ત્યારે તેમાં શિરડીની વાત નીકળી. સાઇનાથ મહારાજનું નામ કાને પડતાં જ સ્વામીજીએ બે હાથ જોડીને નમસ્કાર કર્યા અને બોલ્યા, 'અમાર તો તેઓ નિષ્કામ બંધુ છે. અમને તેમને માટે અસિમ પ્રેમ છે.' પછી ત્યાંથી એક શ્રીફળ ઉંચકીને પુંડલીકરાવને આપીને કહ્યું કે, 'તમે જ્યારે શિરડી પહોંચો ત્યારે અમારા બંધુનાં ચરણ કમળનાં વંદન કરીને આ શ્રીફળ શ્રી સાઇબાબાને અર્પણ કરજો.' 'અમારા નમસ્કાર કહેજો અને સાથે સાથે કહેજો કે આ ગરીબ ઉપર તેમની કૃપા રહેવા દે અને અમને વિસરે નહિ. અમારી ઉપરનો પ્રેમ સતત વધવા દે. તમે શિરડી પહોંચો કે ખાસ યાદ કરીને મારા બંધુને આ શ્રીફળ આદરપૂર્વક અર્પણ કરજો. અમે સંન્યાસીઓ કોઇને 'નમસ્કાર' કરતા નથી. એવા અમને બંધનો હોય છે, છતાં એવા નિયમોનું અમુક સમયે અને પ્રસંગે ઉલ્લંઘન કરવું 'કલ્યાણકારક' હોય છે માટે સાઇમહારાજનાં દર્શન કરતી વખતે આ વાતને ભૂલતા નહિ. અને સ્મરણપૂર્વક આ પ્રસાદી સાઇસમર્થનાં ચરણોમાં અર્પણ કરજો.' આવા સ્વામીજીના ઉદ્ગારો સાંભળીને પુંડલીકરાવે તેમનાં ચરણ પકડી લીધાં અને બોલ્યા, 'જેવી સ્વામીની આજ્ઞા. હું જરૂર 'આચરણમાં' મૂકીશ. આપની આ આજ્ઞા શિરોમાન્ય કરું છું અને પોતાને ધન્ય માનું છું.' આમ સ્વામીજીને અનન્યપણે શરણે જઇને પુંડલીકરાવ તથા બીજા બધા ત્યાંથી દર્શન કરીને નાંદેડ જવા નીકળ્યા. (ઓ. ૧૨૧-૧૩૮)

સ્વામીજી જે સાઇસમર્થને બંધુ કહેતા હતા, એ કંઇ બિલકુલ વ્યર્થ હતું ? **'યાવજ્જીવમગ્નિહોત્રં જુહુયાત્'** અર્થાત્ જીવતા સુધી અગ્નિહોત્ર એટલે કે સવાર સાંજ અગ્નિમાં આહુતિ આપીને તેને સતત પ્રજ્વલિત રાખવાનું વ્રત. આ વેદવચનને અનુસરીને બાબાશ્રી વર્તતા હતા. લોકો જેને 'ધૂણી' કહે છે તે મહારાજની સામે રાત અને દિવસ સતત પ્રજ્વલિત રહેતી હતી. બાબાનું આ વ્રત જ હતું. ચિત્ત શુદ્ધિ થતી હોવાને કારણે સર્વમાન્ય અગ્નિહોત્ર આદિ કર્મો જેવાં પરમાત્માની પ્રાપ્તિનાં સાધનો લોકોના સમુહ માટે સાઇબાબાએ ધારણ કરેલાં હતાં. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી જેવા સંન્યાસી હતા તેવા જ મોટા વ્રત પાળનારા પણ હતા. પછી તેઓ સાઇમહારાજને બંધુ કહીને ઉદ્બોધે એ કંઇ અર્થ વીનાનું થોડું જ હોય ? ત્યારબાદ માંડ મહિનો પણ ગયો નહીં હોય અને પોતાના ચાર મિત્રો સાથે પુંડલીકરાવને સાઇબાબાનાં દર્શને જવાનો યોગ આવ્યો. સાથે પૂજાની સામગ્રી ફળફળાદિ વગેરે સામાન લઇને તથા યાદ રાખીને પેલું સ્વામીએ આપેલું શ્રીફળ સાથે લઇને સૌ આનંદથી અને શાંત ચિત્તે સાઇદર્શને નીકળ્યા. આગળ જતાં મનમાડ સ્ટેશન ઉપર કોપરગાંવની ગાડીને આવવાને થોડો સમય બાકી હતો ત્યારે તેમને તરસ લાગવાથી એ તકનો લાભ લઇને એક ગરનાળાના ઓટલા ઉપર જઇને બેઠા. ખાલી પેટે પાણી પીવાથી પ્રકૃતિ બગડે છે માટે તેમનામાંથી કોઇ એકે ફરાળ માટે ચેવડાનું પડીકું લીધું.

મોઢામાં ચેવડાનો ફાકો મારતાં તે ખૂબ જ તીખો લાગ્યો. કોપરા વગર ચેવડાની મજા નથી હોતી. ચેવડો વેચાતો લાવવાની બધી ખટપટ નકામી ગઇ. ત્યારે તેમાંના એકે કહ્યું, 'મને એક યુક્તિ સૂઝી છે. આ નારિયેળ ફોડીને ચેવડામાં ભેળવી દો અને પછી એનો સ્વાદ જુઓ.' નારિયેળનું નામ પડતાં જ નારિયેળ હાજર. પછી તેને ફોડવામાં વાર કેટલી ? ચેવડામાં તેના નાના ટુકડા ભેળવતાં ચેવડો સ્વાદિષ્ટ લાગ્યો અને તેની ઉપર બધાએ પેટ ભરીને પાણી પીધું. પણ આ નારિયેળ કોનું અને કોના માટેનું છે તે વિચાર કોઇએ કર્યો નહીં. ભૂખના માર્યા બધા એટલા હેરાન થઇ ગયા હતા કે આ વાતની કોઇને યાદ રહી નહીં. પછી પાછા સ્ટેશન ઉપર પોત પોતાની જગ્યાએ પર જતાં કોપરગાંવની ગાડીમાં બેસતાં જ પુંડલીકરાવને સ્વામીજીએ આપેલા શ્રીફળની યાદ આવી. શિરડી પાસે આવતાં જ પુંડલીકરાવના મનમાં ચિંતા પેઠી કારણ કે શ્રીવાસુદેવાનંદે અર્પણ કરેલું બાબાશ્રી માટેનું શ્રીફળ ચેવડામાં ભેળવીને સૌએ ખાધું હતું. આમ એ નારિયેળનો દૂરઉપયોગ થયો તે વિચારથી પુંડલીકરાવ ગભરાઇને થથરી ઉઠ્યા. સંતોના શબ્દોનું ઉલ્લંઘન તે એક મોટો અપરાધ થયો. માટે તેમનું મન તો સંતાપથી દ્રવી ઉઠ્યું. અને બોલ્યા, 'આ કેટલું મોટું પાપ મેં વ્હોરી લીધું છે ? હવે સ્વામીનો શ્રાપ મારે માથે જરૂર ઉતરવાનો. સ્વામીજીને મેં તેમની વસ્તુ આપવાનું વચન આપ્યું હતું અને તેને માટે મેં જે બબડાટ કર્યો હતો તે બધો જ નકામો ગયો.' શ્રીફળનો આવો દુરુપયોગ થયો, એ તો એક બેદરકારીની હદ કહેવાય એમ સમજીને પુંડકલીકરાવનું ચિત્ત અસ્વસ્થ થઇ ગયું. તેઓ વિચારમાં ખુંપી ગયા, 'હવે સાઇબાબાને શું આપીશ ? તેમને કેવી રીતે સમજાવી શકાશે ? ક્યું મોઢું લઇને હવે હું તેમની પાસે જાઉં ? શ્રીફળ તો મૂર્ખાની માફક ગુમાવી બેઠો છું !' જે વસ્તુ સાઇબાબાનાં ચરણોમાં અર્પણ કરવાની હતી, તે શ્રીફળ તો ક્યારનું ફરાળ થઇ ચૂક્યું હતું. પુંડલીકરાવ મનમાં ખિન્ન થઇ બોલ્યા, 'આ તો સંતોનું અપમાન થયું. હવે જ્યારે મહારાજ એ નારિયેળ માંગશે ત્યારે અમારી શી દશા થશે ? મનમાડ સ્ટેશન ઉપર જ એનો તો ફેંસલો થઇ ગયો હવે નારીયેળ અમારી પાસે નથી, એવું કહેવામાં પણ શરમ આવશે અને જૂઠાણું તો ત્યાં જરા પણ ચાલશે નહીં. મનમાં આ વાતનો વસવસો પુંડલીકરાવને ખાઇ નાખતો હતો. સાઇસમર્થ તો દરેક વસ્તુના સાક્ષી હતા, અને સર્વ વાતે જ્ઞાની હતા.' (ઓ. ૧૩૯-૧૫૯)

શ્રી સાઇનાથનાં દર્શનનો લાભ પામીને આ ભકતોએ ઘણો જ આનંદ થયો, તેઓ પ્રસન્ન થઇ ગયા અને આંખોમાંથી આનંદના અશ્રુ સરી પડ્યાં. હાલમાં તો આપણે રાત દિવસ WIRELESS - તાર સંદેશા મોકલતા હોઇએ છીએ અને વિજ્ઞાને કેટલી પ્રગતી કરી છે એનો કેટલો ગર્વ લઇએ છીએ. પરંતુ આવા સંદેશાઓની અરસપરસ આપ લે માટે અપાર ધનસંપત્તિ ખર્ચ કરીને WIRELESS STATIONS સ્થાન ઊભા કરવાં પડે છે. પણ આ સંત પુરુષોને આવા બિન તારનાં સાધનોની જરૂર પડતી નથી. તેઓ તો મનથી જ સંદેશા મોકલે છે. ટેંબે સ્વામીજીએ પુંડલીકરાવને જે સમયે શ્રીફળ આપ્યું તે જ સમયે તેમણે શ્રીસાઇબાબાને આ તાર વીનાનો સંદેશો પણ મોકલી દીધો હતો. શિરડીમાં પુંડલીકરાવ જેવા બાબાનાં દર્શન કરવા પહોંચ્યા કે તરત જ બાબાએ સામેથી તેમને પૂછ્યું, 'મારા બંધુ પાસેથી મેળવેલી વસ્તુ તું મને આપ.' તે સાંભળતાની સાથે જ પુંડલીકરાવ ઢીલા પડી ગયા અને તેમણે બાબાના પગ પકડી લીધા. તે બોલ્યા કે, 'હું શું આપને કહું ? આપની ક્ષમા માંગ્યા વીના મારી પાસે હવે બીજો કોઇ રસ્તો જ નથી. નારીયેળની યાદ તો મને હતી. પણ પાણીની લાગેલી અતિશય તરસ છીપાવવા માટે અમે જ્યારે નાળા ઉપર બેસવા ગયા ત્યારે આ વાત અમારા બધાથી વિસરાઇ ગઇ. ત્યાં એ જ વખતે ચેવડાનું ફરાળ કરતી વખતે તે નારિયેળને ફોડીને અંદરને ભેળવી દીધું. આપને માટે હવે બીજું શ્રીફળ લઇ આવું છું. જે આપ ગુસ્સો કર્યા વીના સ્વીકાર કરશો.' આમ બાબા સાથે વાત કરીને શ્રીફળ લાવવા માટે પુંડલીકરાવ જેવા ઊભા થવા ગયા, કે તરત શ્રીસાઇસમર્થે તેમનો હાથ પકડીને રોકયા. ત્યાં પુંડલીકરાવથી ફરી બોલાઇ ગયું, 'અમારાથી અજાણતા આપનો આવો વિશ્વાસઘાત થવાથી અમે સપડાયા છીએ. હે પરમકૃપાળુ ! અમને આપની

છત્રછાયામાં લો. અમને ક્ષમા કરો. હું તો આપનો અપરાધી છું. સ્વામી જેવા સજ્જન સાધુ પુરુષને વચન આપીને તેનો મેં અનાદર કર્યો છે અને જે ફળ મારે આપને અર્પણ કરવાનું હતું તે અમારાથી જ ખવાઇ ગયું છે. આ તો સંતોની મર્યાદાઓનું ઉલ્લંઘન કહેવાય. હું આપનો ખૂબ મોટો અપરાધી છું. હું આવો બેશરમ કેમ થઇ ગયો ? બાબા અમારાં બેશરમથી કરેલાં પાપને વાળવાનો કોઇ રસ્તો ખરો ? પછી રસ્તામાં બનેલી આખી વાત સાંભળીને સાઇ હસીને બોલ્યા, 'વ્યવસ્થિત જો સંભાળવું ન હતું તો તેને હાથમાં લીધું કેમ ? તમે લોકો ન ભૂલતા કે તમે મને મારી વસ્તુ પહોંચતી કરશો જ. તે વિચારથી મારા બંધુએ તમારા બોલવા ઉપર વિશ્વાસ મૂક્યો. તેના પરિણામે તમે આવો બદલો વાળ્યો ? તમે બસ આટલા જ તમે ભરોસાપાત્ર છો ? મારા બંધુની ઇચ્છા પૂર્ણ થઇ નહીં. આવાં જ તમારાં બધાં કામ છે કે ? હવે બીજી કંઇ પણ વસ્તુ લઇ આવો તેમ છતાં પેલા શ્રીફળ જોડે તેની બરોબરી કરવી જરા પણ શક્ય નથી. જે બનવાનું હતું તે થઇ ગયું. હવે તે વિષે આટલી ઉદાસીનતા રાખવાની કોઇ જરૂર નથી. સ્વામીએ જે શ્રીફળ તમને આપ્યું હતું. તે પણ મારી પોતાની જ ઇચ્છા હતી અને મારી જ ઇચ્છાથી તેને તમે ચેવડાના ફરાળ માટે ફોડ્યું છે. તો પછી તેનું પોતાપણું કે કર્તાપણું વગર કારણે તમે તમારા માથે કેમ લો છો ? તું મનમાં અહંકારની બુદ્ધિ ધરાવે છે માટે જ પોતાને અપરાધી માની રહ્યો છે. બસ નિરઅહંકારી થાવ એટલે બધી જ ચિંતા અને ઉપાધી આપોઆપ ઓછી થઇ જશે. અર્જુનને ગીતાના અધ્યાય ૩માં કર્યો છે – કોઇ પણ વાતનું પોતાની પાસે કર્તૃત્વ અથવા તો કર્તાપણું ન રાખવું.'

પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।
અહંકારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ।।૨૭।।

પ્રકૃતિના ગુણો અનુસાર સઘમાં કર્મો બધા પ્રકારે કરવા જતાં અહંકારથી મોહિત થયેલો પુરુષ 'હું એનો કર્તા છું' એવું માને છે. ।।૨૭।।

તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।
ગુણા ગુણેષુ વર્તન્તે ઇતિ મત્ત્વા ન સજ્જતે ।।૨૮।।

પરંતુ હે પરાક્રમી અર્જુન ! ગુણકર્મ વિભાગના તે તત્ત્વ જાણનારા જ્ઞાની પુરુષો ગુણોનો આ આપસનો ચાલતો ખેલ છે, એમ સમજીને તેમાં આસકત થતા નથી ।।૨૮।। લોક સત્કૃત્યોનું જ સ્વાભિમાન કેમ દર્શાવતા હોય છે ? પાપોનું કેમ નહીં ? ફળ આપવાનું સામર્થ્ય તો બંનેનું સરખું જ હોય છે. સતકૃત્યોથી સુખોપભોગ મળતા હોય છે અને તેને કારણે તેના વિષેની આસક્તિ પણ વધે છે. દુષ્કૃત્યોથી દુઃખો સાંપડે છે અને એનાથી ફકત ચિંતા અને કષ્ટ જ વધે છે. બંનેનું પરિણામ અસ્વસ્થતા વધારવામાં અને શાંતિનો ભંગ કરવામાં થાય છે. માટે તું બધાં જ સારાં નરસાં કર્મોનું કર્તુત્વ છોડી દઇને વર્તન કર. તારો મારી સાથે મેળાપ થાય એવું જ્યારે મારા મનમાં આવ્યું હશે, ત્યારે જ તારા હાથનાં આ નારિયેળ આવ્યું તે વાત સોના જેવી સાફ છે. તમે પણ મારા જ સંતાના છો. જે ફળ તમારા બધાનાં મોઢામાં ગયું એ તમે મને જ અર્પણ કર્યું અને મને તે નિશ્ચિંતપણે મળી ગયું એવું સમજી લો. આવી જ્યારે સાઇનાથ મહારાજે સમજણ પાડી, ત્યારે પુંડલીકરાવનું ચિત્ત બાબાના આવા ઉપદેશથી શાંત થયું અને ધીમે ધીમે તેમની ઉદાસનીતા પણ દૂર થઇ ગઇ. શ્રીફળ એ તો નિમિત્ત હતું. શ્રીના આવા બોધ ઉપદેશથી નાંદેડકર અને મંડળીનો ભય દૂર થયો. આવી રીતે ખોટા અહંકારથી ઘેરાયેલા તેઓ બધા અભિમાન વગરના નિર્દોષ થઇ ગયા. આ કથાનો સાર બસ આટલો જ છે. મનુષ્યની વૃત્તિઓ જેમ જેમ નિરહંકાર તરફ વળે છે, તેમ તેમ તેનો પરમાર્થ ઉપરનો અધિકાર વધતો જાય છે અને તેનાથી પછી આ ભવસાગર સહેલાઇથી પાર કરી શકાય છે. (ઓ. ૧૬૦-૧૮૩)

હવે ત્રીજા ભકતનો અભિનવ એવો એક મધુર અનુભવ સાંભળો, જેથી સમર્થનો અતુલ વૈભવ અને સામર્થ્યનો ઠાઠ ક્રમે ક્રમે નજરે પડશે. મુંબઇ ખાતેના વાંદરાની પાસે સાંતાક્રૂઝ નામના નાના કસબામાં 'ધુરંધમ' નામના એક હરિભક્ત રહેતા હતા. તે બધા જ ભાઇઓ સંતો ઉપર ઘણો જ પ્રેમ રાખનારા હતા. તેમની પ્રભુ શ્રીરામચંદ્ર ઉપર અગાધ શ્રદ્ધા હતી અને રામનામમાં સદાયે મગ્ન રહેતા હતા. તેમને બીજા કથામાં કે કોઇના કામમાં વગર કામની માથાકૂટ ગમતી નહીં. તેમની જીવન જીવવાની રીત ખૂબ સાદી અને સ્વચ્છ હતી. તેમનાં બાળબચ્ચાંઓની રહેણીકરણી પણ એવી જ હતી અને સ્ત્રીપાત્રોનું આચરણ પણ નિર્દોષ હતું. જેને કારણે તેમની ઉપર શ્રીભગવાન વિષ્ણુ પ્રસન્ન હતા. તે ભાઇઓમાંથી એક વિઠ્ઠલ ભક્ત બાળારામ પોતાના પુણ્યકારક કૃત્યોથી પ્રસિદ્ધ હતા. રાજદરબારમાં પણ તેમનું નામ ઊંચું હતું, અને તે સૌના માનીતા હતા. તા. ૧૯-૨-૧૮૭૮ના રોજ એક સદ્‌ભકતના ઘરમાં જન્મ લઇને તે પુત્રરત્ન આ પૃથ્વી ઉપર આવ્યુ હતું. પાઠારે પ્રભુ જ્યોતમાં તે એક અલંકાર સમા હતા. તેમનો જન્મ મુંબઇમાં ખ્યાતિ પ્રાપ્ત કુટુંબમાં ઇ.સ. ૧૮૭૮ની સાલમાં થયો હતો. તે સમયમાં તે અંગ્રેજી પારંગત અને વકિલની પદવી સંપાદન કરેલા તથા તત્ત્વજ્ઞાન વિષયમાં નિષ્ણાત અને પ્રખર વિદ્વાન તરીકે તેમની કીર્તિ ચોમેર ફેલાયેલી હતી. પાંડુરંગ ઉપર તેમને અપ્રિતમ પ્રેમ હતો અને પરમાર્થની જબરજસ્ત ઘેલછા હતી. પિતાશ્રીના આરાધ્યદેવ શ્રીરામ હતા જ્યારે પુત્રનું ભકિતધામ શ્રીકૃષ્ણ હતા. યુક્તિવાદની આકર્ષક રીતની મોહક રજૂઆત, સરસ અને શુદ્ધ વિચારસરણી, અને સારાં કૃત્યોમાં કુશાગ્ર બુદ્ધિ તે તેમના અનુકરણ કરવા જેવા ગુણો હતા. તેમણે પુષ્કળ સમાજસેવા કરી હતી. તેમણે જાતે સમાજનો વૃત્તાંત લખ્યો હતો અને પોતે મનથી નક્કી કરેલાં વ્રત પાર પડતાં તેઓ પરમાર્થના માર્ગે આગળ વધ્યા હતા. તે માટે તેમણે સારો એવો પ્રવાસ ખેડીને અને ભગવદ્‌ગીતા, જ્ઞાનેશ્વરી વગેરે ગ્રંથો વાંચીને તેમાં પ્રવીણતા મેળવેલી હતી. તેમણે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ પોતાનું નામ કાઢયું હતું. તેઓ સાઇના પરમ ભક્ત પણ હતા. ઇ.સ. ૧૯૨૫માં અલ્પ આયુષ્ય સાથે ઉંમરના ૪૭માં વર્ષે તેઓ બ્રહ્મરૂપ થયા હતા. એમનું એક નાનું સરખું ચરિત્ર શ્રોતાઓએ સાંભળવું. તા. ૯-૬-૧૯૨૫ના રોજ આલોકની પોતાની યાત્રા પૂર્ણ કરીને તેઓ વિઠ્ઠલમાં લીન થઇ ગયા હતા. (ઓ. ૧૮૪-૧૯૮)

એપ્રિલ સને ૧૯૧૨માં એક શુભ દિવસે ધુરંધર બંધુઓને સાઇના દરબારમાં સમર્થના દર્શનનો યોગ આવ્યો. તેના છ મહિના પહેલાં તેમના જ્યેષ્ઠ બંધુ બાબુલજી વામનરાવને સાથે લઇને શિરડી સાઇદર્શન કરી આનંદથી પાછા ફર્યા હતા. તેમનો તે મધુર સહવાસ અનુભવવા ખાતર બાળારામ તથા બીજા બધા બંધુઓ ત્યાં ગયા. આ લોકોના અહીંયા આવતાં પહેલાં જ બાબાએ કહ્યું હતું તે, 'આજે મારા દરબારના અનેક મોટા લોકો અહીં આવનાર છે.' એવું બાબા સૌ સમક્ષ બોલ્યા હતા. આવી આ પ્રેમાળ વાત બીજા બધા ભકતો પાસેથી સાંભળીને ધુરંધર બંધુઓને ખૂબ જ આશ્ચર્ય થયું હતું કે શિરડી આવવાની વાત આપણે કોઇને કહી ન હતી છતાં બાબાને અહીં કેવી રીતે ખબર પડી ? તેમણે સાઇને નજરે જોતા વેંત દોટ મુકી અને બાબા પાસે પહોંચી જઇને તેમનાં ચરણોમાં બાથ ભીડી લીધી. વાતો ધીરે ધીરે ચાલતી હતી અને દરેકનાં મો ઉપર સુખ સમાધાન અને સંતોષ દેખાતો હતો. આમ આ બંધુઓને આવેલા જોઇને બાબાના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા, 'જુઓ, મેં કહ્યું હતું કે આવવાના છે, તે જ આ મારા દરબારના માણસો આવ્યા છે.' પછી બાબાએ પોતાના મુખેથી કહેલા શબ્દો સાંભળો. 'આ તમારી અને અમારી છેલ્લી સાઇઠ પેઢીની ઓળખાણ રહી ! ખબર છે ?' બાળારામ અને અન્ય સૌ વિનય સંપન્ન બંધુઓ શ્રીનાં ચરણો તરફ નજર રાખી હાથ જોડીને ઊભા રહ્યા. શ્રીસમર્થનાં દર્શન થતાં જ બાળરામના ચિત્તમાં પ્રેમ અને ઉત્સાહ ઊભરાઇ આવ્યો અને શિરડી આવ્યાનું તેમને સાર્થક લાગ્યું. તેમની આંખો છલકાઇ ગઇ, મનોવિકારના અતિરેકથી કંઠ રૂંધાઇ ગયો અને શરીરનાં રોમેરોમ ખીલી ઉઠયા તથા અષ્ટભાવ ઊભરાઇ આવ્યા. બાળારામની આવી પરિસ્થિતિ જોઇને સમર્થના ચિત્તમાં ખૂબ આનંદ અને ઉલ્લાસ વધ્યો અને તેઓ બધાને

ઉપદેશરૂપી પ્રેમની વાતો કહેવા લાગ્યા, 'શુકલપક્ષમાં ચંદ્રમાંની કળા જેમ ચઢતી હોય છે, તે જ પ્રમાણે જે કોઇ ભકત મને ભજે છે, અને જેની ભક્તિ દિવસે દિવસે વધે છે તથા જેને પોતાને મનોધર્મ જેવા કે પ્રેમ, દ્વેષ, કામ, ક્રોધ, ઇર્ષા વગેરે અંતઃકરણની ભાવનાઓ મને આધીન કર્યા છે અને મને અર્પણ કર્યા છે તેઓ ધન્ય થાય છે. મનમાં પાકો નિર્ધાર અને વિશ્વાસથી જે કોઇ પોતાના ગુરુની સેવામાં પ્રવર્તે છે ઇશ્વર તેનો પણ ઋણી રહે છે. તેની સામે દુષ્ટભાવે આંખ ઉઠાવીને જોવાની કોઇની હિંમત હોતી નથી. અર્ધી મિનિટ જેવો પણ સમય ન બગાડતાં જેનું મન હરિગુરુના ભજનમાં સતત પરોવાયેલું છે તેને તો શ્રીહરિ અમર્યાદ સુખ આપે છે, અને સંસાર સાગરને પાર ઉતારી આપે છે.' સાઇબાબાના આવા પ્રેમાળ અને માયાળુ વચન સાંભળીને તે સૌની આંખોમાંથી આનંદનાં અશ્રુ વહેવા લાગ્યાં અને ચિત્ત પ્રસન્ન થતાં અંતઃકરણ ગદ્‌ગદ્‌ થઇ ગયું. પછી શ્રીને વંદન કરીનેતે સૌ બોધરૂપી ફૂલોની માળા પોતપોતાના ગળામાં પહેરીને સાઇનાં વચનોને હૃદયસ્થ કરી ભક્તિભાવના ઉમળકામાં આવી જઇને તેઓ આનંદવિભોર થઇ ગયા. (ઓ. ૧૯૯-૨૧૫)

પછી તેઓ વાડામાં ગયા. જમી પરવારીને થોડો આરામ કર્યો અને બપોરના ત્રીજા પ્રહરે એટલે લગભગ ચાર સાડાચારના અરસામાં ફરી પાછા દ્વારકામાઇમાં ગયા અને શ્રીસાઇનાથ મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. બાળારામ ખૂબ નમ્રતાપૂર્વક બાબાશ્રીના ચરણની સેવા કરવા લાગ્યા. બાબાએ ચલમ આગળ ધરીને બાળકરામને પીવા માટે ઇશારો કર્યો. બાળકરામને ચલમ પીવાની ટેવ ન હતી, છતાં પ્રસાદ સમજીને ખૂબ પ્રયત્નોથી માંડમાંડ એક દમ મારીને એ ચલમ બાબાના હાથમાં પાછી આપી અને સદ્‌ભાવનાથી વંદન પણ કર્યાં પણ ખરેખર એ દિવસ બાળકરામ માટે ખૂબ જ ભાગ્યશાળી સાબિત થયો. તે દિવસથી જ તેમને જે દમની બીમારી હતી તે પૂર્ણપણે મટી ગઇ. એમને એકદમ સારું થઇ ગયું. આ શ્વાસનો રોગ તેમને કોઇ બે ચાર દિવસનો ન હતો, કંઇ વર્ષો જૂનો આ રોગ હતો. કાનમાં મંત્ર ફૂંકવાથી જેમ ચલમનો પ્રભાવ પડ્યો. ચલમનો એ એક દમ માર્યા બાદ તેમને નમસ્કારપૂર્વક પાછી આપી તે જ ક્ષણથી એમનો દમનો રોગ જે ગયો તે ગયો અને ફરી પાછો એનો ઉથલો આવ્યો જ નહિ. ત્યારબાદ માત્ર અચાનક વચ્ચે એક દિવસે બાળકરામને ખૂબ ખાંસી ઉપડી તે જોઇને ઘરનાં સૌને નવાઇ લાગી. આમ અચાનક ખાંસી ઉપડવાનું કારણ ઘરનાં કોઇને પણ સમજાયું નહિ, પણ પાછળથી તપાસ કરાવતાં બાબાએ તે જ દિવસે શિરડીમાં દેહ મૂક્યો હતો. તે બધાને સમજાયું. સાથે સાથે પોતાના ભકતોને આપેલો ઇશારો પણ સમજાયો. બાળારામને જે દિવસે આ ઠસકાનો ત્રાસ થયો તે જ દિવસે ત્યાં શિરડીમાં બાબાએ પોતાનો દેહ ધરાને સમર્પ્યો અને જાણે કે તેની સુચના તેમણે આપી. ત્યારથી માંડીને તે ઠેઠ મરતાં સુધી બાળારામને કયારેય ખાંસી આવી નહીં. શું આવો ચલમનો અપૂર્વ અનુભવ કોઇ ભૂલી શકે ખરો કે ? (ઓ. ૨૧૬-૨૨૫)


શિરડીમાં તે ગુરુવારનો દિવસ હતો. એમાં પાછું પેલી ચાવડીનું સરઘસ નીકળવાનું હતું. માટે બમણા આનંદનો તે દિવસ ધુરંધર બંધુઓને ખરેખ યાદગાર રહી ગયો. તે દિવસે રાત્રીના આઠ થી નવ વાગ્યા સુધી દ્વારકામાઇના સભા મંડપમાં બાબાશ્રીની સામે નાળ અને મૃદંગના તાલ ઉપર ભજનનો રંગ જામ્યો હતો. ભકતજનો એક તરફ અભંગ ગાતા હતા અને બીજી તરફ પાલખી શણગારવામાં આવી રહી હતી. પાલખી તૈયાર થતાં બાબાશ્રી ચાવડી જવા માટે નીકળતા હતા. આગળ આવી ગયેલા અધ્યાય ૩૭માં આ ચાવડી સરઘસનું સવિસ્તારપણે વર્ણન કરવામાં આવેલું છે જુઓ. છતાં અહીંયા પાછું થોડું વર્ણન કરી રહ્યો છું. સાઇ મહારાજ એક રાત મસ્જિદમાં તો બીજી રાત ચાવડીમાં ગાળતા હતા. બાબાશ્રીનો આ નિયમ તેમના દેહત્યાગના દિવસ સુધી એકધારો ચાલ્યો હતો. ચાવડીનો આવો સુંદર પ્રસંગ જોવાની, આ પ્રેમળ બાળારામને ઘણી જ ઉત્સુકતા હતી. માટે આખી ધુરંધર મંડળી ત્યાં ચાવડી પાસે સમયસર આવી પહોંચી. શિરડી ક્ષેત્રનાં સ્ત્રી અને પુરુષ સાઇસમર્થને સાથે લઇને ઉત્સાહભેર જયજયકાર કરતાં કરતાં ચાવડી તરફ જવા નીકળ્યાં. જેના શરીર ઉપર શોભા ખાતર ભરેલ જરીનું વસ્ત્ર ઓઢાડવામાં આવ્યું હોય અને સુંદર દર દાગીના પહેરાવ્યા હોય તથા જેનું

નામ પણ 'શ્યામસુંદર' છે એવો બાબાનો ઘોડો સૌથી આગળ થૈ થૈ નાચતો હતો. રણશીંગુ, તૂતૂડી અને શરણાઇ વાગતાં હતાં અને એ શણગારેલા શ્યામકર્ણ ઘોડાની સાથે પાલખીની જોડે ભક્તોથી ઘેરાયેલા અને મસ્તક ઉપર છત્ર ધારણ કરેલા. શ્રી સાઇ સૌ સાથે ચાલતા નીકળતા. ભક્તજનો હાથમાં ધજા અને પતાકા લેતાં. તેઓ શ્રીના માથા ઉપર છત્ર ધરતાં અને ચમ્મર ઢાળતાં તથા ચારે બાજુએ મશાલો લઇને તેઓ ચાલતાં. મૃદંગ મોટા અવાજે વાગતું રહેતું. તાલબદ્ધ ઢોલ અને બીજાં વાજિંત્રો પણ સાથે સાથે વાગતાં. ભક્તો ઢોલકની સાથે ભજન કરતા કરતા બાબાશ્રીની બંને બાજુએથી ચાલતા રહેતા. એ રમ્ય સરઘસ જ્યારે ફરીને ચાવડી સામે આવીને ઊભું રહેતું ત્યારે સાઇસમર્થ વચ્ચે રોકાઇને ઉત્તર તરફ પોતાનું મુખ કરી વિધિપૂર્વક કોઇ પ્રકારના હાથથી ઇશારો કરતા. જમણી બાજુએ બાબાના 'ભગત' મ્હાળસાપતિ પોતાના હાથે મહારાજનો ખભાનો ખેસનો છેડો પકડતા અને ડાબે હાથે તાત્યાપાટીલ હાથમાં ફાનસ લઇને ચાલતા. આમ પણ પહેલેથી જ બાબાનો ચહેરો પીળાશ પડતો ગોરો હતો, તેમાં પાછો આવો દીવાનો પ્રકાશ પડતાં તેમાં તાંમ્ર મિશ્રિત સુવર્ણ જેવો એમનો ચહેરો સૂર્યોદય પહેલાં દેખાતા પ્રભાતના સૂર્યોદય જેવો શોભતો. ધન્ય છે, તે સમય અને તે દિવસના પવિત્ર દર્શનને ! ઉત્તર દિશા તરફ એકાગ્ર મનથી જમણો હાથ અર્ધો ઊંચો કરી જાણે કોઇને તેઓ બોલાવતા ન હોય ! એવું લાગ્યું હતું. ત્યાંથી પછી આગળ ચાવડીમાં લઇ જઇને ભક્તો બાબાશ્રીને સન્માથી બેસાડતા અને શરીર ચંદન ચોળીને સુશોભિત વસ્ત્રો અને અલંકારો પહેરાવતા તો કયારે સુંદર મુગટ પહેરાવતા. કયારેક તો જરીકસબની ભરેલી પાઘડી અને ગળામાં હીરા મોતીનો અને પાંચૂનો હાર પહેરાવતા. કોઇક તો વળી બાબાશ્રીના કપાળે કસ્તૂરીનું સુંદર તિલક કરતા, તો કોઇ એમનાં ચરણો ધોતા અને અર્ઘ્ય આપીને પૂજા પણ કરતા. કોઇ તેમના શરીરે કેશર ચોપડતા અને મોઢામાં પાનનું બીડું મૂકતા. પછી પાંચ દીવેટોની બનાવેલી પંચારતી અને કપૂરની આરતી થતી અને બાબાશ્રીના ઓવારણા લેવામાં આવતાં. તે સમયેની જે શોભા નીરખવાની મળતી તેની કોઇ ઉપમા આપી શકાય તેમ નથી. પંઢરપૂરમાં પાંડુરંગની મૂર્તિ જેમ દિવ્ય તેજથી શોભતી તેવું બાબાના મુખમંડળનું રૂપ પણ શોભી ઉઠતું. આ બધું જોઇને ધુરંધર બંધુઓ તો આશ્ચર્યચકિત થઇ ગયા. આકાશ મંડળમાં ચમકતી વીજળીઓ તરફ પૃથ્વી ઉપરથી નિરખવું શકય નથી. તેવી જ રીતે બાબાના કપાળ ઉપરનો ચળકાટ અને તેજથી સૌની આંખો અંજાઇ ગઇ હતી. વહેલી સવારે કાકડઆરતીમાં હાજરી આપવા ધુરંધર બંધુઓ ગયા અને ત્યાં પણ બાબાના મુખ પર તે જ તેજ દેખાયું. ત્યારથી બાળારામની સાઇચરણોમાં દૃઢ શ્રદ્ધા બેઠી અને તે મૃત્યુ પર્યન્ત જરા પણ ઓછી થઇ નહીં. (ઓ. ૨૨૬-૨૪૯)

હેમાડપંત મહારાજનાં ચરણોમાં શરણે આવ્યા છે. હવે પછીના અધ્યાયમાં ગ્રંથ પૂર્ણ થશે અને સિંહની વારંવાર પાછળ નજર નાખવાની ટેવ પ્રમાણે તેનું સિંહાવલોકન કરીને વર્ણન કરેલી વાતોના ફરીથી પુનરાવર્તનનો વિચાર કરીશું. મારી તરફ હવે છેવટનું ધ્યાન આપો. (ઓ. ૨૫૦)

**સર્વનું કલ્યાણ થાઓ, આ પ્રકારે સંત અને સજ્જન પ્રેરિત ભકત હેમાડપંત રચિત , શ્રીસાઇ સત્ય ચરિત્રના 'ભકત+ત્રય વૃત્ત કથનમ્' નામનો એકાવનમો અધ્યાય અહીં સમાપ્ત થાય છે.**

**શ્રી સદ્‌ગુરુ સાઇનાથને અર્પણ.**



# ॥ અધ્યાય ૫૨ ॥

## શ્રી સદ્‌ગુરુ મહાત્મ્ય, શ્રી સાઇ સચ્ચરિત્ર, ફળશ્રુતિ અને ગ્રંથકારની પ્રસાદ યાચના

**શ્રી ગણેશજીને વંદન, શ્રી સરસ્વતીને વંદન, શ્રી ગુરુ મહારાજને વંદન, શ્રી કુળદેવતાને વંદન, શ્રી સીતામાતા અને શ્રી રામચંદ્રજીને વંદન અને શ્રી સદ્‌ગુરુ સાઇનાથ મહારાજને વંદન.**

હવે સિંહાવલોકન કરીએ અને ત્યારબાદ ગ્રંથનો સારાંશ, અને અનુક્રમણિકા તૈયાર કરીને આ ગ્રંથની પૂર્ણાહુતિ કરીએ. દેહ ધારણ કરેલ હતો એ સમયે આપણા સર્વના માલિક શ્રીસાઇબાબાએ પોતાના ભકત સમુદાયને જે વખતેવખત સાક્ષાત્કાર કરાવ્યો તથા અનુભવો કરાવ્યા. તેની કાયમની યાદ રહી જાય માટે તે સૌને ભેગા કરી એક માળામાં ગૂંથીને આ **'શ્રીસાઇલીલા'** માસિક લખાવ્યું. **'શ્રીસાઇલીલા'** તે અતિશય પવિત્ર અને પાવન સંગ્રહ છે. તેમાંના સત્યચરિત્રની કથાનું સત્ર ઘણા દિવસો સુધી, ક્રમે ક્રમે પ્રસિદ્ધ થયેલું અને આ ભૂલોકમાં અને પરલોકમાં કલ્યાકારી ઉપદેશ આપનાર, ગુરુ મહારાજ શ્રી સમર્થ સદ્‌ગુરુ સાઇનાથનું આ ચરિત્ર જરૂર વાંચવું. આ કથા તેના સંગ્રહમાં તો અમાપ છે પરંતુ જેને શાસ્ત્રોનો પરિચય નથી અને જે વિદ્વત્તા વિનાનો છે તેવા હેમાડપંતનો હાથ પકડીને બાબાશ્રીએ આ સચ્ચરિત્ર લખાવ્યું છે. અમુક ગુરુઓ પોતાનાં વૃત્તાંતો પોતાના મુખે શિષ્યોને સંભળાવે છે અને પછી તેમના નિર્વાણ બાદ તેમાંથી આ પ્રકારના ગ્રંથો લખવાની પ્રેરણા ભકતોને મળે છે. સાઇબાબા જ્યારે અનેક પ્રકારની ખૂબ જ પરોપકારી અને ગહન વાતો કહેતા હતા, તે સમયે તેમની પાસે બેઠેલા સાંભળનારાઓ બાબાની કરેલી બોધદાયક વાતોમાં એટલા બધા તલ્લીન થઇ જતા હતા કે પોતાનું ભાન ભૂલી જતા હતા. જેમણે આ પરમકૃપાળુ સાઇનું રૂપ જોયું અને પોતાની આંખોથી તેમનાં પાવન દર્શન કર્યાં તેમના તો ત્રણે પ્રકારના સંતાપો સદંતર દૂર થઇ ગયા, આવો જેની શકિતનો પરચો અને પ્રભાત હતો, એવી આ મહાન વિભૂતિનું સવિસ્તારપણે વર્ણન કરવું કંઇ સહેલું છે ખરું કે ? જે મનથી અને આત્માથી મહાન છે તેવી જેમની કીર્તિ છે એમની ભક્તિમાં જે કોઇ યોગ્ય લાગ્યા તેમના ઉદ્ધાર માટે પોતાનું ચરિત્ર તેમણે જાતે જ લખાવ્યું. પવિત્ર ગોદાવરી નદીમાં સ્નાન કરીને સાઇબાબાની સમાધિનાં દર્શન કરીને આ સત્યચરિત્ર વાંચવું જેથી બધા જ પ્રકારનાં દુઃખો અને પાપોનો નાશ થાય છે. તેમનું ચરિત્ર સહજ રીતે બોલવાથી પણ પરમાર્થ વીના જહેમતે ન સમજાય તેવી રીતે જોતજોતામાં સાધ્ય થઇ જાય છે. માટે આ ગ્રંથ ઉપર ફકત નજર નાખો જેથી અનેક કોટિ પાપોનો સદંતર નાશ થશે. જન્મ મરણની યાતનાઓથી જેને છૂટી જવું છે અથવા જે ઇચ્છા ધરાવે છે તેમને ગુરુ ચરણોમાં અખંડ આસકિત અને નામસ્મરણની ભક્તિ વડે જોડાઇ જવું. પ્રમાદ તે ખોટા અને મિથ્યા જ્ઞાનનું કારણ છે. માટે તેનાથી આત્માનું ખરું સ્વરૂપ ધ્યાનમાં આવતું નથી. તેમજ તેને કારણે જ બધા અનર્થોનું મૂળ કારણ એવી જન્મ મરણની ઘટમાળ ઉત્પન્ન થાય છે. મોહને ખોટું મિથ્યા જ્ઞાન સમજવું. જે આત્મા નથી તેની વાતો, દાખલા તરીકે શરીર મન ઇન્દ્રિઓ જ આત્મા છે તેવું માનીને તેનું અભિમાન રાખવું. તેને જ વિદ્વાનો અને જ્ઞાનીઓ 'મૃત્યુ' કહે છે. સાઇબાબાના કથારૂપી સાગરનું મંથન કરવાથી અને હંમેશાં નવી નવી મધુર તેમની કથાઓ જે કહેવામાં આવી છે તેને સાંભળવાથી શ્રોતાઓ અધઃપતનમાંથી મુકત થાય છે. કરુણામૂર્તિ શ્રી સાઇનાથ

મહારાજના સગુણ સાકાર સ્વરૂપનું ધ્યાન કરવાથી સગુણનો લોપ થઇને તેમનું પોતાનું અતિસૂક્ષ્મ સ્વરૂપ પ્રગટ થશે. સગુણરૂપમાં પ્રવેશ કર્યા વીના આત્માનું ખરું સ્વરૂપ સમજાતું નથી અને નિર્ગુણ પરબ્રહ્મ સંપૂર્ણપણે જાણવું અઘરું પડે છે. જેને પોતાના ભાવિક ભક્તોને પ્રેમથી પોતાની તરફ પોતાના સ્નેહમાં ખેંચી તેડાવ્યા અને દેહ હોવા છતાં દેહને ભૂલાવ્યો તથા ન સમજાય તેવી રીતે પરમાર્થના માર્ગે વાળ્યા. સાગરને ભેટયા બાદ એક સરિતા જેમ પોતાનું નદીપણું ખોઇ દે છે તેવી જ રીતે તારા ભક્તો તારે શરણે આવતાં તેમનું જુદાપણું ખોઇ બેસે છે. બે દીવાની જ્યોત એક થઇ જાય છે. એકબીજાને આલિંગન આપે છે અને તરત તેમનું જુદાપણું મટી જાય છે. આવી એકરૂપતાને કારણે તેનો પ્રકાશ પણ એક જ થઇ જાય છે. કપૂરને તેની સુવાસ, સૂર્યને એનો પ્રકાશ અને કનકને તેની ચમક નિશ્ચિંતપણે છોડીને જુદી થઇ શકે ખરી કે ? સમુદ્ર સાથે નદીનો સંગમ થતાં તે પોતે સંપૂર્ણપણે તરત સમુદ્ર જ થઇ જઇને સમુદ્રની સાથે એકરૂપ થઇ જાય છે. બસ એ જ પ્રમાણે સાઇસમર્થને શરણે જતાં તેમના ભક્તોમાં જુદાપણું રહેતું નથી અને તેઓ પોતાનું 'હું' પણું છોડીને આબેહુબ શ્રીસાઇબાબા જેવા જ થઇ જાય છે. જાગૃત અવસ્થામાં, સ્વપ્નમાં કે સુષુપ્ત દશામાં કોઇ પણ પરિસ્થિતિમાં વૃત્તિઓ સાઇમય થઇ જતાં સંસારમાંથી નિવૃત્તિ મળે છે. સંસારિક ઉપાધીઓનો પરિત્યાગ આથી વધારે તો બીજો કયો હોઇ શકે ? (ઓ. ૧-૨૨)

હવે મહારાજનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કરીને હું એ જ માંગુ છું કે, તારા સિવાય મારી ઇચ્છા વૃત્તિઓને એકાએક બીજે કયાંય પણ જવા દેતા નહીં. બ્રહ્માંડથી માંડીને નાનામાં નાના ઝાંખરા સુધી અને ઘડાથી માંડીને ઘર સુધી, આકાર પ્રમાણે અંદર બહારથી જે સર્વ પ્રાણીઓમાં ભરેલો છે, અને જેને ભેદભાવ જેવી કોઇ વસ્તુ જ નથી. વળી દરેક ભક્ત તેને માટે સરખો છે. જે માન અપમાન પોતે જાણતો નથી, જેના મનને પસંદ નાપસંદ જેવી કોઇ ચીજ નથી અને જેના તરફથી કોઇને માટે લેશમાત્ર ઓછું કે વધારે વિષમપણું નથી, એવા સાઇસમર્થને શરણે જઇએ અને જેમનું સ્મરણ કરવાથી જે બધી જ ઇચ્છીત વાતો પૂરી કરે છે. તેમનાં ચરણકમળોમાં સંપૂર્ણપણે શરણાગતિ સ્વીકારીને કૃતાર્થે થઇ જઇએ. હવે મારા શ્રેષ્ઠ સજ્જન શ્રોતાઓ ! આપ સર્વેને મારા નમસ્કાર હવે આપણી વચ્ચે ઘણી મિત્રતા અને સ્નેહ છે. આપ સર્વનું હું ખરેખર વિનંતી કરી રહ્યો છું તે શાંતિથી સાંભળો. મહિનાઓ સુધી સમય કાઢીને જેની આ બધી કથાઓ આપે પ્રેમભાવથી સાંભળી તેમને ક્ષણભર પણ ભૂલશો નહીં. જેમ જેમ આપ સાઇ કથાઓ પ્રેમપૂર્વક ખરા મનથી સાંભળશો તેમ તેમ શ્રી સાઇબાબા એક વકતા તરીકે મારો સંતોષ અને ઉલ્લાસ વધારશે. શ્રોતાઓનું જ્યાં સુધી ધ્યાન હોતું નથી ત્યાં સુધી વકતાને પણ તેની પ્રસન્નતા કે આનંદ મળતો નથી. એકબીજાના સંતોષ વીનાની આ કથા સાંભળવી કે સંભળાવવાથી તે આખી ખટપટ આમ જોવા જતાં તો વ્યર્થ ગણાય. (ઓ. ૨૩-૩૧)

આ ભવસાગર પાર કરવો ઘણો જ અઘરો છે. તેમાં મોહનાં મોટાં મોજાંઓ ઉછળતાં રહે છે અને અવિચારીરૂપી કાંઠા ઉપર અથડાતાં રહે છે. તે ધૈર્યરૂપી વિશાળ વૃક્ષોને જમીનદોસ્ત કરે છે. અહંકારનો પવન ફૂંકાતો હોવાને કારણે આ ભવસાગર ડહોળાઇ જાય છે અને ત્યાં ક્રોધ, દ્વેષ રૂપી મોટા મગરોને સહારો મળે છે. 'હું અને મારું' તે મગરરૂપી વાસના અને વિકલ્પોનાં અનેક વમળોના ચકરાવા લેતાં પાણી જેમાં એકવાર અટવાઇ જતાં બહાર આવવું અશકય બની જાય છે. તેમજ નિંદા, આંસુ જેવા અસંખ્ય જળચરો તેના તળિયામાં નખ્ખોદ વાળે છે. આમ ભલે આ સાગર ભયંકર ભાસતો હોય પણ અગસ્ત્ય રૂપી સદ્ગુરુ તેને પી જાય છે. અગસ્ત્ય મુનિ એ મિત્રા વરુણતા પુત્ર એમને 'કુમ્ભજ' પણ કહેવામાં આવે છે. સમુદ્રમાં સંતાયેલા 'કાલેય' નામના દૈત્યનો સંહાર કરવા માટે દેવોની વિનંતી સાંભળીને એક વખત તેઓ આખો સમુદ્ર જ પી ગયા હતા. જુઓ, મહાભારત વનપર્વ અ. ૧૦૫ તેવા સદ્ગુરુનાં ચરણોનો જે દાસ છે તેને ભવસાગરના મગરો, વમળો અને જળચર ઇત્યાદીઓનો લેશમાત્ર પણ ડર રહેતો નથી. માટે જ આ ભવસાગર પાર ઉતારી આપનારા સાઇસમર્થ,

જેનો અમે આશ્રમ લઇએ છીએ, તે સૌને સામે કિનારે પાર ઉતારશે. આ ભવસાગર મહાભયંકર અઘરો છે. સાઇ ચરણોરૂપી નાવડી કરો જેથી સામેનો કાંઠો સુરક્ષિતપણે દેખાવા લાગશે. શ્રદ્ધા અને નિષ્ઠાની નવાઇ કેવી હોય છે તે જુઓ. આવું વ્રત પાળવાથી સંસારનાં દુઃખોની તીવ્રતા જણાતી નથી. બસ આથી વિશેષ બીજો કોઇ લાભ મળતો નથી. ઉપયોગ કરવાની શક્તિ અને સામર્થ્ય તે આ જ. સાઇચરણોમાં અનન્ય ભક્તિ દૃઢ થાઓ. સાઇમૂર્તિને આંખોમાં ભરી લો અને કેદ કરી લો. સાઇને જીવ માત્રમાં જુઓ અને આવી સ્થિતિ ભક્તોને પ્રાપ્ત થાવ. મન પ્રમાણે વર્તવાના સ્વભાવને કારણે પૂર્વ જન્મે પગલું ચૂક્યો, પણ હવે તો સદ્ગતિ પામવા માટે વિષય ભોગોનો ત્યાગ કરતાં આવડવો જોઇએ. શ્રી સમર્થનો જ્યારે સંપૂર્ણ સહારો હોય ત્યારે આપણને કોઇ હાથ લગાડી શકવાનું નથી. તેવા વિશ્વાસમાં જે મસ્ત રહે છે, તે સાઇનો ભક્ત ધન્ય થાય છે. (ઓ. ૩૨-૪૧)

હવે મનમાં થાય છે કે શ્રી સદ્ગુરુ સાઇસમર્થનાં ચરણો પકડીને ભક્તજનો માટે તેમને પ્રાર્થના કરું કે, આ ગ્રંથનું દરેકને ઘેર વારંવાર પારાયણ થાય. આ ગ્રંથનું જે નિયમપૂર્વક પારાયણ કરશે તેનાં સંકટો અવશ્ય દૂર થશે. કાયા, વાચા અને મનથી શુદ્ધ થઇને ભક્તિ અને શ્રદ્ધાથી જે આ ગ્રંથનું સાત દિવસમાં પારાયણ કરશે, તેના જીવનમાંની આપત્તિઓ આપોઆપ દૂર થશે. અનિષ્ટો શાંત થશે. આ ગ્રંથ આધ્યાત્મરૂપી તંતુઓથી ગૂંથવામાં આવ્યો છે. તે બ્રહ્મજ્ઞાનના અનેક વર્ણનોથી સભર છે તથા બ્રહ્મ અને ભગવાન શ્રીકૃષ્ણની વાતોથી ભરેલો છે. તે બ્રહ્મ અને આત્માની એકરૂપતાના માધુર્યથી પ્રફુલ્લિત થઇને તરબોળ થયેલો છે અને જીવ અને શિવ તે એક જ સ્વરૂપ પરમાત્મા છે તે મતથી સંપૂર્ણ સમૃદ્ધ કરવામાં આવ્યો છે. એકનાથ મહારાજના કાવ્યરૂપી નંદનવનમાં બત્રીસ ભાગોના વૃંદાવનમાં મીઠાં મનોહર દૂધનાં પકવાનોમાં, જ્ઞાની અને અજ્ઞાની આસક્ત થઇને રમે છે. આ સત્યચરિત્ર સાંભળવાથી અથવા નિયમથી તેનું પારાયણ કરવાથી સાઇસમર્થ તમારી આપદા અને વિપદાઓનું તાત્કાલીક નિવારણ કરશે. દ્રવ્યની ઇચ્છા કરનારાને ધનની પ્રાપ્તિ થશે. અને શુદ્ધ વ્યવહાર રાખીને જીવનારાને કે જેણે કોઇને માટે ખરાબ ઇચ્છયું નથી એને પૂર્ણપણે યશ મળશે. જેવી જેની શ્રદ્ધા હશે તેને તેવું ફળ મળશે. વગર શ્રદ્ધાએ અનુભવ થતો નથી. પૂજ્યભાવે મન અને બુદ્ધિથી આ ગ્રંથનું વાંચન કરવાથી સાઇસમર્થ પ્રસન્ન થાય છે અને અજ્ઞાનરૂપી દરિદ્રતાનો નાશ કરીને જ્ઞાનરૂપી ધનસંપત્તિ બક્ષે છે. આ ગ્રંથની રચના કરવાનો સંકેત સાઇબાબાનો જ હતો. તેમજ તેમની ગુપ્ત યોજના પણ હતી. તેમનાં ચરણોમાં જે આસક્ત થશે તે ભક્તનાં જીવન ધન્ય થશે. ચિત્તને સરસ એકાગ્ર કરીને આ સચ્ચરિત્રનું નિયમિતપણે અને કડક રીતે દરરોજ પાલન કરવાથી અને રોજનો એક અધ્યાય વિચાર હશે. તેમણે ખરા મનથી આ ગ્રંથ વાંચવો જેથી સાઇનાથ મહારાજે કરેલા ઉપકારોની જન્મોજન્મ સુધી યાદ તાજી રહે. ગુરુપૂર્ણિમા, ગોકુળ અષ્ટમી, રામનવમી અને દશેરાના દિવસે, શ્રીસાઇના દરેક ઉત્સવના દિવસોએ આ ગ્રંથનું તમારે ઘેર નિયમિતપણે પારાયણ કરજો. (ઓ. ૪૨-૫૩)

જીવનના અંતઃકાળે મનમાં જેવી ઇચ્છાઓ હોય છે તે જ પ્રમાણે આવનારા જન્મની પ્રાપ્તિ થાય છે. **'અંતે મતિ તેવી ગતિ'** મૃત્યુ સમયે જેવી બુદ્ધિ હોય છે એટલે કે મનમાં જે વિચારો હોય છે તે જ પ્રમાણે તેને ગતિ મળે છે અને પુનર્જન્મ થાય છે. આ કહેવત શાસ્ત્રોને આધારિત છે. અને આ બાબતમાં શાસ્ત્રોની સંપૂર્ણપણે સંમતિ છે. શ્રી સાઇ એ ભક્તોનું આશ્રયસ્થાન છે. તેમના વીના વિઘ્નો દૂર થતાં નથી. એક જનનીનાં મનમાં પોતાના બાળક માટે લાગણી કે વ્યાકુળતા હોય એમાં વળી આશ્ચર્ય શું ? આ સિવાય તો બીજું શું કહું ? શબ્દો જ્યાં રોકાઇ જાય છે, ત્યાં એવું લાગે છે કે મૌન ધારણ કરવું જોઇએ, કારણ કે તે જ ખરી સ્તુતિ છે. મોક્ષની તીવ્ર ઇચ્છા રાખીને, હંમેશાં પવિત્રતાથી કર્મો કરીને, શ્રવણ આદિ નવવિદ્યા ભક્તિનું સેવન કરવાથી અંતઃકરણ શુદ્ધ થશે. પરંતુ આ બધું સદ્ગુરુની કૃપા વીના બનતું નથી. તેના વીના પરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. 'બ્રહ્મૈવાહં' હું પોતે બ્રહ્મ છું એટલે ઇશ્વર જ છું. તેની યાદ રહેતી

નથી, અને તે ગુરુ ઉપર શ્રદ્ધા મૂકવા માટે પ્રવૃત્ત થતો નથી. ગુરુ શિષ્યનો સંબંધ પિતા-પુત્ર જેવો જ હોય છે. પરંતુ અહીંયા આમ કહેવા જઇએ તો ગુરુને પિતાની ઉપમા નામ પૂરતી જ હોય છે. પિતા પોતાના પુત્રને આ સંસારનાં સુખો મેળવી આપવા માટેની યોગ્યતા આપે છે. જ્યારે ગુરુ તો ભુલોકના જ નહીં પણ પરલોકનાં સુખો પણ મેળવી આપે છે, પિતા થોડો જ સમય ટકનારી સંપત્તિ આપનાર છે. જ્યારે ગુરુ ક્યારેય ન ખૂટનારી સંપત્તિ બક્ષે છે. સતતત્ત્વનો અને અવિનાશી તત્ત્વનો અનુભવ કરાવે છે. એટલું જ નહિ પણ તેને અપરોક્ષ રીતે પહોંચાડે છે. એક માતા પોતાના બાળકને નવ મહિના સુધી પોતાના ઉદરમાં રાખે છે, અને જન્મ આપતી વેળાએ તેને બહાર કાઢે છે. પણ આ ગુરુમાઉલીની રીત તો બિલકુલ જ ઉલટી છે. એ તો બહારથી પોતાના શિષ્યને અંદર સમાવી લે છે. પોતાની નજીક લાવીને પ્રેમ અને સંરક્ષણ કરે છે. કંઇ નહિ તો છેવટે 'ગુરુગુરુ' એવું નામ સ્મરણ કરવાથી પણ શિષ્યને ખાતરીથી સાયુજ્ય મુક્તિ નિઃસંદેહ મળે છે. ગુરુના ઉપકાર એટલે બધા હોય છે કે શિષ્યને પૂર્ણ બ્રહ્મતત્ત્વ આપોઆપ મળી જાય છે. ગુરુના હાથની કમાલ જન્મ મરણનો નાશ કરે છે. ગુરુ જ જેનો દેહાંત કરે, એના કરતાં વધારે ભાગ્યશાળી કોણ કહેવાય ? ગુરુને ખડગ, ગદા, ફરશી કે ભાલો હાથમાં લાવી આપવો પડશે. તેમના ઝપાટામાં આવતા શિષ્યને ખરા સ્થાનની શુદ્ધિ આવે છે અને પછી સદ્‌ગુરુની મૂર્તિ આંખો સામે આવીને ઊભી રહે છે. આ દેહનું જતન ગમે તેટલું કરો પરંતુ તે કાયરેક ને ક્યારેક તો નાશ પામવાનો જ છે. તો પછી પુનર્જન્મ ટાળવા ગુરુના હાથે જો એનો વધ થાય તો એમાં ખોટું શું છે ? હે સદ્‌ગુરુ ! મને મરણતોલ માર મારી મારા અહંકારને જડમૂળથી છેદી નાખ અને મને એટલો બધો ભયંકર રીતે પછાડ કે જેથી મારાથી પુનર્જન્મ લઇ જ ન શકાય. મારા સારાં નરસાં બંને કર્મોને બાળીને ખાખ કરી નાખ. મારા સારા નરસા ગુણોને સુધારી સરખા કરી નાખ કે જેને હિસાબે મને સુખ લાગશે એવા મોહથી ઉદ્‌ભવેલા મારા ભ્રમને દૂર કરી નાખ. મારી શંકા કુશંકા દૂર કરીને મને નિર્વિકલ્પ કરી નાખ. મને નથી જોઇતું પુણ્ય કે નથી જોઇતું પાપ. મારે નથી જોઇતો આ વારંવાર જન્મ લેવાનો નિરર્થક ત્રાસ. તારા શરણે આવ્યા બાદ ચારેય બાજુએ તું જ છે. તેવી જ રીતે આકાશમાં અને પાતાળમાં ઉપર નીચે તારો જ વાસ છે. મારામાં પણ તારું જ અસ્તિત્વ છે. મારામાં પણ તારો જ વાસ છે. વધારે તો હું શું કહું, હું તારાથી જુદો છું એવી કલ્પના કરવી એ પણ મારે માટે ત્રાસ છે. માટે જ આ હેમાડપંત અનન્યપણે તારા શરણે જઇને હે સદ્‌ગુરુ તારાં ચરણો પકડે છે અને પુનર્જન્મ અને મૃત્યુના ફેરાઓમાંથી છોડાવીને પોતાનો ઉદ્ધાર કરાવવાની પ્રાર્થના કરે છે. (ઓ. ૫૪-૭૧)

હેમાડપંતને નિમિત્ત ઠેરવીને પોતાનું આ સત્યચરિત્ર અસંખ્ય ભક્તોના ઉદ્ધાર ખાતર તેનું સર્જન કરાવ્યું તે કૃતિ કંઇ ઓછી છે ? શ્રીસાઇસમર્થનું આ ચરિત્ર મારે હાથે રચાવું એ એક આશ્ચર્ય છે ! નહીં તો મારા જેવા પામર દ્વારા સાઇનાથની કૃપા વીના તેની રચના અસંભવ હતી. સાઇબાબા સાથે મારો ઘણા દિવસોનો સંબંધ ન હતો, સંતોને ઓળખવાનો મને ઊંડો અભ્યાસ કે એક શોધકની દષ્ટિનું આ શરીરમાં સાહસ પણ ન હતું. દરેક વસ્તુ તરફ હંમેશા સંશયાત્મક દષ્ટિથી જોવાની મારી આદત હતી. ક્યારેય અનન્યભાવે ઉપાસના પણ કરી ન હતી. ક્યારેય પળભર માટે ભજન કે કીર્તન માટે હું બેઠો ન હતો. એવા મારા જેવાને હાથે આ ચરિત્ર લોકો માટે લખાવ્યું. પોતાનો કહેવાનો હેતુ સાધવા માટે આ ગ્રંથની યાદ દેવડાવીને પોતાનો કાર્યભાગ તેઓ પૂરો કરાવી રહ્યા છે. હેમાડપંત તો વગર કામના ફક્ત નામપૂરતા જ છે. એક મગતરું મેરુ પર્વત આખો ઉંચકે કે ટીટોડી ચાંચથી સમુદ્રને પી જઇએ ખાલી કરી નાખવા જેવી વાત છે શું તે શકય છે ખરી કે ? પરંતુ જેને સદ્‌ગુરુનું પીઠબળ હોય તેની પાસે એ અદ્‌ભૂત કરણી કરાવે છે. (ઓ. ૭૨-૭૭)

શ્રોતાજનો ! હવે હું આપ સર્વને નમસ્કાર કરું છું. આ ગ્રંથ અહીંયા સમાપ્ત થયો. બધા જ નાના, મોટા શ્રોતાજનોને મારા નમસ્કાર અને દંડવત્ પ્રણામ. તમારી આવી ધાર્મિક સુસંગતે આ સાઇસત્યચરિત્રની કથાના સત્રનો અંત આણું

છું. ખરું કહીએ તો તને પૂર્ણ કરનારો વળી હું કોણ ? આ તો મારો મિથ્યા અહંકાર છે. જ્યાં સાઇ જ સૂત્રધાર છે ત્યાં મેં પૂર્ણ કર્યો એમ કહેનારો હું કોણ ? છતાં મૂળ કલેશનું કારણ એવા અભિમાનનો ત્યાગ કરીને આપણા ગુરુના ગુણ ફરીફરીને ગાઇએ. અંતઃકરણથી ખેંચાણ સમજનારાઓ માટે આ બોધદાયક શબ્દોના ધર્મકાર્યને હું પૂર્ણ કરું છું. અહીંયા આ ગ્રંથ પૂર્ણ થયો, અને મારી મનની ઇચ્છા પણ પૂર્ણ થઇ. સાઇમહારાજનો કાર્યભાગ પૂર્ણ થયો અને હું પણ કૃતાર્થ થઇ ગયો. આમ આ ગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ કરતાં મનોકામનાઓ પૂર્ણ થશે અને સદ્‌ગુરુનાં ચરણોને હૃદયમાં સ્થાન આપતાં આ સંસારસાગર પણ પાર ઉતરાશે. રોગીઓને આરોગ્ય મળશે, દરિદ્રોની દશા સુધરશે, શંકા કુશંકા વાળાને સ્થિરતા મળશે અને નિવારણ થશે. મનુષ્યમાં દાન કરવાની વૃત્તિ શક્તિ જાગશે. આ ગ્રંથનું પારાયણ કરવાથી ભૂતપ્રેત અને પિશાચી યોનીઓનો ત્રાસ દૂર થશે. તાણ અને વાઇ જેવી લાંબી બીમારીઓ પર કાબૂ મેળવાશે અને આ પાવન ગ્રંથના વાંચનથી કે સાંભળવાથી મૂંગા, બહેરા, અપંગ અને પાંગળાને સુખ પ્રાપ્ત થશે. જે શક્તિમાન પરમેશ્વરને ભૂલી બેઠો છે તેવા અજ્ઞાનીનો અને ખોટા ભ્રમ અને મોહમાયામાં ફસાયેલાઓનો પણ ઉદ્ધાર થશે. જે મનુષ્યરૂપે પણ રાક્ષસી કૃત્યો આચરે છે અને પોતાનું આ જીવન વ્યર્થ વેડફી રહ્યો છે છતાં આ મારો સંસાર સરસ મજાનો સુખનો ભંડાર છે એવું તે માને છે. એવા અવિચારીઓને પણ આ વાંચવાથી અવશ્ય ફાયદો થશે. શ્રીસાઇનાથની કરણી અગાધ છે. આ હેમાડપંતને પોતાનાં ચરણોમાં બેસાડીને પોતાની સેવામાં કાયમના લગાડી દીધા અને આ સેવા પણ કરાવી. અંતે આ જગતનો ચાલક અને બુદ્ધિનો પ્રેરક એવા સદ્‌ગુરુનાં ચરણોમાં હું અમર્યાદ રીતે આ લખાણ, આ કલમ અને આ મસ્તક અર્પણ કરું છું.' (ઓ. ૭૮-૮૯)

ઉપરની ઓવી ૧માં 'સિંહાવલોકન કરીને અને અવતરણિકા તૈયાર કરીને ગ્રંથ પૂર્ણ કરીએ.' એવું કહ્યું છે, પણ આ અધ્યાયમાં એ ક્યાંયે દેખાતું નથી. કૈ. બાળાકૃષ્ણ વિશ્વનાથ દેવ ઉર્ફે 'બાબાનું બાળક' એમણે શ્રીસાઇ સત્યચરિત્રની પોથીની પ્રસ્તાવનામાં આ વિષેનું સ્પષ્ટીકરણ કર્યું છે જે આ પ્રમાણે છે -

'૫૧મો અધ્યાય પ્રસિદ્ધ થયો. હવે માત્ર ૫૨મો અધ્યાય પ્રસિદ્ધ થવાનો બાકી રહ્યો છે. જે આ અંકમાં પ્રસિદ્ધ થઇને શ્રીસાઇસચ્ચરિત્ર ગ્રંથ હવે સંપૂર્ણ થયો છે, એવું ખુદ અણ્ણાસાહેબ ગ્રંથકાર દાભોલકરના. હાથના લખેલા શબ્દો શ્રીસાઇલીલાના ૬ઠ્ઠા વર્ષના ત્રીજા અંકમાં ૮૮૦ મા પાન ઉપર છાપેલા છે. આ ઉપરથી આ અવતરણિકા અને સિંહાવલોકનની ઓવીઓ લખેલી ચીઠ્ઠીઓ ક્યાંક આઘીપાછી થઇ ગઇ હોય એમ લાગે છે. હંમેશની ટેવ પ્રમાણે અણ્ણાસાહેબે ૫૨મો અધ્યાય પણ ચબરખીઓ ઉપર જ લખ્યો હતો. એ ચીઠ્ઠીઓ મારી પાસે તપાસ કરતાં આવી હતી. તેમાં ઓવીઓનો ક્રમાંક ન હતો, અને ચીઠ્ઠીઓનો આંકડો ૨૦થી પણ આગળ હતો. આ ઉપરથી સિંહાવલોકનની અને અવતરણિકાની ઓવીઓ ખોવાઇ ગયેલી હોવી જોઇએ અથવા તો વિસ્મૃતિમાં લખવાની રહી ગઇ હોય એવું કદાચ શક્ય પણ હોય. હાલમાં અવતરણિકાનો નવો અધ્યાય તૈયાર કરીને તેને ૫૩મા અધ્યાય તરીકે ગ્રંથ સાથે જોડવામાં આવ્યો છે.'

આ માહિતી ઉપરથી આપણને ધ્યાનમાં આવે છે કે, મહારાષ્ટ્રમાં ઘણા જ જૂના અને પ્રસિદ્ધ **'શ્રીગુરુચરિત્ર ગ્રંથ'** પ્રમાણે સ્વ. અણ્ણાસાહેબ દાભોલકરને-હેમાડપંતને પોતાના શ્રીસાઇસચ્ચરિત્રની પણ અવતરણિકા સાથે બાવન જ અધ્યાય લખવા હતા. પરંતુ એવું થયું નહિ, અને શ્રીસાઇસચ્ચરિત્રના પછી બધા મળીને ૫૩ અધ્યાય થયા. **'મનુષ્યની માનવી કલ્પના। ઇશ્વરની બીજી જ કોઇ યોજના' ॥ ઓ. ૫૧ અ. ૫૧॥ પણ હોય અપવાદ નિયમને। તેનો અનુભવ અહીં દીસે। કંઇ ન થાય સ્વેચ્છાવેશે। બાબાનું મનોગત અતિ બળી ॥૬॥ અધ્યાય ૫૩॥** આ પંક્તિઓ તદ્દન સાચી લાગે છે.

આ સાઇચરિત્ર, **શ્રી ગુરુચરિત્ર** પ્રમાણે આખો જ સદ્‌ગુરુ મહિમા, સદ્‌ગુરુ ગુણાનુવાદ અને સદ્‌ભક્તિથી ભરેલ છે.

તેમાં પણ અધ્યાય ૧૮, ૧૯, ૨૩, ૨૭, ૩૨, ૩૯, ૪૫, ૫૦ અને ૫૧ ખૂબ જ મહત્ત્વના છે. તે વિષેની બધી જ ઓવીઓ વિણીને જુદી પાડીએ તો સુમારે ૨૫૦ ઓવીઓનો શ્રીગુરુચરિત્રનો ૪૯મો અધ્યાય પ્રમાણે, મરાઠી ભાષામાં **'શ્રી ગુરુગીતા'** તૈયાર થશે. એવી આ **ગુરુગીતા** ઓવી રૂપેની પુસ્તિકા ૧૯૮૫માં મેં પ્રકાશિત કરેલી છે.

સાઇબાબાએ ખરેખર જ અણ્ણાસાહેબની આવી વિનંતી સાંભળી હોવી જોઇએ. આ અંતિમ અધ્યાય લખતી વખતે જ ઉપરની અંતિમ ઓવીઓ, રચ્યા બાદ તરત જ લગભગ અધ્યાય અપૂર્ણ રહ્યો અને અણ્ણાસાહેબ-દાભોલકરનું અવસાન થઇ ગયું. સદ્‌ગુરુનો મહિમાગ્રંથ રચતા સતત સાત વર્ષ થયા, અને તેમની લીલાઓનું ગાન ગાતાં ગાતાં છેવટે સદ્‌ગુરુના ચરણોમાં લીન થયા. **'અગાધ સાઇનાથની કરણી । હેમાડ નિતાન્ત સ્થાપ્યો ચરણોમાં'** અણ્ણાસાહેબ ભાગ્યશાળી તો ખરાં જ ને !

**છે જ્યાં લગી ગ્રંથ મહીતળે । ત્યાં લગી કીર્તિ ભૂમંડળે ।**
**કરી દિવાળી ગોવિંદરાવે । સવેળા મુમુક્ષુને કાજે ।।૧૫૭।।**

**અ. ૫૩**

**નોંધ** : બીજા બધા અધ્યાયો પ્રમાણે આ અધ્યાયમાં હેમાડપંતની હસ્તલિખિત પ્રતમાં સમાપ્તિદર્શક ઓવી ન હતી માટે અહીંયા પણ તે અમે લખી શકયા નથી.

❀ ❀ ❀

# ॥ અધ્યાય ૫૩ ॥

## 'અવતરણિકા'

*(ગ્રંથના અંતમાં આપેલો અધ્યાયવાર સારાંશ)*

**શ્રી ગણેશજીને વંદન, શ્રી સરસ્વતીને વંદન, શ્રી ગુરુ મહારાજને વંદન, શ્રી કુળદેવતાને વંદન, શ્રી સીતામાતા અને શ્રી રામચંદ્રજીને વંદન અને શ્રી સદ્‌ગુરુ સાઇનાથ મહારાજને વંદન.**

શ્રી સાઇનાથ મહારાજ એ તો સાક્ષાત્ મૂર્તિમંત બ્રહ્મ છે, સંતોના સર્વભૌમ રાજા ચક્રવર્તી સમ્રાટ છે. અનેક સિદ્ધિઓ જેની દાસી છે. તેવા કાર્યક્ષમ સમર્થ સદ્‌ગુરુ કે જેમની જગતભરમાં કીર્તિ વ્યાપેલી છે અને જે બુદ્ધિને ઉત્તમ પ્રેરણા આપનારા છે. આ જન્મ મરણના ફેરામાંથી છૂટવા માટે અનન્ય ભાવે તેમને શરણે જઇએ. તેમનાં પવિત્ર ચરણોમાં વંદન કરીએ. તેથી તે આ સંસારનાં ભય, ચિંતા, માયા અને દુઃખોનું હરણ કરશે. (ઓ.૧-૨)

પાછળના અધ્યાયમાં 'પ્રથમ સિંહાવલોકન કરીને અવતરણિકા આપીને ગ્રંથ પૂરો કરીશ' એવું હેમાડપંત દ્વારા વચન આપવામાં આવ્યું હતું પરંતુ તેવું બન્યું નહીં. અવતરણિકા એટલે ફક્ત ગ્રંથનો સારાંશ જ આપવામાં આવ્યો કે સવિસ્તારપણે એ લખવાનો રહી ગયો એ સમજાતું નથી. જે ગ્રંથ લખવાની શરૂઆત કરે તેને જ તેનો અંત અવતરિણકા લખીને પૂરો કરવો એવો એક સર્વસામાન્ય નિમય છે. પરંતુ દરેક નિયમને અપવાદ હોય છે. જેનો અનુભવ આપણને અહીં થાય છે. પોતાની ઇચ્છા મુજબ કદી કંઇ થઇ શકતું નથી. આખરે બાબાની તથા ઇશ્વરની ઇચ્છા બળવાન છે. હેમાડપંત એકાએક અવસાન પામ્યા, સાઇના ભકતોમાં ખૂબ દુઃખની લાગણી ફેલાઇ ગઇ અને કોઇને કંઇ સૂઝતું નહીં, એવી પરિસ્થિતિ સર્જાઇ. અવતરણિકાની કોઇને માહિતી મળી નહિ. હેમાડપંત અણ્ણાસાહેબનો લેખસંગ્રહ તેમના દફતરમાં શોધીને મેળવવો પણ ઘણો અઘરો હતો. તેમની પ્રયત્નપૂર્વક તપાસ કરાવીને તેમના ચિ. ગજાનનરાવે મને જરૂર પૂરતા જ લખેલા કાગળો શોધીને આપ્યા. દાભોલકર-અણ્ણાસાહેબ પોતે બહુ જ કરકસરથી જીવવાવાળા હતા. તે જોઇતો જ ખર્ચ કરતા. એક કાગળની ચબરખી પણ નકામી જવા દેતા નહિ. કોઇ પણ કામ હોય તેને સ્વચ્છ વ્યવસ્થિત રીતે અને કલાત્મક રીતે કરવાનો તેમનો સ્વભાવ હતો. ચિઠ્ઠીઓ ઉપર અધ્યાય લખતા અને તે ચિઠ્ઠીઓ જ છાપકામ કરનારા મુદ્રકોને હાથમાં આપતા. વગર કામનો ખર્ચ તેમને ખૂંચતો અને જરા પણ પરવડતો નહિ. તેમની બરોબરી કોઇની પણ સાથે થઇ શકે તેમ નથી. બિચારી એ નિષ્પ્રાણ ચબરખીઓને જોઇને હેમાડપંતના મનમાં દયા ઉદ્‌ભવી અને ઉન્નત વિચાર આવ્યો કે ચિઠ્ઠીઓનો આ સંતશ્રેષ્ઠ સાઇમહારાજની સેવા કરવા માટે ઉપયોગ કરવો. આ છેવટનો અધ્યાય લખવા માટે પણ તેમની પદ્ધતિ આવી જ હતી. તે પણ ચિઠ્ઠીઓ ઉપર જ લખેલો હતો. પરંતુ પુષ્કળ વિચાર અને શોધ-કર્યા બાદ પણ અવતરણિકા મળી નહીં. અણ્ણાસાહેબના ચિ. ગજાનનરાવ અને બીજા બધાને પણ આ વાત કહેવામાં આવી અને બાબાસાહેબ તર્ખડને પણ તે જણાવવામાં આવી હતી. તે બધાનો મત એવો જ રહ્યો કે અવતરણિકા તો લખાવવી જ જોઇએ. મરાઠી ભાષાની મોટા ભાગની પોથીમાં તે છે. દાખલા તરીકે, શ્રીગુરુચરિત્ર, એકનાથી ભાગવત, શ્રી નવનાથ ભક્તિસાર વગેરે. બાબાસાહેબે તે માટેની મુદત લંબાવીને શ્રીસાઇલીલા માસિકમાં પ્રસિદ્ધ કરી. પરંતુ મુદતના દિવસો પૂરા થઇ જતાં પણ અવતરણિકા આવી નહિ. હેમાડપંત ઉર્ફે ગોવિંદરાવ રઘુનાથ દાભોલકર એ તો સદ્‌ગુણોની ખાણ હતા. તેમના મુખે વેદાંત

પાણી ભરતું હતું. વેદો, ઉપનિષદો પણ મોઢે હતા. અને તેમની ભાષા ઉપરનું પ્રભુત્વ પણ આ ગ્રંથમાં દેખાઇ આવે છે. સાચેસાચ સદ્‌ગુરુની કૃપા અદ્‌ભુત છે. સદ્‌ગુરુ સાઇના ભકતો અસંખ્ય હતા. તેમાંના ભૂષણ સમાન હેમાડપંત જેવા કોઇ પ્રજ્ઞાવંત અને મહાપુરુષ એ જ આ અવતરણિકા લખી શકે, પરંતુ તે સમયસર ન મળતાં, કેવી રીતે મેળવવી તેની વિસામણમાં હું પડયો અને મારું મન ખિન્ન થઇ ગયું. મેં દત્તસ્વરૂપ સદ્‌ગુરુ સાઇસમર્થને પ્રાર્થના કરી, અને તેમની કરુણાની યાચના કરી, 'હું પામર મંદબુદ્ધિનો છું, વિદ્યાનો મને અણસાર પણ નથી. અને કાવ્ય રચના તો જરા પણ હું જાણતો નથી, તો પછી આવી ઓવીબદ્ધ રચનાઓનો પ્રબંધ હું કયાંથી કરી શકવાનો છું ?' મને ફકત એક જ વસ્તુનો આધાર હતો. શ્રીદત્તસ્વરૂપ સાઇમહારાજ ધારે તો એક મગતરા દ્વારા પણ મેરુ પર્વત ઉંચકાવી શકે. તેમની સત્તા ખૂબ જ મોટી છે. માટે શિવસ્વરૂપ સાઇનાથની મેં ફરી પ્રાર્થના કરી કે હે સાઇ નારાયણ ! મારી ઉપર કૃપા થવા દો અને આ અવતરણિકા લખવા માટે મારી બુદ્ધિને પ્રેરણા આપો. કાવ્યમય રીતે લખવાની મારી શક્તિ નથી. શ્રી ગુરુમહારાજને મારી મંદબુદ્ધિના માપની જાણકારી તો છે જ. માટે તેમનાં ચરણોને વંદન કરીને હવે અવતરણિકા તૈયાર કરવા માટે હું આરંભ કરી રહ્યો છું. શ્રીસાઇ સત્યચરિત્ર ગ્રંથની આ અવતરિણકા શ્રીગજાનન-વક્રતુણ્ડરૂપી સાઇ મહારાજ પૂર્ણ કરનારા છે. તેમનો વૈભવ અપૂર્વ અને પ્રચંડ છે. મારું મો અને હાથ તો નિમિત્ત માત્ર જ છે. (ઓ. ૩-૨૩)

## અધ્યાય ૧

આ અધ્યાયમાં, 'મંગલાચરણ' પૂર્ણ થયું. વિઘ્નોને હરનારા જગતના આદિકારણ શંકર, પાર્વતીના ગળાના આભૂષણ જેવા, શ્રી ગજાનને નમન કર્યું. વાણીનો અપૂર્વ પ્રભાવ હોય તેવી બુદ્ધિનું અતિ ચાતુર્ય હોય તેવી અને વિશ્વને મોહમાં પાડનારી તથા ઇચ્છીત વાર્તાને શબ્દો પૂરા પાડનારી માતા શ્રી શારદા તેમને પણ નમન કર્યું. કુળગુરુ, આપ્તેષ્ટ, ગુરુજન પરમેશ્વરના જાણે કે સગુણ અવતાર એવા જ જે સંત અને સજ્જનલોક અને શરણે જવા યોગ્ય અને મોક્ષના ગુપ્ત સ્થાન એવા સદ્‌ગુરુ સાઇનાથ ભગવાનને નમસ્કાર કર્યા. તેમજ અંતે ઘઉં દળવાની કથા કહીને, ઝાડા ઉલ્ટીની બીમારીને પૂર્ણપણે કેવી રીતે દૂર કરી તેનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરીને સાઇબાબાના સામર્થ્યનું પણ વર્તન કરેલું છે. (ઓ. ૨૪-૨૭)

## અધ્યાય ૨

આ અધ્યાયમાં આ પ્રસ્તુત ગ્રંથ લખવા માટેનો હેતુ અને તેનું 'પ્રયોજન' તથા દાભોલકર મહારાજને સમર્થનાં પ્રથમ દર્શન, એમનું 'હેમાડપંત' તરીકેનું 'ઉપનામ' અને ગુરુની આવશ્યકતા નથી તે વિવાદનું ખંડન ઇત્યાદી વાતો કહેવામાં આવી છે. (ઓ. ૨૮)

## અધ્યાય ૩

આ અધ્યાયમાં આ 'ગ્રંથ' લખવા માટેની દાભોલકરને બાબાશ્રીના મુખેથી થયેલી આજ્ઞા અને અનુમતિ કેવી રીતે મળી તેનું અને પછી રોહીલાના વૃત્તાંતનું કથન કરવામાં આવ્યું છે. (ઓ. ૨૯)

## અધ્યાય ૪

આ અધ્યાયમાં વિશ્વના ચાલકને એટલે કે પરમેશ્વરના અત્યંત લાડકા અને કંઠના અલંકારરૂપી જે સાધુએ આ ભૂમંડળમાં કયા કારણોસર જન્મ લીધો, અથવા તેમનું 'અવતરણ' થયું તે વિષેની વિસ્તારપૂર્વક ચર્ચા થયેલી છે. તેમજ

સાક્ષાત્ દત્તના અવતાર અને પ્રત્યક્ષ સ્વર્ગીય કલ્પવૃક્ષ સમાન શ્રી સાઇબાબાનું શિરડી ક્ષેત્રમાં પ્રથમ આગમન કેવી રીતે થયું હતું તેનું પણ સમગ્ર વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૩૦-૩૧)

## અધ્યાય ૫

આ અધ્યાયમાં પહેલાં શિરડીક્ષેત્રે ગુપ્તવાસ કરી અને ફરીવાર શ્રીમંત ચાંદપાટીલ સાથે શિરડીમાં જ 'પ્રગટ' થઇને સાઇબાબાએ બધાને આશ્ચર્યચકિત કેવી રીતે કર્યા અને ગંગાગીર જેવા સંતોની સાથે તેમનું બેસવું ઉઠવું અને સંમેલનો કેવા રહેતાં તે તથા તે પોતાના શિરે દૂરથી કાચા માટીના ઘડામાં પાણી ભરી લાવી બગીચામાં સિંચન કરીને બાગનું નિર્માણ કેવી રીતે કર્યું તેનું સમસ્ત વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૩૨-૩૩)

## અધ્યાય ૬

આ અધ્યાયમાં 'રામનવમીનો' એક મોટો ઉત્સવ, બાળાબુવા કીર્તનકાર અને મસ્જિદમાઇ-દ્વારકામાઇનો જીર્ણોદ્ધાર તે વિષય ઉપર સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૩૪)

## અધ્યાય ૭

આ અધ્યાયમાં બાબાશ્રીનું ધ્યાનસ્થ બેસી રહેવું, ખંડયોગ, નેતીધોતી વગેરે પ્રયોગો કરવા, હિન્દુ કે મુસલમાન હોવાનો દેખાવ કરવો અને સંતોના મનની વાતો સમજવી કેટલી અઘરી હોય છે તેનું વર્ણન કર્યું છે. સાઇબાબાનો પહેરવેશ, તેમનું વર્તન અને રોગીઓને દવા કરવા માટે તેમની ચલમ પીવડાવવી, ધૂણી મસ્જિદ અને મંદિરોમાં દીવા પ્રગટાવવા, તેમનો હાથ દાઝવો અને તેને માટે નાનાસાહેબ ચાંદોરકરનું ડૉક્ટરને સાથે લઇને શિરડી જવું અને ભાગોજી શિંદેનું મહારાજના હાથ ઉપર ઘીનું માલિશ તથા પાટાપીંડીની સેવા કરવી આ બધાં જ વર્ણનો આશ્ચર્ય પમાડનારાં છે. ભાગોજી શિંદેનો રકતપિત્તનો મહારોગ, ખાપર્ડેના છોકરાને પ્લેગની ગાંઠોની બીમારી, તેમજ તેનો બાબા દ્વારા ઉપાય અને નાનાસાહેબ ચાંદોરકર દ્વારા બાબાશ્રીને પોતાની સાથે પંઢરપૂર આવવા માટેનો આગ્રહ કરવો, તે બધી વાતો વિદ્વાન હેમાડપંતે કહી છે. (ઓ. ૩૫-૩૭)

## અધ્યાય ૮

આ અધ્યાયમાં મનુષ્ય જન્મનો મહિમા, શ્રીની ભિક્ષાટનની રીત, તાત્યાકોતે પાટીલનાં માતા બાયજાબાઇની સંત સેવા, બાબાની ભોજન કરવાની રીતનું વિસ્મય વગેરેનું વર્ણન કરવામાં આવેલું છે. બાયજાબાઇના હાથે ભરબપોરે રાનમાં અન્ન ગ્રહણ કરવું તેમજ સાઇબાબા, તાત્યાપાટીલ અને ભગત મ્હાળસાપતિ ત્રણે જણ મસ્જિદમાં સાથે કેવી રીતે સૂતા હતા, બાબાશ્રીનો તે બંને ઉપર એક સરખો અને ઉત્તમ કોટિનો પ્રેમ, રાહટાના ખુશાલચંદ શેઠ ઉપર સમર્થનાં અપાર બંધુ પ્રેમનાં વર્ણનનો આનંદ આ અધ્યાયમાં જોવા મળે છે. (ઓ. ૩૮-૪૦)

## અધ્યાય ૯

આ અધ્યાયમાં ભકત શ્રેષ્ઠ તાત્યા પાટીલ, એક મોટો અંગ્રેજ અફસર અને તાત્યાસાહેબ નૂલકર દ્વારા આજ્ઞાભંગનાં ઘોર પરિણામો ભોગવવાં, સાઇબાબાના ભિક્ષા માંગવાના અધિકારોનાં લક્ષણો અને પાંચ પ્રકારના પ્રાયશ્ચિત રૂપે મહાયજ્ઞ કરી માંગી લાવેલું ભિક્ષાનું અન્ન, બાબા દ્વારા ગ્રહણ કરવા જેવા પ્રસંગોનાં વર્ણનો સરસ રીતે થયાં છે. તેમજ કટ્ટર પ્રાર્થનાસમાજી બાબાસાહેબ તર્ખડે જેઓ પાછળથી બાબાના મોટા એકનિષ્ઠ ભકત બન્યા તેમની કથા પણ આવરી લેવામાં આવી છે. (ઓ. ૪૧-૪૩)

## અધ્યાય ૧૦

માંડ ચાર હાથ લંબાઇ અને વેંતભરની પહોળાઇ ધરાવતી આડા પડવા માટેની, ઊંચે લટકાવેલી પાટલી ઉપર યોગેશ્વર બાબાનું શયન, શિરડીમાં કયારે પગ મૂકયો, કેટલાં વર્ષો સુધી વસવાટ કર્યો, દેહનું અવસાન કયારે થયું તે બાબતનું હૃદયદ્રાવક વર્ણન આ અધ્યાયમાં આવેલું છે. અંતઃકરણમાં ગુરુરાયની શાંત અને કોઇ પણ ઇચ્છા રહિત તેમની મનઃસ્થિતિ હતી, પણ બાહ્ય દેખાવ ડર લાગે એવો, બૂમાબૂમ અને ગાળાગાળી કરવી અને શ્રાપો આપતું બિહામણું રૂપ બતાવતા તે દર્શાવાયુ છે. લોકોનો સમૂહ ભેગો કરવાની તેમની દરરોજની પ્રવૃત્તિ હતી, વેદાંત અને શાસ્ત્રોએ જણાવેલા ધર્મોનાં લક્ષણો સમજાવવાની સરળ ભાષામાં એમની રીત, પરમાર્થ માટે અને દુનિયાદારી માટે શિક્ષણ આપવાની તેમની કળા, ભક્તોની અને બીજા સાધારણ માણસોના મનની પરીક્ષા કરવાની સાઇ સદ્‌ગુરુની રીત વિચિત્ર હતી. બાબાશ્રીની બેઠક, તેમનું જ્ઞાન, તેમનું ધ્યાન, બાબાનો ગુરુત્વપણાનો અધિકાર અને તેમનું સામર્થ્ય તથા મહિમા તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૪૬-૪૮)

## અધ્યાય ૧૧

આ અધ્યાયમાં બાબાની સત્ય, જ્ઞાન અને સચ્ચિદાનંદ સ્વરૂપની સ્થિતિની જગતભરની પ્રસિદ્ધિ, ડૉ. પંડિતની પ્રેમ ભક્તિ, સિદ્ધિક ફાળકેનો પૂજ્યભાવ જેવા પ્રસંગોનું વર્ણન કરવામાં આવેલું છે. તેવી જ રીતે ઘેરાયેલાં કાળાં વાદળો વચ્ચે વાવંટોળ સાથે મુશળધાર વરસાદનું વર્ણન કે જેને બાબાએ રોકીને ગામ લોકોને કેવી રીતે ઉગારેલા અને અગ્નિ ઉપર તેમની કેટલી વિચિત્ર સત્તા હતી, તથા મસ્જિદની ધૂણીમાંથી દાવાનળ સળગે તે પહેલાં સાઇએ ગામલોકોનું અને ભક્તોનું સંરક્ષણ કેવી રીતે કરેલું તેનું સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૪૯-૫૦)

## અધ્યાય ૧૨

આ અધ્યાયની અંદર કાકા મહાજની, નાસિકના ધૂમાલ વકીલ, નાનાસાહેબ નિમોણકર, એક મામલતદાર અને એમનાં એક શ્રીરામ ઉપાસક ડૉ. મિત્ર આ બધાના ભિન્ન ભિન્ન પ્રકારના પ્રસંગોનું સુંદર શબ્દોમાં વર્ણન થયું છે. નાસિકના અગ્નિહોત્રી મૂળે શાસ્ત્રી, સંત ઘોલપ સ્વામીના અનુયાયી હતી અને ખૂબ સંશયી હતા. એમને વિષેની સાઇદર્શનની આશ્ચર્યકારક કથા પણ આ જ અધ્યાયમાં કહેલી છે. (ઓ. ૫૧-૫૨)

## અધ્યાય ૧૩

આ અધ્યાયમાં બાબા, શિમ્પીનો ટાઢિયોતાવ, કાળા કૂતરાને દહીં ભાત ખવડાવીને સારો કરવો, બાપુસાહેબ બુટ્ટીની ઝાડા ઉલ્ટીની બીમારી અખરોટ પિસ્તાં અને ચારોળી ખવડાવી દૂર કરવી, કાનના દુઃખાવાના રોગી આળંદીના સ્વામીને ફકત કાનમાં આશીર્વાદના બે શબ્દો કહીને તેમના કાનનો દુઃખાવો કાયમને દૂર કરવો અને કાકા મહાજની સહન કરી રહેલા ઝાડાનો જૂનો વ્યાધી, મગફળીના દાણા ખવડાવીને મટાડવો, તે બધી વાતોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેવી રીતે પેટના શૂળના સખત દુઃખાવાની બીમારીથી પીડાતા વર્ધાના ભક્ત દત્તોપંતને બધા લોકોની હાજરીમાં આશીર્વાદ માત્રથી મુક્ત કરવો અને ભિમાજી પાટીલની કફ અને ક્ષયની બીમારી ઉદી લગાડીને મટાડી દેવી તે બધી હકીકત કહેલી છે. (ઓ. ૫૩-૫૬)

## અધ્યાય ૧૪

આ અધ્યાયમાં નાંદેડના પારસી શેઠ રતનજી, જેઓ પ્રખ્યાત ધનાઢય વેપારી હતા, પરંતુ સંતતિના અભાવે

મનથી દુઃખી હતી, તેમને પુત્ર પ્રાપ્તિ કરાવીને બાબાએ કેવી રીતે સુખી કર્યા અને નાંદેડ શહેરમાં ગુપ્તપણે હમાલી કરીને રહેલા મૌલીસાહેબ નામના સંતની સાઇબાબાએ શબ્દોના સંકેતથી સર્વેને ઓળખ કેવી રીતે કરાવી તે આશ્ચર્યકારક કથા કહેલી છે. (ઓ. ૫૭-૫૮)

## અધ્યાય ૧૫

આ અધ્યાયમાં દાસગણુને બાબાએ નારદ કીર્તન કરવાની પદ્ધતિ સમજાવી છે, ચોળકરનું વ્રત બાબાશ્રીએ તેને પુષ્કળ ખાંડવાળી ચા પીવડાવીને કેવી રીતે ફેડ્યું અને ગરોળીના ચૂક ચૂક અવાજ ઉપરથી ઔરંગાબાદથી આવેલી ગરોળી મસ્જિદમાંની ગરોળીને પોતાની બહેનને મળવા આવેલી તેની ખબર બધાને આપી હતી એનું વર્ણન સમાવી લેવામાં આવ્યું છે. (ઓ. ૫૯-૬૦)

## અધ્યાય ૧૬

આ અધ્યાયમાં સંતતિ અને સંપત્તિથી પરીપૂર્ણ એવો એક ગૃહસ્થ સાઇનાથ મહારાજના કીર્તિનો ડંકો સાંભળીને બ્રહ્મજ્ઞાન મેળવવાની લાલસાથી શિરડીક્ષેત્રે આવ્યો. જેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેના મનથી સંસારમાંથી વૈરાગ્ય થવો જોઇએ અને ઉદાસીનતા પ્રગટવી જોઇએ. તેની સાથે ધનનો લોભ પણ છૂટવો જોઇએ. ખિસ્સામાં ચલણી નોટોનું બંડલ હોવા છતાં જેનાથી બાબાશ્રીને પાંચ રૂપિયા પણ ઉછીના આપી શકાતા નથી. તેને બ્રહ્મ કે બ્રહ્મજ્ઞાન ક્યાંથી મળે ? આ વિષયો ઉપર મનોહર કથા દ્વારા ઉપદેશ કરવાની સાઇની શૈલી અને હેમાડપંતની પ્રસાદયુક્ત વાણી, જેનો દૂધમાં ખડી સાકર જેવો સંયોગ થયો છે. તે સાંભળતાં જ ખૂબ રસપ્રદ અને મધુર લાગે છે. (ઓ. ૬૧-૬૪)

## અધ્યાય ૧૭

આ અધ્યાયમાં પૂર્વેની જ કથાના અનુસંધાનમાં બ્રહ્મ જ્ઞાનનું વિસ્તારપૂર્વકનું કથન અને ધનલોભનો પૂર્ણપણે નાશ થવો જોઇએ તે અંગે. સાંભળવા યોગ્ય રસપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૬૫)

## અધ્યાય ૧૮

આ અધ્યાયમાં સાઠેની શ્રીગુરુચરિત્ર વિષેની કથા, રાધાબાઇને કરેલા ઉપદેશનું વર્ણન અને હેમાડપંત ઉપર થયેલી બાબાની કૃપાની હકીકત તે સર્વ સુંદર રીતે સમજાવી છે. (ઓ. ૬૬)

## અધ્યાય ૧૯

આ અધ્યાયમાં હેમાડપંત ઉપર થયેલી સાઇબાબાની કૃપાનું વિસ્તારપૂર્વક વર્ણન કરીને સાઇનાથના ઉપદેશાનુસાર કરવામાં આવેલા મનોમંથન વિષે કહેવામાં આવ્યું છે. (ઓ. ૬૭)

## અધ્યાય ૨૦

આ અધ્યાયમાં દાસગણુ મહારાજે 'ઇશાવાસ્ય અને ભાવાર્થબોધીની ' લખવાની શરૂઆત કરી, તે દરમિયાન તેમના મનમાં એક શંકા ઉદ્ભવી જે તેમણે સાઇબાબાને પૂછતાં બાબાએ કહેલું કે કાકાસાહેબ દીક્ષિતની નોકરાણી પાસે જવાની તારી શંકાનો ખુલાસો મળશે. એવી અસાધારણ સદ્ગુરુની વાણીનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. (ઓ. ૬૮-૬૯)

## અધ્યાય ૨૧

આ અધ્યાયમાં એક સદ્‌ગુણી ઉપ. જિલ્લા અધિકારીને, **'એકલો વાંચીને કામ ના સરે । ઉતારવું કૃતિમાં તે જોઇએ ।।'** તેવો ઉપદેશ કરીને તથા બીજા વિદ્વાન પાટણકર ઉપર નવધા ભક્તિનો મહિમા સમજાવ્યો છે તથા ત્રીજા એક વિચિત્ર વકિલ ઉપર પોતાનો તિરસ્કાર પ્રદર્શિત કરીને ઉપહાસ કે નિંદા આદિ કુત્સિતવૃત્તિનો સંગ્રહ ન કરવાનો ઉપદેશ કર્યો અને સાઇએ કરેલી કૃપાનું વર્ણન કર્યું છે. (ઓ. ૭૦)

## અધ્યાય ૨૨

આ અધ્યાયમાં 'સંસારમાંથી તારનારી આ મસ્જિદમાઇ એટલે દ્વારાવતી એ દ્વારકા જ છે.' આવું સાઇબાબાએ સૌને કહ્યું પણ તેનો ભાવાર્થ કોઇ એકને પણ સમજાયો નહીં. બાબાએ મસ્જિદમાઇના ગુણોની સ્તુતિ કરી. જે આ પ્રમાણે છે. **(અતિ કૃપાળુ આ મસ્જિદમાઇ । ભોળા ભાવિકની તે માઇ । કોઇ ને ગમે તેવું સંકટ સાંપડે । પણ તેનું રક્ષણ તે કરે ।।૪૯।।)** કોપરગાંવ મામલતદાર બાળાસાહેબ મિરીકર અને નાગપુરના શ્રીમંત બાપુસાહેબ બુટ્ટીનો સર્પદંશ નિવાર્યો. અમીર શક્કરની સંધિવાની બીમારી દૂર કરી અને તેની ઉપર પણ આવેલી સર્પદંશની મોટી ઘાત ટાળીને એનું ભયંકર અપમૃત્યુ ટાળ્યું. તે પ્રસંગોને સમાવી લીધા છે. (ઓ. ૭૧-૭૩)

## અધ્યાય ૨૩

આ અધ્યાયમાં એક યોગ અભ્યાસીનું શંકાનું નિરાકરણ કરવું માધવરાવ દેશપાંડેનું સાપે મારેલા ડંખનું સંકટ દૂર કરવું, બાબાશ્રીની આઠે પ્રહર સદાય પ્રજ્વલિત ધૂણી અને તેને માટે જરૂર પડતાં બળતણનાં લાકડાં તથા બકરાને હલાલ કરવાનો પ્રસંગ વગેરેનું સુંદર વર્ણન કર્યું છે. તે સાથે માલેગાંવના ફકીર બડે બાબાને બાબાનો અતૃપ્ત સ્વભાવ કેવો હતો અને એમને બાબા ગમે તેટલું આપતા છતાં તેમની લાલસા ઓછી થતી નહીં. ગુરુની આજ્ઞાપાલનની નિષ્ઠાનો તો સદંતર અભાવ હતો. છતાં બાબા દ્વારા તેમનું માન સન્માન કેવી રીતે થતું હતું અને ભકત શ્રેષ્ઠ કાકાસાહેબ દીક્ષિત જેઓ ગુરુ આજ્ઞા પાળવામાં એકનિષ્ઠ હતા. તેમની પરીક્ષા લઇને લોકોની હાજરીમાં તેમનાં વખાણ કરીને તેમનું બહુમાન કરવું અને સદ્‌ગુરુની લીલા કેવી હતી, આ સર્વ વાતોનું વિશેષ અને ઉત્તમ રીતે વર્ણન થયેલું છે. (ઓ. ૭૪-૭૬)

## અધ્યાય ૨૪

આ અધ્યાયમાં લીલા ચણાને નિમિત્ત ધરી મહારાજે હેમાડપંતને શિખામણ આપી કે પોતાના સદ્‌ગુરુને અર્પણ કર્યા વીના કે સ્મરણ કર્યા વીના કોઇ પણ ચીજ વસ્તુનું સેવન કરવું નહીં. તેવી જ રીતે અણ્ણા બાવરે અને માવશીબાઇ આ બંનેમાં સાઇબાબાએ કેવો ઝગડો કરાવ્યો હતો. તે ઠઠ્ઠા મશ્કરીનું વર્ણન કવિશ્રેષ્ઠ હેમાડપંતે ગાયેલું છે. (ઓ. ૭૭-૭૮)

## અધ્યાય ૨૫

આ અધ્યાયમાં અહમદનગરના રહેવાસી અને કંસારા જાતિના ભકત દામુઅણ્ણાને કપાસ અને ચોખાના ખૂબ મોટા વ્યાપારી સોદાઓ કરવાની ઇચ્છા હતી, જેમાં તેમને પાછળથી ખોટી હેરાનગતિ, પજવણી અને ચોખ્ખી નુકશાની થવાની હતી, તે વિષેની આગાહી કરી છે એને કેરીનું સેવન કરાવીને સંતાનપ્રાપ્તિ થશે તેવું જ્ઞાનરૂપી સૂર્ય જેવા સાઇનાથે જે કહ્યું તે વાતનું વર્ણન થયું છે. (ઓ. ૭૯-૮૦)

## અધ્યાય ૨૬

આ અધ્યાયમાં મુખ્ય વાત એ કે બીજા સંત દ્વારા કૃપા પામેલા સંત નામના એક સદ્ભકતને, સાઇમાઉલીએ તેમને તેમના ગુરુનો તરત જ અણસારો આપીને આનંદિત કર્યા હતા. ભકત હરીશચંદ્ર પિત્તળેના વાઇની બીમારીથી પિડાતા છોકરાનો ખૂબ જૂનો રોગ માત્ર દયાળુ નજરથી અને પોતાની કૃપાથી મટાડીને બીમારી દૂર કરી હતી, અને પિત્તળેને પહેલાં બે રૂપિયા આપ્યા હતા, એવું કહીને બીજા ત્રણ રૂપિયા વધારાના પોતાના ગજવામાંથી કાઢીને આપ્યા. બાબાએ તેની રોજ પૂજા કરવા માટે સલાહ આપી હતી. આ બધી જ વાતોનું મોહક વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૮૧-૮૩)

## અધ્યાય ૨૭

આ અધ્યાયમાં એકનાથી ભાગવતની પોથી, પોતાને પ્રસાદ સમજીને પાછી લેવાની ઇચ્છાએ કાકામહાજનીએ સાઇબાબાના હાથમાં આપી પરંતુ બાબાશ્રીએ તે શામાને આપી દીધી એમ કહેવામાં આવ્યું છે. તેવી જ રીતે એક રામદાસી ભકતની પોથીમાં રહેલી શ્રીવિષ્ણુ સહસ્ત્રનામની પોથી એ રામદાસીને જણાવ્યા વીના તેની ગેરહાજરીમાં બાબાએ લઇ લીધી અને પછી માધવરાવને બાબાએ તે સુપ્રત કરી. આમ કરી દયાના સાગર સમર્થ સાઇએ તે અર્પણ કરીને તેમની ઉપર કેવી કૃપા કરેલી તેનું વર્ણન થયું છે. (ઓ. ૮૪-૮૬)

## અધ્યાય ૨૮

આ અધ્યાયમાં સાંતાક્રૂઝના ભકત લખમીચંદ મુનશી, બરહાનપુરના ચિડીબાઇ અને ગુજરાતના પુણ્યશાળી ભકત મેઘાબ્રાહ્મણ આ ત્રણે જણા શ્રીનાં ચરણોમાં કેવી રીતે આવ્યા અને તે સૌને સ્વપ્નમાં દૃષ્ટાંત આપીને તેમને જાગૃત અવસ્થામાં પણ અનુભવ કરાવીને આ સાઇમાઉલીએ કોઇને પણ ન સમજાય તેવી અગમ્ય વાતો કરી છે તેનું વર્ણન છે. (ઓ. ૮૭-૮૮)

## અધ્યાય ૨૯

આ અધ્યાયમાં ભોળે શંકર સ્વરૂપ સાઇનાથ મહારાજની દાન કરવાની ઉદારતાનો સાક્ષાત્ અનુભવ લેવા માટે, મદ્રાસ પ્રાંતના એક ભજનીકસમુહે શિરડી ક્ષેત્રની યાત્રા કેવી રીતે કરી, અને રઘુનાથ તેંડુલકરના પુત્રની પરીક્ષાની ચિંતા સાઇએ કેવી રીતે દૂર કરી તેમજ પેન્શન અંગેની તેમની ચિંતાનું નિરાકરણ વગેરે લીલાઓનું પણ સુંદર વર્ણન કર્યું છે. તેવું જ સાઇ ચરણોમાં અતિશય આદર અને પ્રેમ ધરાવતા ભકત ડૉ. કેપ્ટન હાટચાને ગ્વાલિયર મુકામે મળશ્કે સ્વપ્નદર્શનમાં આવીને આપેલા સુંદર દર્શનનું કથન કહેવામાં આવ્યું છે. (ઓ. ૮૯-૯૧)

## અધ્યાય ૩૦

આ અધ્યાયમાં વણીના સપ્તશૃંગીદેવીના ઉપાસક કોઇ એક કાકાજી વૈદ્યને દેવીએ સ્વપ્નમાં આવીને સાઇબાબાને જઇને મળી આવવા સ્વપ્નમાં કેવી રીતે કહ્યું, અને બાબાના ખાસ માધવરાવ દેશપાંડેને પણ દેવીની લીધેલી બાધા પૂર્ણ કરવા માટે ત્રીસ વર્ષના ગાળા બાદ ત્યાં કેવી રીતે મોકલ્યા, તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમજ રાહટાના ખુશાલચંદ શેઠ અને પંજાબી બ્રાહ્મણ રામલાલને શ્રીસાઇનાથ મહારાજે ‘શિરડી ચાલ’ કહીને સ્વપ્નમાં કેવી રીતે સમજાવ્યું હતું તે પણ કહેવામાં આવેલું છે. (ઓ. ૯૨-૯૪)

## અધ્યાય ૩૧

આ અધ્યાયમાં માનસરોવર જવા માટે નીકળેલા મદ્રાસી સંન્યાસી વિજયાનંદને શ્રીકૃષ્ણ જેવા સાઇબાબાએ પોતાની પાસે કેવી રીતે રોકીને પોતાનાં ચરણોમાં સદ્‌ગતિ અપાવી. અને ભકત શ્રેષ્ઠ માનકરને પણ આજ રીતે મોક્ષ આવ્યો. તેમજ હિંસક ક્રૂર વાઘ જેવા પ્રાણીનો પણ કેવો ઉદ્ધાર કર્યો તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૯૫-૯૬)

## અધ્યાય ૩૨

આ અધ્યાયમાં બાબાએ પોતાની વાત સ્વમુખે કહી છે કે, અમે ચાર સજ્જનો ઇશ્વરની શોધમાં જંગલોમાં ભટકતી વખતે મેં અભિમાન છોડી દેતાં જ મારા ગુરુમહારાજે મને દર્શન આપ્યાં હતાં. તેમજ ઉપવાસ પર ઉતરેલા ગોખલેભાઇની વાત અને બાબાએ પોતે કહેલી બીજી એક વાત જેમાં બીડગાંવમાં મહારાજે કરેલ જરીકામની વાર્તાનું કૌતુક હેમાડપંતે ગાઇ સંભળાવ્યું છે. (ઓ. ૯૭-૯૮)

## અધ્યાય ૩૩

આ અધ્યાયમાં નારાયણ જાનીના મિત્રને વિંછીએ અચાનક ડંખ મારવો, એક ભકતની દીકરીને તાવની તકલીફ થવી અને નાનાસાહેબ ચાંદોરકરની દીકરી જે સુવાવડની વેદનાથી ગભરાયેલી અને મનથી હતાશ તથા દુઃખી હતી અને શું કરવું તેની કોઇને કશી સુઝ પડતી ન હતી તેવી ઘડીએ બાબાએ રામગીરબુવા સાથે ઉદી અને આરતી મોકલાવીને ચમત્કારિક રીતે અદ્‌ભુત બચાવ કરેલો તેનું વર્ણન છે. તે ઉપરાંત ભકતશ્રેષ્ઠ અપ્પાસાહેબ કુલકર્ણી અને બાળાબુવા ભજનકારની અને શ્રદ્ધાવંત અને ભાવિક ભકત હરિભાઉ કર્ણિકની દક્ષિણાની બોધપ્રદ કથા પણ આ અધ્યાયમાં કહેવામાં આવી છે. (ઓ. ૯૯-૧૦૨)

## અધ્યાય ૩૪

આ અધ્યાયમાં માલેગાંવના એક ડૉકટરનો ભાણો, હાડકાના તાવથી ખૂબ કંટાળેલો હતો, પ્રખર ભકત ડૉ. પિલ્લે વાળાના નાસુરથી પીડાતા હતા. શિરડીના બાપાજી જેઓ માધવરાવના લઘુ બંધુ હતા. તેમનાં પત્ની પ્લેગમાં સપડાયેલાં હતાં, એક ઇરાની નાની બાળકી ખૂબ દુઃખી હતી, વર્ધાના એક ગૃહસ્થ મૂત્રપિંડની પથરીની બીમરાથી ઘણા જ અસ્વસ્થ હતા, અને મુંબઇના એક કાયસ્થ પ્રભુ ગૃહસ્થનાં પત્ની પ્રસૂતિને સમયે મહાસંકટમાં આવી પડેલાં, આ બધા વિચિત્ર વ્યાધીઓ ફકત ઉદીના સ્પર્શથી દૂર થઇ ગયા તેનું વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૧૦૩-૧૦૬)

## અધ્યાય ૩૫

આ અધ્યાયમાં કાકા મહાજનીના એક નિર્ગુણ ઉપાસક મિત્ર બાબાના ફકત દર્શનથી જ મૂર્તિપૂજક કેવી રીતે બન્યા અને મુંબઇ શહેરના એક સોલિસિટર ધરમસિંહ જેઠાભાઇ ઠક્કરને ગુરુશ્રેષ્ઠ બાબાએ બધીજ દ્રાક્ષ તે જ સમયે બી વગરની કરીને કેવી રીતે આપી તેનું પણ વર્ણન થયું છે. તેવી જ રીતે વાંદરાના એક કાયસ્થ જેમને લાંબા સમયથી સ્વસ્થ ઉંઘ પણ આવતી ન હતી, અને નેવાસના બાળાપાટીલનો ઉદીનો અનુભવ વર્ણવવામાં આવ્યો છે. (ઓ. ૧૦૭-૧૦૯)

## અધ્યાય ૩૬

આ અધ્યાયમાં નોકરી મેળવવા માટે અને ચોરીનો ભેદ ઉકેલવા માટે જુદી જુદી બાધાઓ રાખનારા ગોવાના બે ગૃહસ્થોને સાઇ સમર્થે તેમની વિસરાયેલી બાધાની યાદ કેવી રીતે દેવડાવી હતી. તેની કથા કહેતી વખતે મન ભરાઇ આવતા હેમાડપંત કહે છે કે, ત્રિકાળજ્ઞાની અને સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપેલા આ સાઇસમર્થની કીર્તિનું વર્ણન કરવું કોનાથી શક્ય છે ? તેવી જ રીતે સખારામ ઔરંગાબાદકરની પત્ની સંતાનપ્રાપ્તિ માટે મહારાજના પગમાં દોડતી આવે છે અને એની તે તીવ્ર ઇચ્છા અને ભક્તિ જોઇને એક શ્રીફળ આપીને સાઇએ તેની ઇચ્છા કેવી રીતે પૂર્ણ કરેલી તેનો સાર અને અંજામ હેમાડપંતે લખ્યો છે. (ઓ. ૧૧૦-૧૧૨)

## અધ્યાય ૩૭

આ અધ્યાયની અંદર માત્ર ગણ્યાંગાંઠ્યાને જ અને ભાગ્યે જ જોવા મળનારો ચાવડી સમારંભનો ઠાઠ અને શણગાર વિધિ પોતાની સગી આંખોથી જોઇને હેમાડપંતે તેનું રસાળ વર્ણન કર્યું છે. (ઓ. ૧૧૩)

## અધ્યાય ૩૮

આ અધ્યાયમાં હંડીનું વર્ણન છે. જાત જાતના પદાર્થો જાતે રાંધીને અને અનેક પ્રકારનાં પકવાનો બનાવીને બાબા પોતે પ્રસાદીનું ભોજન ભક્તોને કેવી રીતે કરાવતા તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૧૪૪)

## અધ્યાય ૩૯

આ અધ્યાયમાં મહારાજશ્રીએ નાનાસાહેબ ચાંદોરકરને તેમના સંસ્કૃત ભાષા ઉપરના અભિમાનને દૂર કરવા માટે ગીતાના **'તદ્વિદ્ધિ પ્રણિપાતેન'** આ શ્લોકના પૃથક્કરણ કરીને તેનો અર્થ સમજાવીને કહ્યો છે અને બાપુસાહેબ બુટ્ટીને દૃષ્ટાંત આપીને સંતરાય શ્રી સાઇનાથ મહારાજે મંદિરની સાથે વાડો બાંધવાની પ્રેરણા આપી હતી. તે બાબતનું વર્ણન કર્યું છે. (ઓ. ૧૧૫-૧૧૬)

## અધ્યાય ૪૦

આ અધ્યાયમાં માતોશ્રીના વ્રતોના ઉદ્યાપન સમયે બાળાસાહેબ દેવ બ્રહ્મ ભોજનના કાર્યક્રમમાં પત્ર લખીને બાબાશ્રીને આમંત્રણ મોકલાવે છે, પછી તે પ્રસંગના દિવસે સંન્યાસીનો વેશ ધારણ કરી ત્રણ વિભૂતિઓ આવે છે અને આવેલા બીજા બ્રાહ્મણો સાથે ભોજન કરીને જતા રહે છે. આ પૂરી ઘટનામાં ગુરુમહારાજની ચતુરાઇ કોઇથી સમજાતી નથી. તેવી જ રીતે હેમાડપંતના દૃષ્ટાંતમાં મૂર્તિરૂપે છબીમાં વેશ ધારણ કરી હોળીના તહેવારના દિવસે બાબા ભોજન માટે કેવી રીતે પધારેલા તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. (ઓ. ૧૧૭-૧૧૯)

## અધ્યાય ૪૧

આ અધ્યાયમાં મૂર્તિરૂપે છબીચિત્રની જ કથા વિસ્તારપૂર્વક કહીને કવિ હેમાડપંતે ભક્તો ખાતર વાંદરાના અલી મહમદે કહેલા સદ્ગુરુના અતર્ક્ય મહિમાનું રસાળ અને રમ્ય વર્ણન કરેલું છે. એવું જ, બાળાસાહેબ દેવ ઉપર સાઇએ રુદ્ર અવતાર ધારણ કરીને ગુસ્સામાં લાલચોળ અંગારા જેવા થઇને ગાળોની ઝડી વરસાવેલી અને ત્યારબાદ, **'રોજ નિયમથી જ્ઞાનેશ્વરી વાંચતો થા'** એમ કહીને તે વાંચવા માટેની રીતે મહારાજે તેમને સ્વપ્નમાં

જઇને કહેલી તેનું વિવરણ આવેલું છે. (ઓ. ૧૨૦-૧૨૨)

## અધ્યાય ૪૨

આ અધ્યાયમાં ભકત દાતે દ્વારા મહારાજશ્રીના કપાળ ઉપર ત્રિપુંડ કાઢવા વિષેની સાઇનાથે આપેલી પોતાના દેહત્યાગની પૂર્વ સૂચના, રામચંદ્ર પાટીલને બીમારીમાંથી બેઠો કરવો અને તાત્યા પાટીલને જીવનદાન આપવું તે વાતો વર્ણવી છે. તે સાથે શ્રીના નિર્વાણની વાત સાંભળીને ભકતોના મનમાં ઉઠેલી અતિશય શોકની લાગણીની વેદના અને હેમાડપંતના જીવની વ્યાકુળતા દર્શાવેલી છે. (ઓ. ૧૨૩-૧૨૪)

## અધ્યાય ૪૩ / ૪૪

આ બંને અધ્યાયોમાં મહારાજના નિધન બાબતનાં વૃત્તાંતો જે પાછળના અધ્યાયમાં અધૂરા રહી ગયા હતા. હેમાડપંતે તાદૃશ્ય બયાન કરીને અધ્યાય પૂર્ણ કર્યા છે. (ઓ. ૧૨૫)

## અધ્યાય ૪૫

આ અધ્યાયમાં એક વખતે કાકાસાહેબ દીક્ષિત, કાકા મહાજની અને માધવરાવ દેશપાંડેને તેઓ ભેગા મળીને મુંબઇમાં એકનાથી ભાગવત વાંચતી વખતે તેમના મનમાં શંકા ઉત્પન્ન થઇ હતી. માધવરાવે એનું નિરાકરણ કરવાનો પ્રયત્ન કરતાં દીક્ષિતના મનમાં તે બાબતે સમાધાન થયું નહીં. પછી આનંદરાવ પાખાડેએ બીજે દિવસે આવીને પોતાનું સ્વપ્ન કહી સંભળાવતાં દીક્ષિતના મનનું સમાધાન થયું, આ બધી કથા આવરી લેવામાં આવી છે. તેવી જ રીતે ચિથરાં બાંધી લટકાવેલા લાકડાના પાટિયા ઉપર મ્હાળસાપતિ કેમ સૂઇ શકવાના નથી વગેરે પ્રશ્નનો જવાબ મહારાજે કેવી રીતે આપ્યો હતો. તે અલૌકિક રીતનું વર્ણન થયું છે. (ઓ. ૧૨૬-૧૨૮)

## અધ્યાય ૪૬

આ અધ્યાયમાં સાઇસમર્થ એક જ સ્થળે આસન ઉપર બેસી રહેતા, છતાં તેમનું બધી જ જગ્યાએ ખુશાલ હરવા ફરવાનું કેવી રીતે બનતું, કાશી-ગયામાં વિચિત્ર રીતે છબી સ્વરૂપે જઇને લોકોને તેમણે કેવા ચમત્કાર બતાવ્યા. તે અંગે બાબાના અદ્ભુત ચરિત્રનું વર્ણન થયેલું છે. ચાંદોરકરના પુત્રના લગ્ન સમારંભમાં લાભ લેવા માટે મહારાજે માધવરાવને મોકલ્યા હતા અને ગયાક્ષેત્રમાં તેમની નજરે છબીના રૂપે સાઇનાથ કેવી રીતે પ્રગટ થયા, તેમજ બે બકરીઓની પૂર્વજન્મની ગૂઢ રહસ્યમય વાતો મહારાજે પોતાના મુખે કહેલી છે. (ઓ. ૧૨૯-૧૩૧)

## અધ્યાય ૪૭

આ અધ્યાયમાં પણ સાપ અને દેડકાની અને તેમના પૂર્વજન્મના વ્યવહારની, લોભી કર્જ આપનારા અને લેનારા તરીકેની ખરી હકીકત સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા શ્રી સાઇબાબાએ કહી સંભળાવી છે. વેર હત્યા અને ઋણ ચૂકવવાની બાબતે ફરી જન્મ ધારણ કરવો પડતો હોય છે તેનો ઉપદેશ કર્યો છે. (ઓ. ૧૩૨-૧૩૩)

## અધ્યાય ૪૮

આ અધ્યાયમાં એક ભકત શ્રેષ્ઠ શેવડેની વકીલાતની પરીક્ષાનો પ્રકાર અને જરા પણ ભાવિક નહીં એવા નાસ્તિક સપટણેકર ઉપર પુત્ર રત્નની કૃપા કરવી તે વિષેનું વર્ણન આવ્યું છે. (ઓ. ૧૩૪)

## અધ્યાય ૪૯

આ અધ્યાયમાં મુંબઇ મુકામે રહેનારા હરિ કાન્હોબા અને હરિદ્વારના કુટિલમાનસ ધરાવતા સોમદેવજી સ્વામીનું, બંને અભિમાનીઓ, સંતની પરીક્ષા કરવા માટે શિરડી આવ્યા હતા અને દર્શન થતાં જ બાબાએ એમના જ મનની ગુપ્ત વાતો એમના જ શબ્દોમાં કહી બતાવીને તેથી તેઓ શરમાઇ ગયા હતા. અને પછી બાબાનાં ચરણોમાં ચરણોમાં સ્થિર થઇને તેમના જન્મોજન્મનાં પાપો ધોવાઇને નાશ પામ્યાં હતાં તે આખું વૃત્તાંત કહ્યું છે. તેવી જ રીતે બાબા પાસે આવીને બેઠેલી એક ખૂબસુરત બુરખાધારી સ્ત્રીનું રૂપ જોઇને નાનાસાહેબના મનમાં ઉદ્ભવેલા વિકારને બાબાશ્રીએ કેવી રીતે વાળીને તેને શાંત કરીને વશમાં કર્યા તેનું વર્ણન છે. (ઓ. ૧૩૫-૧૩૭)

## અધ્યાય ૫૦

આ અધ્યાયમાં પણ **'તદ્વિદ્ધિ પ્રણિપાતેન'** નો જ અર્થ વધારે વ્યવસ્થિત રીતે અને વિસ્તારપૂર્વક સમજાવીને તેનું જ સમર્થન રઘુનાથના ચિરંજીવ ગોવિંદરાવ દાભોલકરે કરેલું છે. (ઓ. ૧૩૮)

## અધ્યાય ૫૧

આ અધ્યાયમાં હરિસીતારામ દીક્ષિત, ભક્ત બાળારામ ધુરંધર અને નાંદેડના વકીલ ભક્ત પુંડલીકરાવ શિરડી મુકામે પ્રથમ કેવી રીતે આવ્યા તે દરેકની વાત વાંચીને શ્રોતાજનો આશ્ચર્યચકિત થઇ જાય છે અને ભક્તોના મનરૂપી સાગર ઉછાળા મારવા લાગે છે, તેનું વર્ણન કરેલું છે. (ઓ. ૧૩૯-૧૪૦)

## અધ્યાય ૫૨

આ અધ્યાયની અંદર ગ્રંથનું સિંહાવલોકન કરીને હેમાડપંતે દુષ્ટોનું કપટીપણું દૂર કરીને બાબાએ સજ્જનોનું રક્ષણ કરવું એવું પ્રસાદરૂપી વરદાન માંગી લઇને પોતાના સદ્ગુરુમાં લીન થઇ જઇ, પોતાની કલમ અને મસ્તક તેમને અર્પણ કર્યા છે અને આ ગ્રંથની પૂર્ણાહુતિ કરી કૃતાર્થ થઇ ગયા તેનું વર્ણન કર્યું છે. (ઓ. ૧૪૧-૧૪૨)

આ પ્રકારે ગોવિંદરાવે સાઇસચ્ચરિત્રના બધા અધ્યાય અહીં પૂર્ણ કર્યા છે. તેમનાં ચરણોમાં વંદન કરીને આખા જગતને અને ગુરુમાવલીને હું નમસ્કાર કરું છું. બધા અધ્યાયોનો સારાંશ જે કહેવાય છે તેને જ 'અવતરણિકા' કહેવામાં આવે છે. મોક્ષની ઇચ્છા રાખનારા રસિકો માટે આ ખરી મોક્ષની પગદંડી છે. શરીર પર ધારણ કરવામાં આવતા ઉચ્ચ કોટિનાં રેશમી વસ્ત્રને, એક જૂના ફાટેલા હલકા કપડાનો પાલવ લગાવ્યા પ્રમાણે આ સાઇસચ્ચરિત્રને આવી અવતરણિકા જોડવામાં આવે તો એનો વિરોધ નોંધાવતા પહેલાં ચતુર શ્રોતાઓએ એક વખત આ દાસની વિનંતી જરૂર સાંભળવી નહિ તો એક સરસ મઝાના બાળકને નજર ન લાગે માટે જેમ કપાળે કાળું ટપકું લગાડવામાં આવે છે તેવી રીતે બાબાનું બાળક ઉર્ફે અવતરણિકાના લેખક - કૈ. બાલકૃષ્ણ વિશ્વનાથ દેવ કહે છે કે હું કાળી મેશની ટીલી લગાવી રહ્યો છું. આ સંપૂર્ણ ગ્રંથ એટલે એક સ્વાદિષ્ટ અન્ન છે, જેમાં દરેક પ્રકારના રસ જેવા કડવા, તૂરા, ખારા, ખાટા, તીખા, મીઠા વગેરે સર્વરસ સામેલ છે, તેમાંના અધ્યાયરૂપી અનેક પ્રકારના પદાર્થોને સારી રીતે પચાવવા માટે આ અવતરણિકા લેખનરૂપી છાશનું પીણું છે. ખરા અર્થમાં આ ગ્રંથ એટલે સદાયે ઇચ્છેલા મનવાંછિત ફળો આપનારી અને અધ્યાયરૂપી શુદ્ધ નિર્વ્યંગ અવયવોવાળી કામધેનુ છે. તેવી કામધેનુંને ખરાબ નજર લાગે નહિ તેજ કારણે અવતરણિકારૂપી નજરમણિઓની માળા એના ગળામાં પહેરાવેલી છે. (ઓ. ૧૪૩-૧૪૮)

હેમાડપંતે અધ્યાય રચવાની જે પદ્ધતિ અપનાવી હતી તેને મારી બુદ્ધિ અને સમજ પ્રમાણે હવે હું કહી રહ્યો છું. શ્રોતાઓએ તે બાબત પર ધ્યાન આપવું. સૌથી પહેલાં તે સદ્દગુરુનું સ્મરણ કરતાં. પછી વેદાંતનું વર્ણન અને સાઇના બ્રહ્મ-સ્વરૂપનું વર્ણન તેઓ કરતા અને બધાને અંતે પોતાના અને ભકતોના શ્રીબાબા વિષેના અનુભવોનું તેઓ કથન કરતા. હેમાડપંત મૂળથી જ શાસ્ત્રો અને વાઙ્મયમાં પ્રવિણ હતા. તેમાં પાછા સદ્દગુરુ સાઇનાથ મહારાજે પ્રસન્ન થઇને તેમને ગ્રંથરૂપી પકવાન નિર્માણ કરવવા ફરી તરત વધારે પ્રતિભાસંપન્ન કર્યા. જેઓ આ ગ્રંથની મધુરતાનો અનુભવ લેશે તેમના જન્મ મરણની નાડી બંધ પડી મોક્ષપદના અક્ષય ખજાનો હાથ લાગશે. હેમાડપંતની રસાળ વાણીને સાઇકૃપાનો સારો લાભ મળ્યો, જાણે કે દૂધની સાથે સાથે શેરડીના મધુર રસનો યોગ થયો. પછી આ ગ્રંથના ઠાઠની શી વાત થાય ? ગ્રંથકાર તો પુષ્કળ હોય છે, પરંતુ જ્યાં સુધી આ વિશ્વનો આધાર અને લક્ષ્મીના પતિ એટલે વિષ્ણુ જેવા ખરા સદ્દગુરુનો લાભ મળતો નથી, ત્યાં સુધી ભાષાની સુબોધતાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ધર્મશાસ્ત્રોનો ગમે તેટલો ઊંડો અભ્યાસ હોય છતાં સદ્દગુરુની કૃપા વીના આવા ગ્રંથનું લેખન શકય નથી તે બિલકુલ સત્ય છે. આવા શ્રી સાઇસત્ય ચરિત્રની સ્તુતિ કોણ કરી શકે ? આ ગ્રંથની યોગ્યતાને કોઇ ઉપમા જ આપી શકાય તેમ નથી. આ ગ્રંથને હેમાડપંત જેવા કર્તાનો લાભ મળ્યો. તે મુમુક્ષો માટે સદ્દભાગ્ય જ કહી શકાય. ગોવિંદરાવ-હેમાડપંતે-મુમુક્ષો ખાતર ગ્રંથરૂપી મધુર પકવાનોની દિવાળી ઉજવી છે. જ્યાં સુધી આ ગ્રંથ પૃથ્વી ઉપર છે, ત્યાં સુધી આ જગતમાં તેમની કીર્તિ ગાજતી જ રહેશે. સદ્દગુરુની કૃપાથી ઉત્પન્ન થયેલા પ્રસાદરૂપી આ ગ્રંથ ખરેખર ધન્ય છે. મુમુક્ષો તેને માન્ય ઠેરવશે. અને તેમની સાર અસારની વિચાર કરવાની અક્ષમતા એ દૂર કરશે. અનેક કોટિ જન્મોનાં સત્કર્મોને કારણે આ ગ્રંથ લખવાનો અમૂલ્ય લહાવો અને સેવાનો મોકો ગોવિંદરાવ દાભોલકરને મળ્યો. તેઓ એક વિદ્વાન કવિ અને વેદાંતના વિષયમાં સારો એવો રસ ધરાવનારા પરમભકત હતા. તેઓ સદાયે શ્રીસાઇબાબાનાં ચરણોમાં આસકત જ રહેતા હતા. વેદાંતના વિષયો સમજવા ઘણા જ અઘરા છે. તેને ભકિત અને જ્ઞાન સાથે જોડીને આવો ગ્રંથ નિર્માણ કરાવવો તે ગુરુની કૃપા વીના બિલકુલ અશકય છે. (ઓ. ૧૪૯-૧૬૧)

આ કોઇ સાધારણ અધ્યાયો નથી, પણ સોનાના દાગીનામાં રત્નો જડવાના બીબાં જેમાં હેમાડપંતે મહા પ્રયત્નોથી કથારૂપી આ અણમોલ રત્નો તેમના અર્થરૂપી તેજોમય કિરણો સાથે જડયાં છે. આ અધ્યાયો જાણે કે અતિશય સુગંધીવાળી સુમનમાળાઓ છે, જે આ પ્રેમાળ બાળગોવિંદ પોતાના મનથી શ્રી સાઇ સદ્દગુરુના કંઠમાં શુદ્ધ ભક્તિભાવથી અર્પણ કરી રહ્યા છે. આ અનેક પ્રકારના અધ્યાયો જાણે કે સુવર્ણના કુંભ સમાન છે જેમાં રઘુનાથરાવના પુત્ર ગોવિંદરાવ દાભોલકરે મુમુક્ષુ જનોના અહંકાર ધોવા માટે ગંગાજળ ભર્યું છે. આ ગ્રંથરૂપી રણાંગણના આકાશમાં દાભોલકરે પોતાની બુદ્ધિરૂપી તલવારથી અસુર વૃત્તિના લોકોનો દંભ, અભિમાન અને ઢોંગને કચડી નાખીને અનેક અધ્યાયરૂપી યશસ્તંભો ઊભા કર્યા છે. આ ગ્રંથ જાણે કે એક રત્નજડિત પંચારતી જ છે. તેમાંના અધ્યાયોની કથાઓ, એટલે તેલની વાટોની અર્થરૂપી જ્યોત લઇને શાંતિ અને વિરક્તિ આ બંને સંતોના રાજા શ્રી સાઇનાથ તેમને ઓવારણા લેવા માટે આરતી લઇને આવી રહ્યા છે. આ ગ્રંથ એક વિશ્વને મોહમાં પાડનારી માયા છે જે અધ્યાયોરૂપી હાથ ઊંચા કરીને કથાના અર્થરૂપી હાથ પર શણગારનાં આભૂષણો ધારણ કરેલા કાયા સાથે સાઇરૂપી બ્રહ્મને આલિંગન આપવા માટે સજ્જ થયેલ છે. આ સાઇ સચ્ચરિત્ર એ ગ્રંથોનો સમ્રાટ છે જેમાંના આ અધ્યાયો તે ચતુર ભાટ ચારણો છે જે પેલા સમ્રાટનાં જ્ઞાન, શ્રદ્ધા અને વેદાંતના ઠાઠ અને અફાટ વૈભવોનું વર્ણન કરી રહ્યા છે. આ સાઇચરિત્ર એટલે એક પરમાર્થનું બજાર છે જેમાં આવેલા દરેક અધ્યાયો એટલે એમાં આવેલી દુકાનો અથવા તો ખરીદ વેચાણમાં સ્થાન છે

અને જેમાં અનુભવો કથારૂપી હકીકતોથી રચેલા છે. આ ગ્રંથ એટલે પવિત્ર ગંગાનદીનો પ્રચંડ પટ છે, જેમાં આવેલા અધ્યાયો જાણે કે શાનદાર રચેલા ઘાટ છે. ગુરુકૃપાનું સામર્થ્ય અફાટ હોવાને કારણે તેમાંથી કથારસ રૂપી અમૃતનો બેશુમાર પ્રવાહ વહી રહ્યો છે. આ ગ્રંથ નથી પણ એક કલ્પવૃક્ષ છે. સાંસારિક સાધારણ માણસને તે રુક્ષ લાગશે. પરંતુ મોક્ષ ઇચ્છનારા ભાવિકો માટે તે માત્ર મૂર્તિમંત મોક્ષ જ છે. તેનો પ્રત્યક્ષ અનુભવ કરી જુઓ. જે આ સંસારનાં અજ્ઞાન અને દુ:ખોને દૂર કરે છે, મોહમાયારૂપી નરકમાંથી ઉગારે છે અને કાયમની શાંતિ અર્પે છે. તેને જ ખરું 'સ્મૃતિસ્મારક' રૂપ કાર્ય કહી શકાય. (ઓ. ૧૬૨-૧૭૨)

ગ્રંથકાર ગોવિંદરાય એક ભમરાની માફક સાઇના ચરણકમળમાંથી નિત્ય નવો, મકરંદ ચાખી રહ્યા છે. તેમની અટક દાભોલકર હતી અને તેઓ વિદ્યા, વિનય અને આચાર સંપન્ન હોવાને કારણે અંગ્રેજ સરકારના રાજ્યમાં એક સેવાભાવી કાર્ય તત્પર અધિકારી પણ હતા. તેમનાં પત્ની રખુમાબાઇ સુશીલ, ભાવિક અને પતિપારાયણ, મિતભાષી અને નમ્ર હોવાની સાથે સાથે તેમની સાઇ ચરણોમાં દઢ શ્રદ્ધા પણ વિશેષ હતી. હાલના સિંધુદુર્ગ જિલ્લામાં વેંગુર્લ્યા પાસે 'દાભોલી' તેમનું મૂળ વતન હતું. ત્યારબાદ તેમના પૂર્વજોએ થાણા જિલ્લામાં પાલઘર પાસે 'કેળવે' ગામે કાયમનો વસવાટ કર્યો. શકે ૧૭૮૧ ઇ.સ. ૧૮૪૯ની સાલમાં માગશર સુદ પાંચમના દિવસે રઘુનાથરાવનાં પત્ની લક્ષ્મીબાઇના પેટે આ મહાન પુણ્યવાન ગોવિંદ દાભોલકરનો જન્મ થયો. ગૌડ સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના અને ભારદ્વાજ ગોત્ર ધરાવતા તેઓ ૭૦ વર્ષની લાંબી મજલ કાપ્યા બાદ શકે ૧૮૫૧ (ઇ.સ. ૧૯૨૯)ની સાલમાં અષાઠ સુદ નવમીના દિવસે સ્વર્ગવાસી થયા. આ સાઇસચ્ચરિત્ર ગ્રંથની શરૂઆત, શકે ૧૮૪૪ ઇ.સ. ૧૯૨૨ની સાલમાં ચૈત્ર મહિનામાં કરી હતી, અને શકે ૧૮૫૧-ઇ.સ. ૧૯૨૯ની સાલમાં જેઠ મહિનામાં તેના બાવન અધ્યાય તેમણે પૂર્ણ કર્યા હતા. ગોવિંદરાવને એક પુત્ર અને પાંચ પુત્રીઓ હતી, જેમાંની ચાર આ મારી આલોચના લખતી વખતે વિવાહિત છે. પુત્રનાં પણ લગ્ન થયેલ છે અને તે વૈદકશાસ્ત્રનો અભ્યાસ કરી રહ્યો છે. એ જ L.C.P.S. થયેલ ડૉક્ટર ગજાનનરાવ ગોવિંદરાવ દાભોલકર જેમનું ૮૭ વર્ષની મોટી વયે હાલમાં તા. ૨-૩-૧૯૯૦ના રોજ મુંબઇ મુકામે અવસાન થયું હતું. પોતાના પિતાના મૃત્યુ બાદ તેમણે પણ શ્રી સાઇબાબા સંસ્થાન શિરડીમાં ૧૯૨૯ થી ૧૯૬૪ સુધી એકધારી ૩૫ વર્ષ સુધી સન્માનયુકત ચિટનીસ તરીકે સેવા બજાવી હતી. તેમની એક અવિવાહિત પુત્રી પણ વૈદકશાસ્ત્ર જ શીખી રહી હતી. (ઓ. ૧૭૩-૧૮૦)

હવે શ્રીગુરુચરિત્રમાં તેમજ અન્ય ગ્રંથોમાં વર્ણવેલી પારાયણ કરવાની પદ્ધતિ અને સપ્તાહ કરવાની સહેલી રીત આપ સર્વેને કહી રહ્યો છું. શ્રોતાઓ મહેરબાની કરી ધ્યાનથી સાંભળજો. પારાયણ કરતી વખતે મન શુદ્ધ રાખીને પારાયણ પૂર્ણ ભક્તિભાવપૂર્વક કરવું. બની શકે તો તેને એક અથવા તો બે અને વધારેમાં વધારે ત્રણ દિવસમાં જ પૂર્ણ કરવું, જેથી ભગવાન સાઇનારાયણ સંતુષ્ટ થશે. કદાચ આમ કરતાં ન ફાવે તો આ શુભકાર્ય સાત દિવસોમાં આરામથી પૂર્ણ કરી શકાય, જેથી પુણ્યની સંપત્તિમાં અવશ્ય વધારો થશે, મનની મનોકામના શ્રીસાઇબાબા પૂર્ણ કરશે, અને સંસારનો ડર તથા અનેક ઉપાધીઓમાંથી આપોઆપ રસ્તો મળશે. ગુરુવારને દિવસે વહેલી સવારે પ્રાત:ક્રીયાઓ અને સ્નાન પતાવીને પારાયણની શરૂઆત કરવી. નિત્યક્રમ પૂર્ણ કરીને આસન ગ્રહણ કરવું. દર્ભનું, કામળાનું કે સફેદ વસ્ત્રનું આસન પસંદ કરવું. સરસ સુશોભિત એક નાનો સરખો ચોરંગ બાંધવો, જેના ચાર સ્થંભને કેળના ચાર દંડા બાંધવા. એ ચોરંગની ચારે તરફ આસોપાલવનાં તોરણ અને વસ્ત્રોથી સુસજ્જ કરીને તેની શોભામાં વધારો કરવો. તેમાં ઊંચુ આસન કે બાજટ મૂકવો અને સુશોભિત રંગોળી પૂરવી. પછી તે બાજટ ઉપર સાઇબાબાની મૂર્તિ કે છબી મૂકીને તથા ચંદનનો ચાંદલો કરીને પ્રેમપૂર્વક સાઇનાથને વંદન કરવાં. રેશમી વસ્ત્રથી વીંટાળેલ સાઇ સચ્ચરિત્રની પોથીને તે છબી પાસે પધરાવવી. તે બંનેની પંચોપચાર

પૂજા કરી, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરાવીને પોથી વડે પારાયણની શરૂઆત કરવી. આઠે દિવસ વ્રતસ્થ રહેવું. અહીંયા બતાવેલ અમુક નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) સ્નાન કરી સ્વચ્છ ધોયેલાં વસ્ત્રો વાપરવાં. (૨) ઉપવાસ કરવો. (૩) આચરણ શુદ્ધ અને નીતિયુક્ત રાખવું.
(૪) સ્ત્રી સંગથી દૂર રહેવું. (૫) જમીન ઉપર સૂઇ જવું.

બને ત્યાં સુધી દિવસે દૂધ, છાશ કે ફળો ખાઇને અથવા તો સિઝાવેલું અન્ન ખાઇને અથવા તો દિવસભર કાંઇ જ નહીં ખાતાં ફક્ત રાતે અથવા તો દિવસમાં ગમે ત્યારે એક વખત વ્યવસ્થિત જમીને ઉપવાસ કરવો. પૂર્વ દિશા તરફ મો રાખીને સદ્‌ગુરુની મૂર્તિ મનમાં રાખવી અને ધ્યાન ધરવું તથા ત્યારબાદ સ્વસ્થ મને આનંદથી ગ્રંથનું વાંચન શરૂ કરવું. સાત દિવસોમાં નીચે પ્રમાણેનો ક્રમ પારાયણ માટે જાળવવો. અને આઠમાં દિવસે માત્ર છેલ્લો અધ્યાય ૫૩મો અવતરણિકા વાંચવો.

(૧) પહેલા બે દિવસમાં પારાયણ માટે આઠ આઠ અધ્યાય કરવા. (૨) ત્રીજા દિવસે સાત અધ્યાય કરવા. (૩) ચોથા દિવસે આઠ અધ્યાય કરવા. (૪) પાંચમા દિવસે છ અધ્યાય કરવા. (૫) છઠ્ઠા દિવસે ફરી આઠ અધ્યાય કરવા. (૬) સાતમા દિવસે સાત અધ્યાય કરવા.

ત્યારબાદ આઠમા દિવસે વ્રતને પૂર્ણ કરવા પારણાં કરવાં. શ્રીસાઇબાબાને નૈવેદ્ય ધરાવીને બ્રહ્મભોજન કરાવવું અને બ્રાહ્મણોને યથાશકિત દક્ષિણા તથા વસ્ત્ર અર્પણ કરવાં. બની શકે તો વૈદિક બ્રાહ્મણોને બોલાવીને એમની પાસેથી વેદની ઋચાઓનું ઉચ્ચ સ્વરે પઠન કરવાનું અને પછી કેશર, બદામ, ચારોળીયુક્ત ગળ્યું અર્પણ કરીને દૂધ, યથાયોગ્ય દક્ષિણા અર્પણ કરીને તેમના સુખ વિદાય કરવા. છેલ્લે સદ્‌ગુરુ સાઇનાં ચરણોમાં વંદન કરીને તેમને પણ યોગ્ય દક્ષિણા આપવી અને તે શિરડી સંસ્થાનના નિધિમાં વધારો કરવા ભંડારમાં મોકલી આપવી. જેથી સાઇમહારાજ પ્રસન્ન થશે, ભક્તોને વરદાન આપશે, સંસાર સાગર પાર ઉતરાવશે અને મોક્ષના ગુપ્તમાર્ગનો રસ્તો ખુલ્લો કરી આપશે. (ઓ. ૧૮૧-૧૯૫)

કોઇ પણ જાતના વ્રતનાં વિધિવિધાન કોઇ ચોક્કસ ફળની પ્રાપ્તિ માટે હોવાને કારણે તેનું કડક પાલન કરવું પડે છે. પણ કોઇ પણ જાતની અપેક્ષા ન કરતાં ફક્ત ભક્તિભાવથી ઉપાસ્ય દેવતાની પ્રસન્નતા માટે એકાદું વ્રત કરતાં તેમાં ભક્તિ અને શ્રદ્ધા જ વધારે મહત્ત્વનાં પાસાંઓ છે. શારીરિક અસમર્થતાને કારણે કે દુનિયાદારીની અગવડને લઇને જો તે નિયમો ધાર્યા મુજબ પાળી શકાય નહીં. તેમ છતાં દયાળુ પરમેશ્વર માફ કરી દે છે. **મારે ન જોઇએ પૂજાસંભાર । અષ્ટ કે ષોડશોપચાર । છે જ્યાં ભાવ અપરંપાર । મને વિશ્રામ તે સ્થાને ॥૧૩॥ અ.૧૩** દાખલા તરીકે, રોજના ૬,૭ કે ૮ અધ્યાય સપ્તાહમાં એકી બેઠકે વાંચવા જોઇએ, પરંતુ ઉંમરના હિસાબે અને હૃદયની બીમારીને કારણે મને તેમ કરતા ફાવતું નથી, માટે હું વહેલી સવારે ૪ વાગે નિત્યનું પૂજનકાર્ય પતાવીને બે અધ્યાય અને બપોર બાદ થોડો આરામ કરીને બાકીના અધ્યાય વાંચુ છું. આ સમયગાળા દરમિયાન વચમાં જો કોઇ કુદરતી હાજતે જવાનું થાય તો હાથપગ ધોઇને બાબાની ઉદી લગાવીને શુદ્ધ થઇ જાઉં છું. શાસ્ત્રોમાં ભસ્મ સ્નાન માન્ય કરેલ છે. તેવી જ રીતે વ્રત પાલન કરતી વખતે જમીન ઉપર જ સૂઇ જવા માટે નિર્દેશ કરેલો છે. પહેલાનાં વખતમાં જમીન પર સૂવાનું થતું, ત્યારે લીંપણ રહેતું અને ચટાઇ કે શેતરંજી નાખીને ચાલતું હતું. પણ હાલમાં પથ્થર, લાદી કે ટાઇલ્સ પર ચોમાસામાં કે ઠંડીના દિવસોમાં મારી આ ઉંમરે સૂવાનું શક્ય નથી. તે માંદા પડવાની નિશાનીઓ છે અને ચરિત્ર વાંચનની તો વાત જ ક્યાં રહી ? માટે પલંગ ઉપર જ જાડી ડનલોપ કે રબ્બરની જાડી ગાડીઓ ઉપર ન સૂતાં નીચે પાતળી ગાદી પાથરીને તેની ઉપર સૂઇ જવું તેવો જ અર્થ હું એમાંથી કાઢું છું - આ પ્રકારે દર વર્ષે શ્રાવણ મહિનામાં સપ્તાહ કરવાનો મારો કેટલાંયે વર્ષોનો

નિયમ છે. બાબાની પાસે હું કાંઇ પણ માંગતો નથી. પરંતુ દર વખતે સપ્તાહના દસ બાર દિવસોની અંદર જ એક સરખા શુભ સમાચારો મળે છે, અટવાયેલા પ્રશ્નોનો ઉકેલ મળે છે અને અનેક પ્રકારના લાભ થાય છે તેવો મારો પોતાનો અંગત અનુભવ છે.

કહેવાનો સાર એટલો જ કે, ઉપરની ઓવીમાં કહ્યા પ્રમાણે સઘળાં વિધિવિધાન યથાસ્થિતિ પાળવાં જો શક્ય હોય તો જરૂર પાળવાં. આ એક પ્રકારની કાયા, વાચા અને મનની સાથે સાથે ધનની પણ તપસ્યા છે. પણ અમુક વસ્તુઓ પાળવી અશક્ય હોવાને કારણે સપ્તાહ કરવાની વાત ટાળવી નહીં. પોથીનું પારાયણ તો સંપૂર્ણ ભક્તિભાવથી કરવું, આરામથી સમજાય તેટલો અર્થ સમજીને વાંચવો અને તેમાં કહેલા ઉપદેશ પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરવો તે મહત્ત્વનું છે. બની શકે તો પહેલાં કરેલાં પારાયણમાં ફાયદો થાય કે ન થાય, ધ્યેય સધાય કે ન પણ સધાય છતાં આગળ ઉપર તેને નિયમથી ચાલુ રાખતાં જરૂરથી ફાયદો થશે તેટલું ધ્યાનમાં રાખજો.

**હરિ તો નિજ ભકતે કર્યો । સાદા ભોળાનો એ ભૂખ્યો ।**
**પ્રેમ માટે સમૂળ વેચાયે । દાંભિકોથી સદા રહે દૂર ।।૯।। અ. ૧૩**

શ્રોતાઓ ! તમે સંત છો, અમારાં સુખોનાં આશ્રયસ્થાન છો. આ દાસ તમારા ચરણમાં વિનંતી કરે છે કે, અવતરણિકા ભલે ભૂલાઇ જાય, વાંધો નથી પણ મૂળ ગ્રંથના અર્થ અને બોધ પર તમારી નજર ધ્યાનપૂર્વક જરૂર રાખજો. શ્રોતાજનો ! આપ સજ્જન છો અને મરણને પણ પોતાના સત્કર્મોથી શણગારી શકો તેમ છો. આ 'બાબાનું બાળક' તમારા ચરણો ઉપર પોતાનું માથું મુકીને પ્રાર્થના કરે છે કે આ દાસ ઉપર તમારી કાયમ રહેમનજર રાખજો. જે જે કંઇ ઓછું વત્તુ થયું હોય તો તે મારું મને સુપ્રત કરી ક્ષમા કરશો અને આ ગ્રંથનો ખરો સાર ગ્રહણ કરીને પોતાના ચિત્તને સંતોષકારક અને યથાયોગ્ય શુદ્ધ આચરણનો આપ શ્રોતાઓ જરૂરથી આગ્રહ રાખજો. (ઓ. ૧૯૬-૧૯૮)

હે સાઇ શ્રી ગણેશ ! તને નમસ્કાર છે. હે સાઇ બ્રહ્મદેવા ! તને નમસ્કાર છે. હે સાઇ શ્રી વિષ્ણો ! તને નમસ્કાર છે. હે સાઇ શ્રી શંકરા ! તને નમસ્કાર છે. હે સાઇ શ્રી દત્તાત્રેયા ! તને નમસ્કાર છે. હે સાઇ ઇન્દ્રદેવા ! તને નમસ્કાર છે. હે સાઇ ચંદ્રદેવા ! તને નમસ્કાર છે. હે સાઇ અગ્નિ નારાયણ ! તને નમસ્કાર છે. હે સાઇ શ્રી વિઠ્ઠલા ! તને નમસ્કાર છે. હે સાઇ ચૈતન્યરૂપી સૂર્ય ! તને નમસ્કાર છે. હે સાઇ જ્ઞાનસાગર ! તને નમસ્કાર છે. હે સાઇ શ્રી જ્ઞાનેશ્વર ! તને નમસ્કાર છે. (ઓ. ૧૯૯-૨૦૧)

આ અવતરણિકારૂપી શબ્દોની પુષ્પાંજલિ અને ઉપર જણાવેલ નમન નામાવલી ગુરુચરણોમાં અર્પણ કરીને હું પ્રાર્થના કરું છું, કે હે સાઇમાઉલી ! પ્રસન્ન થાઓ. (ઓ. ૨૦૨)

**ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુદેવો મહેશ્વરઃ**
**ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરુવે નમઃ**

આ પ્રકારે શ્રીસદ્‌ગુરુ સાઇની પ્રેરણા પામેલા બાબાશ્રીના દાસ 'બાળકે' રચેલા શ્રીસાઇસમર્થના સત્ય ચરિત્રના **'અવતરણિકા'** નામનો ત્રેપનમો અધ્યાય અહીં સમાપ્ત થાય છે.

## શ્રી સદ્‌ગુરુ સાઇનાથને અર્પણ.



પરિશિષ્ટ - 'ક'

## હેમાડપંતનું કવિત્વ

સ્વ. ગોવિંદરાવ રઘુનાથ દાભોલકર ઉર્ફે હેમાડપંતે રચેલા સાઇ સત્યચરિત્રની આધ્યાત્મિક શ્રેષ્ઠતા નિર્વિવાદ છે. તેમાં સાઇબાબા જેવા સંત શિરોમણિના પૂર્ણ જીવનનું વૃત્તાંત છે. અને તેમણે આપેલો અમૃતતુલ્ય ઉપદેશ છે. તેમાં તેમના ચમત્કારોની અને ભાવિક ભક્તોના અનુભવોની અનેક કથાઓ છે. શ્રીસાઇ સત્યચરિત્રમાં વેદાંત અને ગીતાનો સાર તો ઘણે ઠેકાણે વણેલો છે. ખાસ વાત તો એ કે આ ગ્રંથ શ્રીસાઇનાથ મહારાજની આજ્ઞા અને આશીર્વાદ મેળવીને લખેલો હોવાને કારણે મુમુક્ષુજનો માટે અને મોક્ષ સાધના માટે એક માર્ગદર્શક સાબિત થયેલો છે. સ્વ. બાળકૃષ્ણ વિ. દેવ અવતરણિકાના ૫૩મા અધ્યાયમાં કહે છે કે -

**ગ્રંથ નથી પણ આ છે કલ્પવૃક્ષ । સંસારી જનને લાગે રુક્ષ ।**
**મુમુક્ષુ ભાવિકોનો કેવળ મોક્ષ । તેનો અનુભવ લેવો પ્રત્યક્ષ ।।૧૭૧।।**

પરંતુ વિષય ગમે તેટલો ઉત્તમ હોય, છતાં ભક્તો સામે મૂકતી વખતે તેમાં ભાષાનું માધુર્ય અથવા તો રસની મીઠાસ જો ન હોય તો વાચકોને તે ગ્રંથ ફરી ફરીને વાંચવાનો અને શ્રોતાઓને વારંવાર સાંભળવાનો ગમતો નથી. શ્રી સાઇ સત્યચરિત્રની મોટા ભાગની ઓવીઓ કર્ણપ્રિય છે અને મનને ઘેલું લગાડે છે. તેથી તેમને વારંવાર વાંચવાનું મન થાય છે. માટે એટલું તો નક્કી છે કે આવી ઓવીઓની રચના કરતાં પહેલાં હેમાડપંતે પોતાની બુદ્ધિ, કળાકારીગીરી અને કૌશલ્ય ખર્ચી નાખ્યું હોવું જોઇએ. હવે આપણે તેનું જ વિવેચન કરવાના છીએ. એટલે જ શ્રીસાઇ સત્યચરિત્રની ઓવીઓનું રસપાન કરવાના છીએ.

## છંદોની પસંદગી

મહારાષ્ટ્રમાંના મોટાભાગના સંતોએ મરાઠી ભાષામાં આધ્યાત્મિક ગ્રંથોની રચના કરતી વખતે **'ઓવી'** છંદની પસંદગી કરેલી છે. જેમ કે જ્ઞાનેશ્વરી, એકનાથી ભાગવત, દાસબોધ ઇત્યાદિ ગ્રંથો. આ છંદોમાં ચાર ચરણ હોય છે. પહેલાં ત્રણ ચરણોને **યમક** એટલે કે ચરણોના અંતમાં તે જ અક્ષરોને વારંવાર ઉપયોગ કરવાનો હોય છે. પણ અક્ષરોની સંખ્યાનું બંધન ખૂબ જ શિથિલ છે. પાંચેથી લઇને ૧૫ અક્ષરો ચાલી શકે છે. ચોથા ચરણમાં યમક નથી હોતું. પણ તેમાંના અક્ષરો પહેલા ત્રણ ચરણોના અક્ષરો કરતાં વધારે હોતા નથી. દા.ત.

**આતા વિશ્વાત્મકેં દેવેં । યેણેં વાગ્યજ્ઞેં તોષવેં ।**
**તોષોનિ મજ દ્યાવેં । પસાયદાન હેં ।।૧૭૯૩।।**

જ્ઞાનેશ્વરી અ. ૧૮

(પહેલાં ત્રણ ચરણોમાં યમક છે, ચોથામાં નથી.)

**અર્થ -**

**હે વિશ્વરૂપી દેવો । મારાં આ સાહિત્ય જ્ઞાનથી સંતુષ્ટ થઇ ।**
**મારા ઉપર પ્રસન્ન થાઓ । એવું વરદાન માંગુ છુ ।।૧૭૯૩।।**

**પસાયદાન જ્ઞાનેશ્વરી અ. ૧૮**

તિયાંપરી શ્રોતાં । અનુભવાવી હે કથા ।
અતિ હલુવારપણ ચિતા । આણુનિયાં ।।૫૭।।
જ્ઞાનેશ્વરી અ. ૧

(પહેલાં ચરણમાં ૬ અક્ષરો, બીજામાં ૮, ત્રીજામાં ૧૦ અને ચોથામાં સૌથી ઓછા એટલે કે ફકત ચાર જ અક્ષરો છે.)

**અર્થ –**

આ પ્રમાણે શ્રોતાઓ । અનુભવો આ કથા ।
ઘણી હળવાશ ચિત્તેથી । આણીને ।।૫૭।।
જ્ઞાનેશ્વરી અ. ૧

હેમાડપંતે પણ પોતાના શ્રીસાઇ સત્ય ચરિત્ર માટે, 'ઓવી' આ જ છંદ ઉપર પસંદગી ઉતારી છે. પરંતુ તેમાં એકનાથી ભાગવતના ચોથા ચરણમાં એક વધારાનું 'યમક' મૂકીને, એવી ઓવીની રચનાનો સ્વીકાર કરીને પોતાની ઓવીઓની શોભામાં અભિવૃદ્ધિ કરી છે. દા.ત.

ભકતીસ વિકલા ભગવંત । ભકતાંચે ઉચ્છિષ્ટ કાઢીત ।
રણાંગણીં ઘોડે ધૂત । શેખી હોત દ્વારપાળ ।।એકનાથી ભાગવત।।

(આ ચારે ચરણમાં – યમક છે.)

**અર્થ –**

ભકિતથી વેચાયો ભગવંત । ભકતોનો ઉદ્ધાર કરીને ।
રણ આંગણમાં ધોતા ઘોડા । શેખી મારે દ્વારપાળ ।।એકનાથી ભાગવત।।

મગ જો ગાઇ વાડેંકોડેં । માઝે ચરિત્ર માઝે પવાડે ।
તયાચિયા મી માંગે પુઢે । ચોહીકડે ઉભાચિ ।।૧૨।।
શ્રીસાઇ સત્યચરિત્ર અ.૩

**અર્થ –**

ત્યારે જો ગાયે લાડકોડથી । ચરિત્ર સ્તુતિ મારાં પ્રેમથી ।
આગળ પાછળ હું તેની । ચારે બાજુએ ઊભો છું ।।૧૨।। અ. ૩

## કાવ્ય–અલંકાર

હવે હેમાડપંતે શ્રી સાઇ સત્ય ચરિત્રમાં કયા કયા અલંકારો વાપર્યા છે, તે આપણે જોઇએ. લગભગ તમામ અલંકારોનો ઉપયોગ આ ગ્રંથ લખતી વખતે ઓવીઓમાં કરવામાં આવ્યો છે.

જેમ કે, (૧) સ્વભાવોકિત (૨) ઉપમા (૩) દૃષ્ટાંત (૪) રૂપક (૫) વિરોધાભાસ (૬) ઉત્પ્રેક્ષા (૭) અતિશયોક્તિ (૮) વ્યતિરેક (૯) અન્યોક્તિ વગેરે.

૧. **સ્વભાવોક્તિ –** કોઇ એકાદા પ્રસંગનું આબેહુબ વર્ણન કે સુંદર શબ્દચિત્ર તૈયાર કરવું. જેથી વાંચતાની સાથે આખું ચિત્ર આંખ સામે ઊભું થઇ જાય. જેમાં વર્ણનાત્મક શક્તિનો પૂર્ણ પરચો મળે છે. આમ જોવા જતાં

આખો શ્રી સાઇ ચરિત્ર ગ્રંથ વર્ણનાત્મક કથાઓથી જ ભરેલો છે. અને તે બાબતમાં હેમાડપંતે પોતાની નિપુણતા સરસ દાખવી છે.

૨. **ઉપમા –** બે વસ્તુઓની સરખામણીનું સુંદર વર્ણન. જેને કારણે શબ્દચિત્રની શોભા વધે છે અને ભાવાર્થ સ્પષ્ટ થાય છે. સંસારની સાગર જોડે, અજ્ઞાનની જ્ઞાન જોડે અને અંધકારની પ્રકાશ જોડે સરખામણી કરી છે. જેમાં હેમાડપંતનું શ્રેષ્ઠ કવિત્વ જણાય છે અને એકથી એક ચઢિયાતી ઉપમાઓની રેલમછેલ થયેલી જણાય છે.

૩. **દષ્ટાંત –** ઉપમાની માફક જ બે વસ્તુઓમાંનું સરખાપણું બતાવવામાં આવે છે. પણ તેમાં સરખાપણું તાદશ્ય બતાવવા માટે 'જેવું' અને 'સરખું' સામ્યવાચક શબ્દોનો પ્રયોગ થતો નથી. હેમાડપંતે પોતાના વિચારો પ્રદર્શિત કરવા માટે આ અલંકારનો ખૂબજ ઉપયોગ કર્યો છે.

૪. **રૂપક –** બે વસ્તુઓની સામ્યતા બતાવે છે. પરંતુ જેને ઉપમા આપવામાં આવે છે તે વસ્તુને આચ્છાદિત કરી નાખે છે. હેમાડપંતે ઘણાં બધાં રૂપકો, ગુરુ, સંસાર, જ્ઞાન, ભક્તિ વગેરે જેવા આધ્યાત્મિક વિષયો પર ભાવવાચક શબ્દોનો ખૂબજ ઉપયોગ કર્યો છે.

૫. **વિરોધાભાસ –** બે વિરુદ્ધ ગુણોને એક સાથે બતાવવા માટે તેના ઉપયોગથી વર્ણનમાં રંગ આવે છે.

૬. **ઉત્પ્રેક્ષા –** કવિની કલ્પનાનો ભરાવો હોય છે અને તેને માટે 'જાણે કે' શબ્દનો પ્રયોગ વારેઘડીએ કરવામાં આવે છે. હેમાડપંતે તેનો પણ સારો એવો ઉપયોગ કર્યો છે.

૭. **અતિશયોક્તિ –** થોડું વ્યાજબી હોય એના કરતાં વધારી કે ફુલાવીને તે વસ્તુનું વર્ણન કરવું. કયારેય પ્રાસ બેસાડવા માટે તો કદી વિચાર કે વર્ણન શ્રોતાઓના મનમાં ઠસાવવા માટેનો ઉદ્દેશ હોય છે.

૮. **વ્યતિરેક –** એટલે કે એકાદ ગુણ દર્શાવવાની બાબતમાં જેની સાથે તુલના કરવામાં આવી છે, એના કરતાં પણ જેની તુલના કરવામાં આવી છે તે વસ્તુને શ્રેષ્ઠ બતાવવામાં આવે છે. જેમ કે હેમાડપંતે શ્રીસાઇ ચરિત્રના માધુર્યની તુલના અમૃત સાથે કરીને આ ચરિત્રનો 'જન્મ નિવારણ'નો વિશેષ ગુણ જાહેર કરીને તેને અમૃત કરતાં પણ વધારે શ્રેષ્ઠ દાખવ્યો છે.

૯. **અન્યોક્તિ –** બીજાને ઉદ્દેશીને બોલવું, અને પોતાનો મત વ્યકત કરવો. હેમાડપંતે સંસારમાં આસકત એવા જીવોને પિંજરાના પોપટનું દષ્ટાંત આપીને તે સુંદર અલંકારનો ફરી ઉપયોગ કરવા યોગ્ય લાગતા પુનરાવર્તન ટાળવા માટે આ 'અન્યોક્તિ'નો ઉપયોગ કર્યો છે. જુઓ, અ. ૧૭/૧૨૪, ૧૨૫, ૧૨૬ અને ૧૨૭.

## શબ્દ અલંકાર

કોઇ પણ કાવ્યમય લખાણમાં કાવ્ય અલંકાર અને રસપરિપોષ એ જ મહત્ત્વના હોય છે. તે ઉપરથી કવિના કવિત્વની કલ્પના આવે છે અને કાવ્ય વાંચનમાં મન આશ્ચર્યવત થઇ જાય છે. છતાં સાથે સાથે કવિના શબ્દ અલંકારોથી અને શબ્દોના યોગ્ય પ્રાસના પ્રયોગથી નાદ-માધુર્ય વધી જાય છે અને તેને ફરીફરી વાંચવાનું અને સાંભળવાનું મન થાય છે. હેમાડપંતનું શબ્દ કૌશલ્ય જોઇને મન આશ્ચર્યથી છક થઇ જાય છે. દા.ત. યમક, અનુપ્રાસ, શ્લેષ અલંકારો જેવા કે એક અથવા તો અનેક શબ્દોનો જુદી જુદી જગ્યાએ જુદી રીતે વાપરીને ભળતો જ અર્થ સમજાવવામાં કવિ હેમાડપંત જરા પણ પાછળ પડયા નથી.

પુરાણોનાં ઉદ્દાહરણો અને ઉપનિષદોની કથાઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે સાથે હેમાડપંતે

જ્યાં જરૂર પડી ત્યાં જ્ઞાનેશ્વરી, એકનાથી ભાગવત અને ગીતાનો ઉલ્લેખ પણ યોગ્ય રીતે કરેલો છે. જરૂર પડી ત્યાં બાબાની ગામઠી ઉર્દૂ ભાષાના સંવાદો અંગ્રેજી તથા હિંદી ભાષાના ઉતારા અને શબ્દો સદ્‌ઉપયોગ કરી ગ્રંથનું સૌંદર્ય વધાર્યું છે.

## રસ પરિતોષ

રસ બધા મળીને ૯ છે. જેવા કે, શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભૂત અને શાંત. ઉચ્ચ પ્રકારની કાવ્યરચનાઓમાં આમાંના ઘણા ખરા રસોનો જરૂર પડ્યે થતો ઉપયોગ વિવિધ રચનાઓમાં જોવા મળે છે. હેમાડપંતે પણ તેનો ઉપયોગ યોગ્ય રીતે આખા શ્રીસાઇચરિત્રમાં ઠેક ઠેકાણે કરેલો છે. શ્રી સાઇચરિત્ર તે મહાન સંત સાઇબાબા જેવાના ચરિત્રનો ઉલ્લેખ છે. કદાચ તેને કારણે જ તેમાં શૃંગાર, વીર અને ભયંકર જેવા રસોને ખાસ જગ્યા કે સ્થાન નથી, પણ હાસ્ય, રૌદ્ર, બીભત્સ, અદ્‌ભુત અને શાંત આ રસોનો અનેક ઠેકાણે ખાસ્સો વપરાશ જોવા મળે છે. જેમ કે શ્રી સાઇનું ચરિત્ર અનેક ચમત્કારોથી ભરેલું હોવાને લઇને તેમાં સ્વાભાવિક રીતે અદ્‌ભૂત રસ આવી જાય છે. વિનોદ, મજાક, મશ્કરી વગેરે માટે તો બાબા અગર જેવા હતા માટે આ રસનો ગ્રંથમાં મોટે ભાગે ઉપયોગ થયો છે. શ્રી બાબાનો ક્રોધ દર્શાવવા માટે રૌદ્રરસનો સારો એવો મોકો હેમાડપંતને મળ્યો છે. ભક્તિરસથી સભર એવા એ સમૃદ્ધ ગ્રંથમાં શાંત રસનો તો તોટો જ નથી. મહારાજ પોતે દયાના સાગર અને કરુણાના મૂર્તિમંત દેવ હતા. માટે કરુણ રસ તો આ ચરિત્રમાં જ્યાં ત્યાં વિખરાયેલો દેખાય છે. આ ગ્રંથમાં અણગમો, અરુચિ, સૂગ, ચીતરી, ધૃણા, તિરસ્કાર, નફરત વગેરે ઉપજાવે એવાં દશ્યો, પ્રસંગો અનેકવાર જોવા મળે છે. હેમાડપંતે આ અંગેની કુશળતાં દર્શન અનેક વખતે કરાવ્યા છે. દા.ત. અમિર શક્કરને બાબાએ ચાવડીમાં નવ મહિના રાખેલા ત્યાંની ગંદકી અને હાલત અને સ્થિતિનું વર્ણન, વિષય વાસના માટેની સાધારણ જનની તાલાવેલી, નિંદા અને નિંદકોનાં ઉદાહરણો વગેરે. એકંદરે જોવા જતાં આ ચરિત્રમાં દરેક રસનો સમાવેશ હેમાડપંતે પોતાના કવિત્વમાં ખૂબ જ ડહાપણપૂર્વક કરેલો છે અને યોગ્ય પ્રસંગોને ઉપસાવીને તાદશ્ય વર્ણન શૈલીમાં વાચકોનાં મન જીતી લીધાં છે.

## સારાંશ

આમ હેમાડપંતનો આ ગ્રંથ સર્વાંગ સુંદર રીતે પૂરો થયેલો છે. તેઓ અધ્યાય ૩૭માં લખે છે કે તેમને કવિતા કરતાં આવડતી ન હતી.

**'કાવ્ય પદબંધ વ્યુત્પત્તિ । ન જાણું પામર હું મંદમતિ ।**
**કલમ મ્હારી પોતે હાથે ધરી । લખાવે સાઇ તે હું લખું ॥૧૧૧॥'**

અ. ૩૭

આ ભલે હેમાડપંતના વિનયપૂર્વકના શબ્દો હોય પણ અમુક વખતે તે સાચા લાગવા માંડે છે. હેમાડપંત ખૂબ વિદ્વાન હતા. વેદાંતો ઉપર તેમનું પ્રભુત્વ હતું. સંતોનાં સાહિત્ય અને ભાષાકીય સંપત્તિનો ગાઢ અભ્યાસ હતો. તે બધું જ હોવા છતાં વ્યવસાયે મુલ્કી સરકારી ખાતામાં કર્તવ્યપાલન કરનારા અધિકારી હતા, અને આખી જીંદગીની નોકરીને અંતે તેઓ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ બન્યા હતા. આવું તદ્દન રુક્ષ અને જુદા જ પ્રકારનું કામ અને વ્યવહારિક કામો વર્ષોનાં વર્ષો કર્યા પછી કાવ્ય રચનાની નિપુણતા તેમનામાં ક્યાંથી હોય ? મારા મત અનુસાર તેમણે આવાં કાર્યો જેવાં કે ઓવી કે કવિતાની રચના વગેરે પહેલા કયારે પણ કર્યાં ન હતા. તેમ એમના ચિંરજીવ સ્વ. ડૉ. ગજાનનરાવે પણ મને તે જ પ્રમાણે જણાવ્યું

હતું. તેમજ ખુદ હેમાડપંતે પણ અધ્યાય બીજાના તેરમા શતકમાં 'બહુગુણી સર્વલક્ષણી' હેમાદ્રિપંતનું વર્ણન કરતાં કહ્યું છે કે –

**'લેખન કલ્પતરું ગ્રંથ તેમનો । ભંડાર વિવિધ ચિત્રકળાનો ।**
**હું તો બાળક છું સાઇનું । ઓવી રચના પણ ના જાણું ।।૧૮૦।।'**

પછી આવું ઉત્તમ, ૯૦૦૦ થી વધારે ઓવીઓ સાથેનું આ રસથી સભર કાવ્ય જેમાં અલંકારો, પ્રાસો અને રસોનું ભરપૂર એવું મિલન હેમાડપંતના હાથે કેવી રીતે રચાયું હશે ? જેનો મર્મ એમના પોતાના જ વિષે લખેલા શબ્દો '**હું આવો બાબાનો બાળક**'માં છે. ગુરુકૃપા વીના આવો અસામાન્ય પ્રાસાદિક ગ્રંથ લખવો ક્યારેય શક્ય નથી.

**મશકે શું મેરુ ઉંચકાય । ટીંટોડીથી શું સાગર સુવાકય ।**
**પણ જો પાછળ હોય સદ્‌ગુરુ । અદ્‌ભુત કરણી સર્જાય ।।૭૭।। અ. ૩૭**

તે કંઇ પણ હોય પરંતુ શ્રી સાઇ સત્યચરિત્રની જેવી આધ્યાત્મિક શ્રેષ્ઠતા છે તેવી જ કાવ્યાત્મક શ્રેષ્ઠતા પણ છે. તેનું વર્ણન કરવું શકય નથી. આવો ગ્રંથ અને તેનો રચિયતા મળવો તે આપણું ખરેખર સદ્‌ભાગ્ય જ ગણાય.

**કોણ વર્ણવી શકે શ્રીસાઇ સત્ય ચરિત્ર । કેવી અનુપમ ગ્રંથ યોગ્યતા ।**
**મળીયા કર્તા હેમાડપંત સમ । પરમ સૌભાગ્યતા એ મુમુક્ષોની ।।૧૫૬।।**
**છે જ્યાં લગી ગ્રંથ મહીતળે । ત્યાં લગી કીર્તિ ભૂમંડળે ।**
**કરી દિવાળી ગોવિંદરાવે । સવેળા મુમુક્ષુને કાજે ।।૧૫૭।। અ. ૫૩**

❀ ❀ ❀